



દૈનિક મુંબઈ સમાચાર

MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 August 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 203 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ભાદ્રપદ સુદ- ૪ ■ મુંબઈ

બુધવાર, ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ





# વિઘ્નહર્તાના આગમને ટ્રમ્પ-ટૅરિફ વિઘ્નકર્તા

## ભારત પર અમેરિકાએ આજથી પચાસ ટકા ઈમ્પોર્ટ ડ્યૂટી લાદીઃ સેન્સેક્સમાં ૮૪૯ પૉઈન્ટનો કડાકો

વૉશિંગ્ટનઃ ભારતીય ઉત્પાદનોની આયાત પર વધારાનો પચીસ ટકા એટલે કે કુલ પચાસ ટકા ટૅરિફ લાદવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અગાઉ કરેલી જાહેરાતને અમલી બનાવતો આદેશ ધરાવતી નૉટિસ અમેરિકાએ જાહેર કરી છે જે ૨૭ ઑગસ્ટ એટલે કે આજથી અમલી બનશે.

ડિપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યોરિટી દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલા આ આદેશમાં જણાવ્યાનુસાર મંગળવાર અને બુધવાર વચ્ચેની મધરાતે ૧૨:૦૧ વાગ્યા બાદ અમેરિકામાં વપરાશ માટે લેવામાં આવનારાં કે ગોદામમાંથી વપરાશ માટે બહાર કાઢવામાં આવનારાં ભારતીય ઉત્પાદનો પર વધારાનો પચીસ ટકા ટૅરિફ લાગુ પડશે.

ભારતથી આયાત કરવામાં આવતા માલસામાન પર વધુ પચીસ ટકા ટૅરિફ વધારવાની અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે સાત ઑગસ્ટે જાહેરાત કરી હતી.

જોકે આ મામલે વાટાઘાટ કરવા માટે ટ્રમ્પે ભારતને ૨૧ દિવસનો સમય આપ્યો હતો.

અગાઉ જુલાઈના અંતમાં ટ્રમ્પે સાત ઑગસ્ટથી અમલી બને તે રીતે ભારતીય ઉત્પાદનોની આયાત પર પચીસ ટકા ટૅરિફ લાગુ કરવાની જાહેરાત કરી હતી.

૨૭ ઑગસ્ટે મધરાતના ૧૨:૦૧ વાગ્યા અગાઉ શિપ પર લૉડ કરી દેવામાં આવેલા તેમ જ અમેરિકા માટે રવાના કરી દેવામાં આવેલા ઉત્પાદનોને નવા ટૅરિફમાંથી બાકાત રાખવામાં આવશે.

વાઈટ હાઉસના પ્રેસ સચિવ કૅરોલિન લૅવિટે અગાઉ આ મહિને જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ કરાવવા ટ્રમ્પે ભારત પર પ્રતિબંધ મૂક્યો હતો.

અમેરિકાનાં નાણાં પ્રધાન સ્કૉટ બૅસન્ટે ભારત પર રશિયાનું તેલ વેચીને નફો કરવાનો આક્ષેપ કર્યો હતો.

અમેરિકા લાદવામાં આવેલા ટૅરિફને ભારતે અન્યાયી અને અયોગ્ય લેખાવ્યો હતો અને જણાવ્યું હતું કે રાષ્ટ્રીય હિત તેમ જ આર્થિક સુરક્ષા સાથે ભારત કોઈ પણ પ્રકારનું સમાધાન નહીં કરે અને તેનાં રક્ષણ માટે જરૂરી તમામ પગલાં લેશે. (એજન્સી) ■

### ૪૮ અબજ ડૉલરની નિકાસને અસર

નવી દિલ્હીઃ ભારતીય ઉત્પાદનોની આયાત પર ૨૭ ઑગસ્ટથી વધારાનો પચીસ ટકા ટૅરિફ લાદવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અગાઉ કરેલી જાહેરાતને અમલી બનાવતા આદેશ અંગે અમેરિકાએ જાહેર કરેલી નૉટિસની ભારતની ૪૮ અબજ ડૉલરની નિકાસને અસર થશે.

અમેરિકા દ્વારા લાગુ કરવામાં આવનારાં ટૅરિફની સૌથી વધુ અસર ભારતના ટેક્સટાઈલ, કપડાં, જૅમ્સ ઍન્ડ જ્વેલરી, લેધર, ફૂટવૅર, પશુ ઉત્પાદનો, કેમિકલ, ઈલેક્ટ્રિકલ અને મૅકેનિકલ મશીનરી વગેરે ઉદ્યોગ પર થશે. (એજન્સી) ■

## મોદીએ હાંસલપુરમાં ઇલેક્ટ્રિક વાહનના પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મારુતિ સુઝુકીના ઇલેક્ટ્રિક વ્હિકલયુનિટનું ઉદ્ઘાટન કર્યું હતું.તેમણે આ પ્રસંગને ભારતના મેક ઇન ઇન્ડિયા મિશનમાં એક નવા અધ્યાયની શરૂઆત ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું કે હવે ભારત ફક્ત પોતાના માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે ઉત્પાદન કરવા તરફ આગળ વધી રહ્યું છે. વડા પ્રધાન મોદીએ ભારપૂર્વક કહ્યું કે ભારત સેમી કંડક્ટરના ક્ષેત્રમાં પણ પ્રગતિ કરી રહ્યું છે અને તેને વધુ વેગ આપવાની જરૂર છે. આ પ્રસંગે, પીએમ મોદીએ આગામી સપ્તાહે પોતાની જાપાન યાત્રાની પણ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ગણેશ ઉત્સવના આ ઉલ્લાસભર્યા વાતાવરણમાં ભારત-જાપાનની મિત્રતાને એક નવી દિશા મળી છે. તેમણે મારુતિની સફરને ''ટીન એજ'' સાથે સરખાવીઅને કહ્યું કે જે રીતે કિશોરાવસ્થામાં યુવાનો સપનાની ઉડાન ભરે છે, તે જ રીતે હવે મારુતિ સુઝુકી ઇવીના ક્ષેત્રમાં નવા આયામો સર કરવા જઈ રહી છે. પીએમ મોદીએ ભૂતકાળની યાદો વાગોળતા કહ્યું કે, વર્ષ ૨૦૧૨માં જ્યારે તેઓ ગુજરાતના મુખ્ય પ્રધાન હતા, ત્યારે આ પ્રોજેક્ટ માટે જમીન ફાળવવામાં આવી હતી. તેમનું વિઝનઆત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાને મજબૂત કરવાનું હતું, જે આજે સાકાર થતું જોવા મળે છે. તેમણે કહ્યું કે ભારત પાસે લોકશાહીની શક્તિ અને પ્રતિભાનો વિશાળ ભંડાર છે, જે દરેક દેશ માટે ''વિન-વિન'' સ્થિતિનું નિર્માણ કરે છે.

વડા પ્રધાને ઉમેર્યું કે સુઝુકી દ્વારા નિર્મિત વાહનો પહેલેથી જ જાપાનમાં નિકાસ થઈ રહ્યા છે અને હવે ઈવી નિકાસની પણ શરૂઆત થઈ ચૂકી છે. તેમણે ગર્વ સાથે જણાવ્યું કે મારુતિ સુઝુકી છેલ્લા ચાર વર્ષથી ભારતની સૌથી મોટી નિકાસકાર રહી છે અને હવે વિદેશોમાં ચાલનારી ડઝનબંધ નવી ઈવી કાર પર 'મેક ઇન ઇન્ડિયા'લખેલું હશે. પીએમ મોદીએ મારુતિ સુઝુકીને મેક ઇન ઇન્ડિયાની બ્રાન્ડ એમ્બેસેડર ગણાવી હતી. તેમણે કહ્યું કે આ કંપનીએ માત્ર ભારતીય બજારમાં જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ ભારતની ઓળખને મજબૂત બનાવી છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું, અમે અહીં અટકવાના નથી, સેમી કંડક્ટરના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છીએ અને તેને વધુ વેગ આપવાનો છે. ■

## માતા વૈષ્ણોદેવી યાત્રા અટકાવાઈ

### ભેખડો ધસી પડતાં ૧૨નાં મોત, ૧૪ ઘાયલ

જમ્મુઃ અવિરત પડી રહેલા ભારે વરસાદને લીધે ત્રિકુટા ટેકરી પર રહેલા માતા વૈષ્ણોદેવી તીર્થધામ જવાના રૂટ પર ભેખડો ધસી પડતાં ઓછામાં ઓછા ૧૨ જણનાં મોત થયાં હતાં અને બીજા ૧૪ જણને ઈજા થઈ હતી, એવી

(જુઓ પાનું ૨) ▸▸

### મુંબઈ સમાચાર

મુંબઇ સમાચારની ઑફિસ ગણેશચતુર્થી નિમિત્તે તા. ૨૭-૮-૨૦૨૫, બુધવારે બંધ રહેવાની હોવાથી તા. ૨૮-૮-૨૦૨૫, ગુરુવારનો અંક પ્રસિદ્ધ નહીં થાય. તેની વાચકો અને અન્ય લોકોએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

## નૌકાદળમાં બે યુદ્ધ જહાજનો સમાવેશ કરાયો

### અત્યંત આધુનિક સ્વદેશી વિનાશિકા આઈએનએસ ઉદયગિરિ અને હિમગિરિનો નૌકાદળમાં સમાવેશ

વિશાખાપટ્ટનમઃ ભારતીય નૌકાદળમાં ૨૬ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ બે અત્યંત આધુનિક સ્વદેશી યુદ્ધ જહાજ આઇએનએસ ઉદયગિરિ અને હિમગિરિને સામેલ કરવામાં આવ્યા હતા.

નૌકાદળના આ પગલાને જોતા એવું લાગે છે કે સંરક્ષણ ક્ષેત્રમાં મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલ સફળ થઈ રહી છે.

આ પહેલી વાર છે જ્યારે બે પ્રતિષ્ઠિત ભારતીય શિપયાર્ડના બે મોટા યુદ્ધજહાજો વિશાખાપટ્ટનમમાં એક જ સમયે કાર્યરત થયા હતા.

પ્રોજેક્ટ ૧૭એ સ્ટીલ્થ ફ્રિગેટ્સનું બીજું જહાજ ઉદયગિરિ, મુંબઈમાં મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (એમડીએલ) દ્વારા બનાવવામાં આવ્યું છે.

હિમગિરિ કોલકાતાના ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ


(જુઓ પાનું ૨) ▸▸

### નેવી આર્થિક સુરક્ષા પણ પૂરી પાડે છેઃ રાજનાથ સિંહ

વિશાખાપટ્ટનમ : નૌકાદળની ભૂમિકા માત્ર સમુદ્રના રક્ષણ સુધી મર્યાદિત નથી, પરંતુ તે આર્થિક સુરક્ષાનો એક મુખ્ય આધારસ્તંભ પણ છે કારણ કે તેલ, કુદરતી ગેસ જેવી ભારતીય ઊર્જા જરૂરિયાતો મોટાભાગે પ્રદેશની સુરક્ષા પર આધાર રાખે છે, એમ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે જણાવ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલા અંગે, જેમાં ભારતીય પ્રવાસીઓ માર્યા ગયા હતા, સંરક્ષણ પ્રધાને કહ્યું કે દેશે 'ઓપરેશન સિંદૂર' દ્વારા અસરકારક અને સચોટ પ્રતિક્રિયા આપી હતી, જે પાકિસ્તાનમાં આતંકવાદી આશ્રયસ્થાનોને

(જુઓ પાનું ૨) ▸▸

07 DAYS

Explore BAKU (AZERBAIJAN)

| DEP DATES | 17th OCT | 24th OCT | 24th DEC | 18th JAN | 20th MAR |
|---|---|---|---|---|---|

PACKAGE INCLUSIONS

- Ateshgah, Qobustan, Flame Tower, Baku Eye, Little Venice, Mud Volcano, Crystal Hall, Funicular Ride, Coaster Ride અને Vintage Car Museum નો અદભુત અનુભવ.
- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
- વીઝા અને એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.



SHAH HOLIDAYS

203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.

07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

sales@shahholidays.com www.shahholidays.com

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા સાથે ચર્ચા ચાલુ હોય તો ડેલિગેશન કેમ ના આવ્યું?

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે લાદેલા કમરતોડ ટૅરિફની કોઈ અસર ભારત પર નહીં થાય એવા સરકારી દાવા વચ્ચે પહેલી અસર વર્તાઈ છે અને ભારતે અમેરિકા સાથેની ટપાલ સેવા બંધ કરવી પડી છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ૩૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ એક ફતવો બહાર પાડીને અમેરિકામાં પોસ્ટલ સર્વિસ દ્વારા મોકલવામાં આવતા માલસામાન પરની કસ્ટમ ડ્યુટી નાબૂદ કરવાનું એલાન કરેલું.

પહેલાં પોસ્ટલ સર્વિસ દ્વારા અમેરિકા મોકલાતા ૮૦૦ ડૉલર એટલે કે લગભગ ૭૦ હજાર રૂપિયા સુધીના માલ પર કોઈ ટૅરિફ નહોતો લાગતો પણ ટ્રમ્પના નવા ફતવા પ્રમાણે, ૨૯ ઑગસ્ટથી ફક્ત ૧૦૦ ડૉલર એટલે કે લગભગ રૂપિયા ૮૭૦૦ સુધીના માલ-સામાનને જ ટૅરિફમાંથી મુક્તિ મળશે જ્યારે બાકીના માલ-સામાન પર ૫૦ ટકા ટૅરિફ લાગુ પડશે. ટ્રમ્પના ફતવાના કારણે ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫થી કાગળ અને દસ્તાવેજો સહિતની તમામ પ્રકારની પોસ્ટલ વસ્તુઓનું બુકિંગ બંધ કરી દેવાયું છે.

પોસ્ટલ સર્વિસ મારફતે સામાન્ય રીતે પત્રો, દસ્તાવેજો, ગિફ્ટ આર્ટિકલ વગેરે મોકલાતા હોય છે. તહેવારો વખતે મીઠાઈનાં બોક્સ, ગિફ્ટ વગેરે પોસ્ટલ સર્વિસ મારફતે મોકલીને અમેરિકામાં રહેતાં સ્વજનો કે મિત્રોને શુભેચ્છા પાઠવી શકાતી હતી. ગુજરાતીઓ તો અથાણાં, ખાખરા સહિતના નાસ્તા પોસ્ટ સર્વિસ મારફતે મોકલતા અને તેનો સારો એવો વ્યાપાર થતો હતો પણ હવે એ બધું નહીં મોકલી શકાય. મહત્તમ ૧૦૦ ડૉલરની વસ્તુ મોકલી શકાય ને તેના પર પણ સામાન્ય પોસ્ટલ ચાર્જ તો લાગવાનો તેથી ઘાટ કરતાં ઘડામણ વધી જાય એવું થઈ ગયું. આ કારણે હવે એકદમ જરૂરી કાગળો કે દસ્તાવેજો સિવાયનું બીજું કશું મોકલી નહીં શકાય.

ભારતની સાથે સાથે ઘણા યુરોપિયન દેશોએ પણ અમેરિકા સાથેની ટપાલ સેવાઓ સ્થગિત કરી દીધી છે. ઇટાલી, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, ઑસ્ટ્રિયા સહિતના ઘણા દેશોએ ટપાલ સેવા સ્થગિત કરી કેમ કે ડોનલ્ડ ટ્રમ્પના નવા ટૅરિફ નિયમો હેઠળ યુરોપથી પોસ્ટલ સર્વિસ મારફતે આવતી ચીજો પર પણ ટૅરિફ લાદી દેવાઈ છે. ટ્રમ્પે એલાન તો કરી દીધું પણ નવા નિયમો અંગે સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી તેથી યુરોપિયન યુનિયનના પોસ્ટલ સંગઠન પોસ્ટ યુરોપ અને અન્ય પોસ્ટલ વિભાગોએ પોસ્ટ દ્વારા સામાન મોકલવાની સેવાઓ હાલ પૂરતી બંધ કરી છે.

જો કે યુરોપથી જતી ચીજો પર ૧૦ ટકા ટેરિફ છે અને ટ્રમ્પ ગુલાંટ લગાવીને ગમે ત્યારે એ ફતવો પાછો પણ ખેંચી શકે છે તેથી યુરોપ અને અમેરિકાની પોસ્ટલ સેવા પાછી ચાલુ થવાની પૂરી શક્યતા છે પણ ભારત પર ૫૦ ટકા ટૅરિફ છે. આ ટૅરિફનું કોકડું ઉકેલાય નહીં ત્યાં લગી પોસ્ટલ સેવાનું કોકડું પણ નહીં ઉકેલાય એટલે નજીકના ભવિષ્યમાં પોસ્ટલ સેવા ફરી શરૂ થાય એવી આશા રાખવા જેવી નથી. અમેરિકામાં ટેરિફ લાગુ કરવાની અને વસૂલવાની પ્રક્રિયા સ્પષ્ટ નથી તેથી એ સ્પષ્ટતા થાય પછી જ બધું સામાન્ય થાય પણ ટ્રમ્પનો ચડેલો તોબરો જોતાં હમણાં કશું સામાન્ય થાય એવી શક્યતા નથી.

કમનસીબી એ છે કે, અમેરિકા આપણી મેથી માર્યા કરે છે ત્યારે આપણી સરકાર હજુય ઓલ ઈઝ વેલની ઘટંડી વગાડ્યા કરે છે. વધારે આઘાતજનત વાત એ કહેવાય કે, સરકાર લોકોને ઉલ્લુ બનાવવા માટે જૂઠાણાં પણ ચલાવી રહી છે. આપણા વિદેશ મંત્રી એસ. જયશંકરે હમણાં જ ડંફાસ મારી છે કે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો સાવ સામાન્ય છે અને બંને વચ્ચે કોઈ ઝઘડો નથી.

જયશંકરે એવો દાવો પણ કર્યો કે, ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર અંગે હજુ પણ વાતચીત ચાલી રહી છે. વાસ્તવમાં ટ્રમ્પે ભારત પર વધારાનો ૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી ત્યારે જ કહી દીધેલું કે, હવે ભારત સાથે ટ્રેડ ડીલ કરવા માટે કોઈ ચર્ચા કરવામાં નહીં આવે. અમેરિકાનું ટ્રેડ ડેલીગેશન ૨૫ ઑગસ્ટે ભારત આવવાનું હતું, પણ અમેરિકાએ આ મુલાકાત રદ કરી દીધી છે. આ ટ્રેડ ડેલીગેશન ૨૯ ઑગસ્ટ સુધી એટલે કે ૫ દિવસ ભારતમાં રહેવાનું હતું, પણ ટ્રમ્પનું ફટક્યું તેમાં આખો કાર્યક્રમ અભરાઈ પર ચડી ગયો છતાં જયશંકર એવી વાતો કર્યા કરે છે કે, અમેરિકા સાથે વ્યાપાર અંગે ચર્ચા ચાલુ છે.

મોદી સરકારના જ વ્યાપાર મંત્રી પીયૂષ ગોયલે જયશંકરના જૂઠાણાના એક દિવસ પહેલાં જ કહેલું કે, ભારતે અમેરિકાનો વ્યાપાર અંગે ચર્ચા કરવા સંપર્ક કર્યો છે અને ભારત-અમેરિકા વચ્ચેના વ્યાપારને લગતા મુદ્દાઓનો બહુ સાવચેતીપૂર્વક ઉકેલ લાવવાના પ્રયત્ન થઈ રહ્યા છે. ગોયલે ક્યાંય એવું નહોતું કહ્યું કે, અમેરિકા સાથે ચર્ચા ચાલુ છે જ્યારે જયશંકર છડેચોક જૂઠું બોલી રહ્યા છે.

જયશંકર સહિતના મંત્રીઓ બીજી પણ એક રેકર્ડ વગાડ્યા કરે છે કે, ભારત પોતાના ખેડૂતો અને દૂધ ઉત્પાદકોના હિતોના ભોગે કશું નહીં કરે. અમેરિકા ભારતનું બજાર પોતાનાં કૃષિ ઉત્પાદનો અને ડરી પ્રોડક્ટ્સ માટે ખોલી દેવાય અને આ ઉત્પાદનો પર કોઈ ટૅરિફ ના લાગે અથવા બહુ સામાન્ય ટેરિફ લાગે એવું ઈચ્છે છે પણ ભારત તેના માટે તૈયાર નથી.

અમેરિકાનાં કૃષિ ઉત્પાદનો અને ડેરી પ્રોડક્ટ્સ માટે ભારતનું બજાર ખોલી દેવાય તો ભારતના પશુપાલકો અને ખેડૂતોએ રાતા પાણીએ રોવું પડે તેથી આ મુદ્દે કોઈ સમાધાન ના થઈ શકે. મોદી સરકાર પશુપાલકો અને ખેડૂતોનાં હિતોના મુદ્દે કોઈ બાંધછોડ કરવા તૈયાર નથી એ સારું કહેવાય. મોદી સરકારના આ મક્કમ વલણની ચોક્કસ સરાહના કરવી જોઈએ પણ પશુપાલકો અને ખેડૂતો સિવાયનાં બીજાં લોકોનાં હિતોનું શું ?

ભારતથી અમેરિકા મોકલવામાં આવતા માલ પર ૭ ઑગસ્ટથી ૨૫ ટકા ટૅરિફ લાદવામાં આવ્યો તેના કારણે હજાર નિકાસકારોને અસર થઈ છે. ૨૭ ઑગસ્ટથી વધારાનો ૨૫ ટકા ટૅરિફ લાદવામાં આવશે તેથી બીજા હજારો નિકાસકારોને અસર થશે. પહેલાં ભારતીય માલ પર લગભગ દસ ટકા ટૅરિફ લાગતો હતો પણ નવા ટૅરિફને કારણે અમેરિકન બજારમાં ભારતીય માલ મોંઘો થશે તેથી ભારતીય માલને કોઈ હાથ પણ નહીં લગાડે.

ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI)ના કહેવા પ્રમાણે, ટ્રમ્પના ટૅરિફને કારણે યુએસમાં ભારતની નિકાસ ૫૦ ટકા સુધી ઘટી શકે છે. આ ઘટેલી નિકાસના કારણે જેમને ફટકો પડવાનો છે તેમનાં હિતો વિશે પણ સરકારે વિચારવું જોઈએ કે નહીં ? આ નિકાસને બીજા ક્યા દેશો તરફ વાળી શકાય એ વિશે મોદી સરકારના મંત્રીઓ કશું બોલતા નથી કેમ કે તેમની પાસે કોઈ આયોજન નથી તેથી ચર્ચા ચાલુ છે એવાં ઉઠાં ભણાવવાં પડે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, બુધવાર, તા. ૨૭-૮-૨૦૨૫, શ્રી ગણેશચતુર્થી, ગણેશોત્સવ

- ભારતીય દ્દિનાંક ૫, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૪થો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા
- ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૧૯-૨૦ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ધ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૧૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૦ (તા. ૨૮)
- ઓટઃ સવારે ક. ૦૭-૫૮, રાત્રે ક. ૨૦-૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ચતુર્થી. શ્રી ગણેશચતુર્થી ચંદ્રાસ્ત રાત્રે ક. ૨૧-૨૫. વરદચતુર્થી, સરસ્વતી પૂજન (ઓરિસ્સા), સૌભાગ્ય ચતુર્થી (બંગાલ), સંવત્સરી - ચતુર્થી પક્ષ (જૈન), ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૫-૪૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ બિલીનું વૃક્ષ વાવવું, બુધ-મંગળ ગ્રહદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, હજામત, નવા વસ્રો આભૂષણ, મહેંદી લગાવી. નવા વાસણ, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન વેપાર, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય અર્ધચતુષ્કોણ આરોગ્ય માટે બેપરવાહ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય અર્ધચતુષ્કોણ, ચંદ્ર-ચિત્રા યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# દિલ્હીના આરોગ્ય 'કૌભાંડ'માં 'આપ'ના નેતાને ત્યાં ઈડીના દરોડા

નવી દિલ્હી : દિલ્હીમાં અગાઉની આપ સરકાર દરમિયાન આરોગ્ય માળખાગત પ્રોજેક્ટ્સમાં થયેલા કથિત નાણાં કૌભાંડની તપાસના ભાગ રૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે ભૂતપૂર્વ પ્રધાન સૌરભ ભારદ્વાજ અને કેટલાક અન્ય ખાનગી ખેલાડીઓ પર દરોડા પાડ્યા હતા, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ભારદ્વાજ અને અન્ય લોકો સામે કેસ નોંધાયા બાદ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૧૩ સ્થળોએ તપાસ કરવામાં આવી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું.

આમાં દક્ષિણ દિલ્હીમાં ભારદ્વાજનું ઘર અને કેજી માર્ગ અને પશ્ચિમ પટેલ નગર પર સ્થિત કેટલાક ખાનગી કોન્ટ્રાક્ટરો અને કોમર્શિયલ રિયલ એસ્ટેટ ડેવલપર્સનાં રહેઠાણો અને ઓફિસોનો સમાવેશ થાય છે.

આપના દિલ્હી એકમના વડા અને રાષ્ટ્રીય પ્રવક્તા ભારદ્વાજ (૪૫) સામે ઇડીની તપાસ ૨૬ જૂને દિલ્હીની ભ્રષ્ટાચાર વિરોધી શાખા (એસીબી) દ્વારા નોંધાયેલી એફઆઈઆર પરથી શરૂ થઈ છે.

એસીબીએ અગાઉની આપ સરકાર દ્વારા ઘડવામાં આવેલા આરોગ્ય માળખાગત પ્રોજેક્ટ્સમાં કથિત ભ્રષ્ટાચાર માટે ભારદ્વાજ, તેમના પક્ષના સાથીદાર અને ભૂતપૂર્વ આરોગ્ય પ્રધાન સત્યેન્દ્ર જૈન, ખાનગી કોન્ટ્રાક્ટરો અને અજાણ્યા સરકારી અધિકારીઓ સામે ગુનો નોંધ્યો હતો.

ગયા વર્ષે ઓગસ્ટમાં દિલ્હી ભાજપે આપના નેતૃત્વ હેઠળની દિલ્હી સરકાર હેઠળ વિવિધ આરોગ્ય માળખાગત પ્રોજેક્ટ્સમાં ''ગંભીર'' અનિયમિતતાઓ અને ''શંકાસ્પદ'' ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યા બાદ એસીબીની ફરિયાદ આવી હતી.

ફરિયાદમાં ''પ્રોજેક્ટ બજેટમાં વ્યવસ્થિત હેરફેર, જાહેર ભંડોળનો દુરૂપયોગ અને ખાનગી કોન્ટ્રાક્ટરો સાથે મિલીભગત'' હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે ૨૦૧૮-૧૯ દરમિયાન, ૫,૫૯૦ કરોડ રૂપિયાના ૨૪ હોસ્પિટલ પ્રોજેક્ટ્સ - ૧૧ ગ્રીનફિલ્ડ અને ૧૩ બ્રાઉનફિલ્ડ - મંજૂર કરવામાં આવ્યા હતા. જોકે, આ પ્રોજેક્ટ્સ મોટાભાગે અધૂરા રહ્યા, જેમાં ''નોંધપાત્ર'' અને ''અસ્પષ્ટ'' ખર્ચમાં વધારો થયો.

૧,૧૨૫ કરોડ રૂપિયાનો આઈસીયુ હોસ્પિટલ પ્રોજેક્ટ, જેમાં કુલ ૬,૮૦૦ પથારીવાળી સાત પ્રી-એન્જિનિયર્ડ સુવિધાઓનો સમાવેશ થાય છે, તે લગભગ ત્રણ વર્ષ પછી અને ૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચ પછી માત્ર ૫૦ ટકા પૂર્ણ થયો છે, તેમ એસીબીના અધિકારીઓએ જૂનમાં જણાવ્યું હતું.

માદીપુર હોસ્પિટલ પ્રોજેક્ટ નવેમ્બર ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થવાનો હતો, પરંતુ તે ત્યજી દેવામાં આવ્યો છે અને પૂર્ણ થવાથી દૂર છે, એમ એસીબીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

એસીબીના જણાવ્યા મુજબ, સાત આઈસીયુ હોસ્પિટલોના ખર્ચમાં ૧૦૦ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે, અને બાંધકામ ફેબ્રુઆરી ૨૦૨૨ની સમયમર્યાદા પછી પણ અધૂરું રહ્યું છે.

એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે એલએનજેપી હોસ્પિટલના નવા બ્લોકનો પ્રોજેક્ટ ખર્ચ ચાર વર્ષમાં રૂ. ૪૮૮ કરોડથી વધીને રૂ. ૧૧૩૫ કરોડ થયો છે, અને માળખું જાન્યુઆરી ૨૦૨૩ ની સમયમર્યાદા પછી પણ અધૂરું રહ્યું છે.

પોલિક્લિનિક પ્રોજેક્ટમાં ભંડોળનો ''દુરુપયોગ'' પણ દર્શાવવામાં આવ્યો હતો. ૯૪ આયોજિત ક્લિનિક્સમાંથી માત્ર ૫૨ ક્લિનિક્સનું નિર્માણ થયું હતું અને ખર્ચ રૂ. ૧૬૮ કરોડથી વધીને રૂ. ૨૨૦ કરોડ થયો હતો. એસીબીએ આરોપ લગાવ્યો હતો કે આમાંના ઘણા પોલિક્લિનિક્સ બિનકાર્યક્ષમ રહ્યા છે.

૨૦૧૬-૧૭માં જાહેર જાહેરાત છતાં, આરોગ્ય વિભાગમાં નાણાકીય પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ સાધન - હેલ્થ ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમનો અમલ થયો નથી અને એનઆઈસી (ઈ-હોસ્પિટલ) તરફથી મફત, ખર્ચ-અસરકારક ઉકેલને કોઈ કારણ વગર ''ઇરાદાપૂર્વક'' નકારી કાઢવામાં આવ્યો હતો.

દિલ્હી ભાજપે જણાવ્યું હતું કે ભારદ્વાજ સામેના ઇડી દરોડાએ કેજરીવાલ સરકારના શાસનકાળમાં ''તબીબી કૌભાંડ'' નો પર્દાફાશ કર્યો છે.

ઇડીની કાર્યવાહી પર પ્રતિક્રિયા આપતા, આપે દાવો કર્યો હતો કે ભારદ્વાજ સામે દરોડા પાડવાનો પ્રયાસ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી અંગે ઉઠાવવામાં આવતા પ્રશ્નોથી ધ્યાન હટાવવાનો અને પક્ષના નેતા સામેનો કેસ ખોટો હતો.

ઇડી અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલી સામગ્રી પર આધારિત તપાસ કરવામાં આવી છે અને એફઆઈઆરમાં સમાવિષ્ટ આરોપો રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી સરકારના આરોગ્ય માળખાગત પ્રોજેક્ટ્સમાં મોટા પાયે ભ્રષ્ટાચાર, ગેરવાજબી ખર્ચમાં વધારો, અનધિકૃત બાંધકામો અને ભંડોળના દુરુપયોગ સંબંધિત છે. ■

પહેલા પાનાનું ચાલુ

### માતા વૈષ્ણોદેવી

માહિતી અધિકારીઓએ આપી હતી. જમ્મુ અને કાશ્મીરના રીયાસી જિલ્લા સ્થિત જાણીતા તીર્થધામની યાત્રા સ્થગિત કરવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે બપોરે ત્રણ વાગ્યે અધકવાડીના ઈન્દ્રપ્રસ્થ ભોજનાલયની નજીક ભૂસ્ખલન થયું હતું અને બચાવ કામગીરી ચાલુ છે. તીર્થધામ જવાના અંતિમ ૧૨ કિલોમીટર ટ્રેકના અડધા રસ્તે ભેખડો ધસી પડી હતી. સવારથી હિમકોટી ટ્રેક રૂટમાં યાત્રા સ્થગિત કરવામાં આવી છે, પરંતુ જૂના રૂટમાં બપોરના દોઢ વાગ્યા સુધી યાત્રા ચાલુ હતી. અધિકારીઓએ ત્યાર બાદ ભારે વરસાદને લીધે વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. ત્રણ દિવસથી સતત પડી રહેલા ધોધમાર વરસાદે જમ્મુના અનેક વિસ્તારોને ધમરોળી નાખ્યા છે. (એજન્સી) ■

### કાશ્મીરના ડોડામાં વાદળ ફાટ્યું

**સુરેશ એસ ડુગ્ગર**

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના ડોડામાં વાદળ ફાટવાથી અને વરસાદને લીધે સંપત્તિઓ વહી જતાં ચાર જણનું મરણ થયું હતું. અધિકારીઓએ મંગળવારે માહિતી આપી હતી કે ડોડા જિલ્લામાં મુશળધાર વરસાદ અને પ્રતિકૂળ મોસમને લીધે છેલ્લા ૨૪ કલાકમાં ઓછામાં ઓછા ચાર જણના જાન ગયા છે અને અનેક સંપત્તિને નુકસાન થયું છે. ખરાબ હવામાનને લીધે વૈષ્ણોદેવી યાત્રા કામચલાઉ અટકાવી દેવાઈ છે. એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે બે જણના મરણ તેમના ઘર તૂટી પડવાને કારણે થયા હતા. બીજા બેનાં મોત ઓચિંતા પૂર આવવાને લીધે થયાં હતાં. અનેક વિસ્તારમાં રહેણાક ઈમારતો અને બીજી સંપત્તિને જબરદસ્ત નુકસાન થયું છે. જિલ્લા પ્રશાસન હાઈ ઍલર્ટ પર છે તથા બચાવ અને રાહત કામગીરી જારી છે. અધિકારીઓએ રહેવાસીઓ અને ખાસ કરીને નીચાણવાળા વિસ્તારમાં રહેનારા લોકોને સાબદા રહેવા જણાવ્યું છે. વરસાદ પડવાનું હજી ચાલુ છે.

દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં બધી નદી અને જળાશયો ભયજનક સપાટી વટાવી ચૂક્યા છે. અધિકારીઓએ અનેક વિસ્તાર ખાલી કરાવીને લોકોને સુરક્ષિત જગ્યાએ આશરો આપ્યો છે. ઉધમપુરમાં તવી નદીની સપાટી ભયજનક સપાટીને આંબી જતાં અધિકારીઓએ ઍલર્ટ જાહેર કરી છે. નીચાણવાળા વિસ્તારોમાં ખતરો ઊભો થયો છે. મંગળવારે સવારે સવાનવ વાગ્યે ઉધમપુરમાં જળસ્તર ૨૪.૯૭૫ ફૂટનું હતું જે ૨૩.૪ની ભયજનક સપાટી કરતાં વધારે હતું.

અધિકારીઓએ મહિતી આપી હતી કે પરિસ્થિતિ ચિંતાજનક છે કારણ કે નદી અગાઉ જ ૨૦ ફૂટનું અંતર પાર કરી ચૂકી છે. ઍલર્ટ દેવાનું સ્તર ૧૫ ફૂટ છે. આ સપાટી ઝડપથી વધવાની સંભાવના છે. નદી ટૂંક સમયમાં બે કાંઠે વહેશે. કિનારામાં સંવેદનશીલ વિસ્તારોમાં પૂર આવે એવું જોખમ છે. જિલ્લા પ્રશાસન હાઈ ઍલર્ટ પર છે. બચાવ દળ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટુકડીઓને તૈયાર રખાઈ છે. નદીના કિનારાની નજીક રહેનારા લોકોને સલામત સ્થળે જવાની સલાહ આપવામાં આવી છે. કઠુઆ જિલ્લામાં ઉજ નદી ખતરાના નિશાનને વટાવી ચૂકી છે. પંજતીર્થમાં હાલનો ડિસ્ચાર્જ ૭૮,૭૫૦ છે, જયારે ખતરાનું સ્તર ૮૮,૦૦૦ ક્યૂશેક છે. ■

### નૌકાદળમાં

ઍન્ડ એન્જિનિયર્સ (જીઆરએસઈ) દ્વારા બનાવવામાં આવેલા પી ૧૭ એ જહાજોમાંનું પ્રથમ છે. ભારતીય નૌકાદળ માટે બીજી એક મોટી સિદ્ધિ એ છે કે ઉદયગિરિએ નેવલ વોરશિપ ડિઝાઇન બ્યુરો દ્વારા ડિઝાઈન કરાયેલ ૧૦૦મું જહાજ છે. આશરે ૬૭૦૦ ટનના વિસ્થાપન સાથે, આ ફ્રિગેટ્સ તેમના પુરોગામી શિવાલિક-ક્લાસ ફ્રિગેટ્સ કરતા લગભગ પાંચ ટકા મોટા છે, છતાં તેમનો આકાર વધુ સુવ્યવસ્થિત છે, અને રડાર ક્રોસ સેક્શન ઓછું છે. તેઓ સંયુક્ત ડીઝલ અથવા ગેસ પ્રોપલ્શન પ્લાન્ટ્સ દ્વારા સંચાલિત છે, જેમાં ડીઝલ એન્જિન અને ગેસ ટર્બાઈનનો ઉપયોગ કરીને કંટ્રોલેબલ-પિચ પ્રોપેલર્સ ચલાવે છે અને ઈન્ટિગ્રેટેડ પ્લેટફોર્મ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા સંચાલિત થાય છે. આના હથિયાર સ્યુટમાં સુપરસોનિક સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઇલો, મધ્યમ અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલો, એન્ટિ સબમરીન અને અંડરવોટર વેપન સિસ્ટમ સહિત અનેક હથિયારનો સમાવેશ થાય છે. ■

### નેવી આર્થિક

લક્ષ્ય બનાવતી સરહદ પાર લશ્કરી કાર્યવાહી હતી. પૂર્વીય નૌકાદળ કમાન્ડ ખાતે બે મલ્ટિ-મિશન સ્ટીલ્થ ફ્રિગેટ્સ, આઈએનએસ ઉદયગિરી અને આઈએનએસ હિમગિરી, કમિશનિંગ કર્યા પછી, સિંહે કહ્યું કે ભારત ક્યારેય આક્રમક વિસ્તરણવાદમાં માનતું નથી અને આખી દુનિયા જાણે છે કે તેણે ક્યારેય કોઈ દેશ પર પહેલા હુમલો કર્યો નથી. જો કે, જ્યારે તેની સુરક્ષા પર હુમલો થાય છે, ત્યારે ભારત જાણે છે કે કેવી રીતે જવાબ આપવો. સિંહે કહ્યું કે ''અહીંની ભૂ-વ્યૂહાત્મક પરિસ્થિતિ એવી છે કે તે આપણા આર્થિક વિકાસને સીધી રીતે પ્રભાવિત કરવાની ક્ષમતા પણ ધરાવે છે. આપણી ઊર્જા જરૂરિયાતો, તેલ, કુદરતી ગેસ, આ બધું આ પ્રદેશની સુરક્ષા પર ઘણી હદ સુધી નિર્ભર છે. તેથી, નૌકાદળની ભૂમિકા ફક્ત સમુદ્રના રક્ષણ સુધી મર્યાદિત નથી, પરંતુ તે આપણી રાષ્ટ્રીય આર્થિક સુરક્ષાનો એક મુખ્ય સ્તંભ પણ છે.'' ■

## મનાલીમાં પૂરનો કેર, હૉટેલ અને ચાર દુકાન ધરાશાયી, લેહ હાઈવે બંધ

શિમલા : હિમાચલ પ્રદેશમાં કુદરતનો પ્રકોપ યથાવત્ છે. ભારે વરસાદને કારણે અહીં અનેક સ્થળોએ ભૂસ્ખલન અને અચાનક પૂર આવવાની ઘટના બની હતી. કેટલાંક સ્થળોએ પૂરના કારણે દુકાનો અને ઇમારતો ધરાશાયી થઈ ગઈ હતી. હાઇવે સાથેનો સંપર્ક તૂટી ગયો હતો અને રહેણાંક વિસ્તારો ડૂબી ગયા હતા. મંગળવાર (૨૬ ઓગસ્ટ) ની વહેલી સવારે કુલ્લુ જિલ્લાના મનાલીમાં બિયાસ નદીના જોરદાર પ્રવાહે એક બહુમાળી હોટલ અને ચાર દુકાન ધોવાઈ ગઈ હતી. તેમના મતે નદીની જળસપાટી વધતા મનાલીના બટાકાના ખેતરમાં પાણી ઘૂસી ગયું અને મનાલી-લેહ હાઇવે બંધ થઈ ગયો હતો. કુલ્લુમાં નાળામાંથી પાણી ઘરોમાં ઘૂસી ગયાં હતાં. અધિકારીઓએ કહ્યું હતું કે સોમવાર રાતથી બનેલી કોઈપણ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. સ્થાનિક હવામાન વિભાગે મંગળવારે કાંગડા, ચંબા અને લાહૌલ અને સ્પીતિ જિલ્લાઓમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ તીવ્ર વરસાદની ચેતવણી જાહેર કરતા રેડ એલર્ટ આપ્યું હતું. તેમણે ઉના, હમીરપુર, બિલાસપુર, સોલન, મંડી અને કુલ્લુ જિલ્લાઓ અને શિમલા શહેરમાં ભારે વરસાદ માટે 'ઓરેન્જ' એલર્ટ પણ જાહેર કર્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર મનાલી-લેહ હાઇવે અનેક સ્થળોએ બંધ થઈ ગયો હતો. સોમવારે મોડી રાત્રે મંડી જિલ્લાના બાલીચૌકી વિસ્તારમાં લગભગ ૪૦ દુકાનો ધરાવતી બે ઇમારતો ધરાશાયી થઈ હતી. ખતરનાક બન્યા બાદ ઇમારતને ખાલી કરાવી દેવામાં આવી હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. વિવિધ જિલ્લા વહીવટીતંત્રોએ તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. ■

## છત્તીસગઢમાં તણાઈ જવાથી ત્રણ બાળક સહિત ચારનાં મોત

બિલાસપુર (છત્તીસગઢ): છત્તીસગઢના બિલાસપુર જિલ્લામાં અચાનક ભારે વરસાદને કારણે નાળામાં તણાઈ જવાથી ત્રણ બાળક અને એક વ્યક્તિ ડૂબી હોવાની માહિતી પોલીસે મંગળવારે આપી હતી. આ ઘટના સોમવારે સાંજે બેલગહના પોલીસ ચોકી હદ હેઠળ ભંવરટંકના મારહી માતા મંદિર પાસે બની હતી, જ્યારે પીડિતો સહિત લોકોનું એક જૂથ સ્થળની મુલાકાતે આવ્યું હતું, એમ ચોકીના ઇન્ચાર્જ રાજ સિંહે જણાવ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ, બાલોદાબજાર-ભાટપરા અને બિલાસપુર જિલ્લાના એક પરિવાર તેમના મિત્રો સહિત લગભગ ૪૦ લોકો બસમાં મંદિરમાં દર્શન કરવા આવ્યા હતા.

સિંહે જણાવ્યું હતું કે, સ્થળની મુલાકાત લીધા પછી, જ્યારે તેઓ તેમની બસ તરફ જવા માટે પગપાળા પાણીનું સ્તર ઓછું હતું તે નાળાને પાર કરી રહ્યા હતા, ત્યારે અચાનક ભારે વરસાદ પડ્યો હતો. ■

# છત્તીસગઢમાં તણાઈ જવાથી ત્રણ બાળક સહિત ચારનાં મોત

બિલાસપુર (છત્તીસગઢ): છત્તીસગઢના બિલાસપુર જિલ્લામાં અચાનક ભારે વરસાદને કારણે નાળામાં તણાઈ જવાથી ત્રણ બાળક અને એક વ્યક્તિ ડૂબી હોવાની માહિતી પોલીસે મંગળવારે આપી હતી.

આ ઘટના સોમવારે સાંજે બેલગહના પોલીસ ચોકી હદ હેઠળ ભંવરટંકના મારહી માતા મંદિર પાસે બની હતી, જ્યારે પીડિતો સહિત લોકોનું એક જૂથ સ્થળની મુલાકાતે આવ્યું હતું, એમ ચોકીના ઇન્ચાર્જ રાજ સિંહે જણાવ્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ, બાલોદાબજાર-ભાટપરા અને બિલાસપુર જિલ્લાના એક પરિવાર તેમના મિત્રો સહિત લગભગ ૪૦ લોકો બસમાં મંદિરમાં દર્શન કરવા આવ્યા હતા.

સિંહે જણાવ્યું હતું કે, સ્થળની મુલાકાત લીધા પછી, જ્યારે તેઓ તેમની બસ તરફ જવા માટે પગપાળા પાણીનું સ્તર ઓછું હતું તે નાળાને પાર કરી રહ્યા હતા, ત્યારે અચાનક ભારે વરસાદ પડ્યો હતો.

ધોધમાર વરસાદને કારણે, નજીકની ટેકરીઓમાંથી પાણી ઝડપથી તેમના માર્ગ પર આવેલા નાળામાં ધસી આવ્યું હતું અને ચારેય પીડિતો ભારે પ્રવાહમાં તણાઈ ગયા હતા.

સૂચના મળ્યા બાદ, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ, પોલીસ અને મહેસૂલ અધિકારીઓની બનેલી ટીમ દ્વારા સાંજે ૬ વાગ્યે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે, બાળકોના મૃતદેહ મોડી રાત્રે જોવા મળ્યા હતા, જ્યારે મંગળવારે સવારે ૧૧ વાગ્યે સ્થળથી થોડા અંતરે પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતકોની ઓળખ મીતન ધ્રુવ (૫) અને ગૌરી ધ્રુવ (૧૩) તરીકે થઈ છે, બંને પડોશી બાલોદાબજાર-ભાટપારા જિલ્લાના બિટકુલી ગામના રહેવાસી છે, મુસ્કાન ધ્રુવ (૧૩) અને તેના પિતા બલરામ ધ્રુવ (૪૫) બિલાસપુરના પરસદા ગામના રહેવાસી હતા, એમ તેમણે જણાવ્યું હતું. ■

# ઝોમેટો અને બ્લિંકિટની પેરન્ટ કંપની ઈટર્નલને ૪૦ કરોડથી વધુની નોટિસ

નવી દિલ્હી : ઝોમેટો અને બ્લિંકિટ બ્રાન્ડ્સની માલિકી ધરાવતી કંપની ઈટર્નલને જીએસટી વિભાગ તરફથી ત્રણ નોટિસ ફટકારવામાં આવી છે. આમાં વ્યાજ અને દંડ સહિત કુલ ૪૦ કરોડ રૂપિયાથી વધુની ટેક્સ ડિમાન્ડ કરવામાં આવી છે.

આ નોટિસો જોઈન્ટ કમિશનર-ચાર બેંગલૂરુ તરફથી જુલાઈ ૨૦૧૭થી માર્ચ ૨૦૨૦ સુધીના સમયગાળા માટે આપવામાં આવી છે. ઈટર્નલના ચાર મુખ્ય વ્યવસાયો ઝોમેટો, બ્લિંકિટ, ડિસ્ટ્રિક્ટ અને હાઇપરપ્યોર છે. કંપનીએ કહ્યું હતું કે તે ટેક્સ ડિમાન્ડ નોટિસ સામે અપીલ દાખલ કરશે.

સોમવારે મોડી રાત્રે શૅરબજારને લખેલી નોટિસમાં ઈટર્નલે જણાવ્યું હતું કે, ''કંપનીને ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ જોઈન્ટ કમિશનર અપીલ-૪ (બેંગલૂરુ) દ્વારા જુલાઈ ૨૦૧૭ થી માર્ચ ૨૦૨૦ના સમયગાળા માટે ત્રણ નોટિસ મળી છે. આમાં કુલ ૧૭,૧૯,૧૧,૭૬૨ રૂપિયાની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ની માગણી કરવામાં આવી છે, જેમાં ૨૧,૪૨,૧૪,૭૯૧ રૂપિયાનું વ્યાજ અને ૧,૭૧,૯૧,૧૭૭ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કંપનીએ કહ્યું હતું કે, ''અમારું માનવું છે કે અમારી પાસે ગુણ-દોષ મામલામાં મજબૂત કેસ છે અને કંપની આ મામલે યોગ્ય અધિકારી સમક્ષ અપીલ દાખલ કરશે.'' ■










**ગુજરાતનો વિકાસઃ** ગુજરાતના અમદાવાદ જિલ્લાસ્થિત હાંસલપુર ઉત્પાદન એકમ ખાતે મારુતિ સુઝુકીના પ્રથમ મારુતિ ઈલેક્ટ્રિક વાહન ઈ-વિતારા તેમ જ 'બેટરી ઈલેક્ટ્રિક વ્હિકલ એક્સપોર્ટ્સ ટૂ ૧૦૦ કન્ટ્રીસ' અને હાઈબ્રિડ બેટરી ઈલેક્ટ્રોડના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, સુઝુકી મોટર્સ તોશિહિરો સુઝુકીના પ્રમુખ, મારુતિ સુઝીકી ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર તેમજ સીઈઓ હિશાશી તાકેચી અને અન્યો. (એજન્સી)

# સુઝુકી મોટર આગામી ૫-૬ વર્ષમાં ભારતમાં ₹ ૭૦,૦૦૦ કરોડનું રોકાણ કરશેઃ તોશીહિરો સુઝુકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાપાની ઓટોમેકર સુઝુકી મોટર કોર્પોરેશન દેશમાં તેની કામગીરીને મજબૂત બનાવવા માટે આગામી પાંચથી છ વર્ષમાં ભારતમાં રૂ. ૭૦,૦૦૦ કરોડનું રોકાણ કરશે, એમ તેના પ્રતિનિધિ ડિરેક્ટર અને પ્રમુખ તોશીહિરો સુઝુકીએ મંગળવારે જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મારુતિ સુઝુકી ભારતના પ્રથમ ઇલેક્ટ્રિક વાહન ઈ વિતારાની ૧૦૦ દેશોમાં નિકાસ શરૂ કરી અને અહીં તેની સુવિધામાં મજબૂત હાઇબ્રિડ ઇલેક્ટ્રિક વાહનો માટે લિથિયમ-આયન બેટરી સેલના ઉત્પાદનનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ કાર્યક્રમમાં બોલતા, તોશીહિરો સુઝુકીએ કહ્યું હતું કે, સુઝુકી આગામી ૫ થી ૬ વર્ષમાં ભારતમાં રૂ. ૭૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ કરશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, સુઝુકીએ ચાર દાયકાથી વધુ સમયથી ભારતની ગતિશીલતા યાત્રામાં ગર્વથી ભાગીદારી કરી છે. અમે ટકાઉ ગ્રીન ગતિશીલતા માટેના ભારતના વિઝનને ટેકો આપવા અને વિકાસ ભારત માટે યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છીએ.

બાદમાં, પત્રકારો સાથેની વાતચીતમાં, મારુતિ સુઝુકી ઇન્ડિયાના ચેરમેન આર.સી. ભાર્ગવે જણાવ્યું હતું કે રોકાણો કંપનીના વાર્ષિક ૪૦ લાખ યુનિટ પ્રાપ્ત કરવાના લક્ષ્યને પૂર્ણ કરવા માટે હશે. અમે વાર્ષિક ચાર મિલિયન (યુનિટ) સુધી વિસ્તરણ કરી રહ્યા છીએ. તેથી ચાર મિલિયન યુનિટ ક્ષમતાનું વિસ્તરણ, તમામ સહાયક માળખાગત સુવિધાઓ અને સંશોધન અને વિકાસમાં રોકાણ, અને નવી તકનીકો, આ બધા માટે ઘણા પૈસાની જરૂર પડે છે.

ગુજરાતમાં સ્થાપિત થનારા બીજા પ્લાન્ટના અંતિમરૂપ ક્યારે આપવામાં આવશે તે વિશે પૂછવામાં આવ્યું હતું. આ અંગેની જાહેરાત ગયા વર્ષે રૂ. ૩૫,૦૦૦ કરોડના રોકાણ માટે કરવામાં આવી હતી, આ અંગે ભાર્ગવે કહ્યું હતું કે, મને આશા છે કે અમે જીએસટી કાઉન્સિલની બેઠક (૪ સપ્ટેમ્બરના રોજ) પછી આ પ્રશ્નનો વધુ ચોક્કસ જવાબ આપીશું કારણ કે તે પછી દરેક વ્યક્તિ અંદાજ લગાવશે કે જીએસટી નિર્ણયોની ભવિષ્યના વિકાસ પર શું અસર થશે. જોકે, તેમણે જીએસટી સ્લેબમાં પ્રસ્તાવિત ફેરફારોની અસરો પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુઝુકી ગ્રૂપ, જેમાં મારુતિ સુઝુકી ઇન્ડિયા એક ભાગ છે, તે ભારતમાં પહેલાથી જ ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરી ચૂક્યું છે. આ રોકાણોથી ૧૧ લાખથી વધુ સીધી નોકરીઓનું સર્જન પણ થયું છે.

ઈ વિતારા અંગે ભાર્ગવે કહ્યું હતું કે, તે નિકાસ બજારો માટે હશે અને સ્થાનિક બજારમાં વાહન લોન્ચ કરવા માટે કોઈ સમયરેખા નક્કી કરવામાં આવી નથી.

મારુતિ સુઝુકી ઇન્ડિયાના યુનિટ, સુઝુકી મોટર ગુજરાત (એસએમજી) ખાતે વિશિષ્ટ રીતે ઉત્પાદિત, નિકાસ-બાઉન્ડ ઈ વિતારાનો પ્રથમ બેચ પીપાવાવ બંદરથી યુરોપિયન પ્રદેશમાં મોકલવામાં આવશે, જેમાં યુનાઇટેડ કિંગ્ડમ, જર્મની, નોર્વે, ફ્રાન્સ, ડેનમાર્ક, સ્વિટ્ઝર્લેન્ડ, નેધરલેન્ડ, સ્વિડન, હંગેરી, આઇસલેન્ડ, ઇટાલી, ઑસ્ટ્રિયા અને બેલ્જિયમનો સમાવેશ થાય છે. મારુતિ સુઝુકીએ ભારતમાં હજુ સુધી ઈ વિતારા લોન્ચ ન કરવાના કારણો પર, ભાર્ગવે કહ્યું હતું કે, નિકાસ ઓર્ડર જવાબદારીઓને પૂર્ણ કરવા ઉપરાંત, ખર્ચ પરિબળોએ ભૂમિકા ભજવી છે, કારણ કે ઈવીની કિંમત હજુ પણ ખૂબ ઊંચી છે, કારણ કે બેટરી આયાત કરવામાં આવે છે.

તોશીહિરો સુઝુકીએ જણાવ્યું હતું કે ગુજરાત સુવિધા, જે સમગ્ર ભારત અને વૈશ્વિક બજારોમાં ગ્રાહકોને સેવા આપે છે, તે ટૂંક સમયમાં વિશ્વના સૌથી મોટા ઓટોમોબાઈલ ઉત્પાદન કેન્દ્રોમાંનું એક બનશે, જેની ક્ષમતા ૧૦ લાખ યુનિટની યોજના છે.

તેમણે વધુમાં કહ્યું, ''અમે આ સુવિધાને અમારા પ્રથમ બીઈવી, ઈ વિતારાનું ઉત્પાદન કરવા અને તેને આ મોડેલ માટે વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા માટે પસંદ કરી છે. અમે આ ''મેડ-ઇન-ઇન્ડિયા બીઈવી'' ને જાપાન અને યુરોપ સહિત ૧૦૦ થી વધુ દેશોમાં નિકાસ કરીશું.

સુઝુકીએ ઉમેર્યું કે, કંપનીનો બીજો મોટો સીમાચિહ્‌નરૂપ ભારતની પ્રથમ લિથિયમ-આયર્ન બેટરી અને ઇલેક્ટ્રોડ લેવલ સ્થાનિકીકરણ સાથે સેલનું ઉત્પાદન શરૂ કરવાનો છે, જેનો ઉપયોગ અમારા હાઇબ્રિડ વાહનોમાં થાય છે.તેમણે ઉમેર્યું હતું કે, અહીં તોશિબા ડેન્સો સુઝુકી પ્લાન્ટમાં આનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.

સુઝુકીએ વધુમાં જણાવ્યું હતું કે, જાપાનથી આવતા ફક્ત કાચા માલ અને કેટલાક સેમિકન્ડક્ટર ભાગો સાથે, આ આત્મનિર્ભર ભારતને એક મોટી સલામ છે. આબોહવા પરિવર્તન લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે અમે ઇલેક્ટ્રિક, સ્ટ્રોંગ હાઇબ્રિડ, ઇથેનોલ ફ્લેક્સ ફ્યુઅલ અને કોમ્પ્રેસ્ડ બાયોગેસ સહિતની મલ્ટિ-પાવરટ્રેન વ્યૂહરચનાનો ઉપયોગ કરીશું. ■

# સાર્વત્રિક વરસાદના પરિણામે ગુજરાતના ખેડૂતો દ્વારા ૮૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચાલુ વર્ષે ગુજરાતમાં વરસેલા સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના ખેડૂતો દ્વારા પુષ્કળ માત્રામાં ખરીફ પાકનું વાવેતર કર્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૮૫ ટકાથી વધુ નોંધાયો છે. જેની સામે રાજ્યમાં અત્યાર સુધીમાં જ ૯૪ ટકા એટલે કે, ૮૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. રાજ્યમાં સમયસર અને પૂરતા પ્રમાણમાં વરસાદ આવતા આ વર્ષે વિવિધ પાકના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં હજુ પણ વરસાદનું જોર યથાવત છે, જેથી આગામી ૧૫ દિવસમાં રાજ્યનો કુલ વાવેતર વિસ્તાર ૧૦૦ ટકાને પાર પહોંચવાની પૂર્ણ સંભાવના છે.

ખેતી નિયામકની કચેરીના અહેવાલ મુજબ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદના સમયસર આગમનના પરિણામે ચાલુ વર્ષે ખરીફ પાકનું સારું વાવેતર જોવા મળ્યું છે. છેલ્લાં ત્રણ વર્ષના વાવેતરની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં થયેલા કુલ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૮૧ લાખ હેક્ટરથી વધુ એટલે કે, ૯૪ ટકાથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થઇ ગયું છે.

મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. દર વર્ષે ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં સૌથી વધુ મગફળી અને કપાસનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર અને ઉત્પાદન થાય છે. આ વર્ષે પણ મગફળી અને કપાસનું ખૂબ જ મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. ગુજરાતના ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં સૌથી વધુ આશરે ૨૧.૮૮ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળી અને ત્યારબાદ ૨૦.૭૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં મગફળીનું વાવેતર પ્રતિવર્ષ સતત વધી રહ્યું છે. રાજ્યમાં મગફળીનું સરેરાસ ૧૭.૫૦ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થાય છે. ગત વર્ષે આ સમયગાળા સુધીમાં ખેડૂતોએ ૧૯.૧૦ લાખ હેકટર વિસ્તારમાં મગફળીનું વાવેતર કર્યું હતું. આ વર્ષે પણ ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં મગફળીનું રેકોર્ડબ્રેક વાવેતર થયું છે. અત્યાર સુધીમાં જ મગફળીના સામાન્ય વાવેતરની સરખામણીએ ૧૨૫ ટકા વાવેતર પૂર્ણ થયું છે, જે હજુ પણ વધવાની સંભાવનાઓ છે.

મગફળી સહિત રાજ્યમાં તેલીબિયાં પાકનું ગત વર્ષે આ સમયગાળા સુધીમાં ૨૭.૬૯ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હતું. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં તેલીબિયાં પાકનું કુલ ૩૦.૪૬ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ધાન્ય પાકોનું ૧૩.૫૭ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં, કઠોળ પાકનું ૪.૧૩ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં, ઘાસચારાનું ૮.૯૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં અને શાકભાજીનું ૨.૪૯ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાલુ વર્ષે મગફળી, તુવેર, સોયાબીન, ડાંગર, મઠ જેવાં પાકનું વાવેતર છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતરની સરખામણીએ ૧૦૦ ટકાને પાર પહોંચ્યું છે. આ ઉપરાંત બાજરી, મકાઈ અને શાકભાજીનું વાવેતર ૯૦ ટકાને પાર પહોંચ્યું છે. ■

# ગુજરાત હાઈ કોર્ટના જજ સંદીપ ભટ્ટની બદલીના વિરોધમાં એડવોકેટ એસો.ની હડતાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુપ્રીમ કોર્ટની કૉલેજિયમની એક બેઠકમાં વિવિધ હાઇ કોર્ટના ૧૪ જજની ટ્રાન્સફરની ભલામણ કરવામાં આવી હતી, જે પૈકી બે જજ ગુજરાત હાઇકોર્ટના પણ છે. એમાં જસ્ટિસ સંદીપ ભટ્ટ અને જસ્ટિસ સી.એમ. રોયની ટ્રાન્સફરનો પણ પ્રસ્તાવ સુપ્રીમની કૉલેજિયમે કર્યો હતો.

જસ્ટિસ સંદીપ એન. ભટ્ટને મધ્ય પ્રદેશ હાઇ કોર્ટ અને જસ્ટિસ રોયની ટ્રાન્સફર આંધ્ર પ્રદેશ હાઇ કોર્ટમાં કરવાની ભલામણ કરવામાં આવી છે. જોકે સંદીપ ભટ્ટની બદલીથી હાઈકોર્ટના એડવોકેટમાં ખાસ્સો રોષ છે. સંદીપ ભટ્ટની બદલીના વિરોધમાં ગુજરાત હાઈ કોર્ટ એડવોકેટ એસોસિયેશન દ્વારા અચોક્કસ મુદતની હડતાળની જાહેરાત કરવામાં આવી હતી. હવે આ મામલે કમિટીની રચના કરાયા બાદ ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયાને રજૂઆત કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશની હાઇ કોર્ટોમાં મોટા ફેરફાર સાથે સુપ્રીમ કોર્ટની કોલેજિયમ ૧૪ જજની ટ્રાન્સફર પર વિચાર કરી રહ્યું છે, જોકે સુપ્રીમ કોર્ટ કૉલેજિયમે પ્રસ્તાવિત બદલીઓ અંગે હજુ સુધી જાહેર નિવેદન બહાર પાડ્યું નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત બદલીઓની યાદી એક કે બે દિવસમાં કેન્દ્ર સરકારને પુષ્ટિ માટે મોકલવામાં આવે એ પહેલાં ફક્ત કેટલીક નાની ઔપચારિકતાઓ બાકી છે. ■

# એસ ટી નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો, એરિયર્સ સાથે ભથ્થું ચૂકવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (જીએસઆરટીસી)ના કર્મચારીઓ માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓને હાલ ચૂકવાતા મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો જાહેર કરવામાં આવ્યો હતો. આ વધારા બાદ હવેથી કર્મચારીઓને ૫૫ ટકા મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નિર્ણયથી એસ.ટી. નિગમના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૫૩ ટકાથી વધીને ૫૫ ટકા થયું છે. આ વધારા સાથે, કર્મચારીઓને બાકી રહેલા એરિયર્સની પણ ચુકવણી કરવામાં આવશે. આ નિર્ણયથી કુલ ₹૩૦ કરોડથી વધુનો આર્થિક લાભ જીએસઆરટીસીના કર્મચારીઓને થશે. વાહનવ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરીને આ આ જાણકારી આપી હતી. ■

# રાજસ્થાનમાં ભારે વરસાદથી સરહદી વિસ્તારોની કફોડી હાલતઃ પોલો ફોરેસ્ટ બંધ

અમદાવાદઃ રાજસ્થાનમાં ભારે વરસાદના કારણે ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારોમાં પૂરની સ્થિતિનું નિર્માણ થયું હતું. હરણાવ નદીમાં ઘોડાપૂર આવતાં વિજયનગરના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિ કફોડી બની હતી. પોલો ફોરેસ્ટ પણ પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલા હરણાવ જળાશયમાં પાણીની આવક વધતા રૂલ લેવલ જાળવી રાખવા માટે તેના ત્રણ દરવાજા ખોલવામાં આવ્યા હતા. જળાશયમાંથી ૧૧,૦૦૦ ક્યૂસેક પાણી છોડવામાં આવતા નદીમાં પ્રવાહ વધ્યો હતો, જેના પગલે નદી કિનારાના નવ ગામને એલર્ટ કરવામાં આવ્યાં હતાં. ■

# બીઝેડ કૌભાંડના આરોપી ભૂપેન્દ્ર ઝાલાને હાઈ કોર્ટે જામીન આપતાં આઠ મહિના બાદ બહાર આવશે

અમદાવાદઃ ઉત્તર ગુજરાતમાં બીઝેડ ગ્રૂપની પોન્ઝી સ્કીમ ચલાવી ૬,૦૦૦ કરોડનું કૌભાંડ આચરનારા ભૂપેન્દ્ર ઝાલાએ ગુજરાત હાઇ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જેને કોર્ટે મંજૂરી આપી હતી. જેથી હવે ભૂપેન્દ્ર સિંહ ઝાલા આઠ મહિને જેલમાંથી બહાર આવશે.

હાઇ કોર્ટમાં સુનાવણી દરમિયાન આરોપી ભૂપેન્દ્ર સિંહ ઝાલા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

કોર્ટને આપવામાં આવેલી બાંહેધરી મુજબ, તેણે જીપીઆઇડી કોર્ટ સમક્ષ પાંચ કરોડ જમા કરાવી દીધા છે. રોકાણકારોને પૈસા પરત આપવા માટે પણ પહેલા મહિને એક કરોડ, બીજા મહિને બે કરોડ, ત્રીજા મહિને ત્રણ કરોડ અને બાકીની રકમ સરખા નવ હપ્તામાં જમા કરાવવામાં આવશે. તમામ રોકાણકારોને રકમ એક વર્ષમાં ચૂકવી દેવામાં આવશે.

સમગ્ર મામલામાં ભૂપેન્દ્ર સિંહ ઝાલાએ એકના ત્રણ ગણા નાણાં કરવાની અને સામાન્ય રોકાણની સામે ઊંચા વળતરની લાલચ આપીને ૬૦૦૦ કરોડનું કૌભાંડ આચાર્યું હતું.

સરકારી વકીલે ગ્રામ્ય કોર્ટમાં રજૂઆત કરી હતી કે, ભૂપેન્દ્ર સિંહ ઝાલા પાસે ફક્ત સાબરકાંઠાના તલોદ પૂરતું જ નાણાં ધીરનારનું લાઇસન્સ છે. ■

# ગણેશજીની મૂર્તિ પર ઈંડાં ફેંકતા તંગદિલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંસ્કારી નગરી વડોદરાના સંવેદનશીલ પાણીગેટ વિસ્તારમાં નિર્મલ પાર્ક યુવક મંડળ દ્વારા સ્થાપિત ગણેશજીની મૂર્તિ પર રાત્રે લગભગ ત્રણ વાગ્યાના સમયે મદાર માર્કેટ નજીક અજાણ્યા અસામાજિક તત્ત્વોએ ઈંડા ફેંકતા વિસ્તારમાં તંગદિલી સર્જાઈ હતી. આ ચોંકાવનારી ઘટનાથી સ્થાનિક લોકોએ આઘાતની લાગણી અનુભવી હતી. શહેરના નાગરિકોમાં ભારે રોષ ફેલાયો હતો. ■

# નવસારીના કરાડી ગામે વીજ કરંટ લાગતા બેનાં મોતઃ અન્ય પાંચ ઘાયલ

અમદાવાદઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી ગામે ગણેશ સ્થાપના પહેલા જ એક દુઃખદ ઘટના બની હતી. ગણપતિ બાપ્પાની પ્રતિમાનું આગમન થઈ રહ્યું હતું, ત્યારે હાઇટેન્શન લાઇનને અડી જવાથી લોખંડના પાઈપ દ્વારા કરંટ લાગતા બે યુવકોના મોત નીપજ્યાં હતાં, જ્યારે પાંચ લોકોને ગંભીર ઇજાઓ પહોંચી હતી.

આ ઘટના કરાડી ગામમાં બની હતી, જ્યાં ગણેશ ભક્તો ગણપતિની મૂર્તિને વાજતે ગાજતે લાવી રહ્યા હતા. આ દરમિયાન, મૂર્તિ ઊંચી કરવા માટે વપરાયેલો લોખંડનો પાઈપ અચાનક ઉપરથી પસાર થતી હાઇટેન્શન લાઇનને સ્પર્શી ગયો હતો. જેના કારણે પાઈપમાં કરંટ ઊતર્યો હતો અને તેને પકડેલા તમામ લોકો ઝપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં પ્રિતેશ ખાપાભાઈ પટેલ (ઉં.વ. ૨૨) અને મિતુલભાઈ નવીનભાઈ પટેલ (ઉં.વ. ૪૦) નામના બે વ્યક્તિઓના કરંટ લાગવાથી મોત થયા હતા.

આ ઉપરાંત, કેયુરભાઈ પટેલ, નિશાંત ભાઈ સુમિત્રા પટેલ, વિજયકુમાર બચુભાઈ પટેલ, કરીશ પટેલ અને નિલેશ નાનુભાઈ પટેલ નામના પાંચ વ્યક્તિઓ પણ દાઝી ગયા હતા. તેઓને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર કરાડી ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે અને મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે નવસારી સિવિલ હૉસ્પિટલમાં મોકલી આપ્યા હતા. ■

# ઉકાઈ ડેમમાં પાણીની ભરપૂર આવક થતાં પાણી છોડાયું, તાપી નદી બંને કાંઠે છલકાઈ

અમદાવાદઃ સુરતમાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન તાપી નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે. ભારે વરસાદના કારણે ઉકાઈ ડેમમાં પાણીની ભરપૂર આવક થતાં તંત્ર દ્વારા તાપી નદીમાં સતત પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના પરિણામે સુરતનો વિયર કમ કોઝવે ઓવરફ્લો થયો હતો. હાલની પરિસ્થિતિને જોતાં સુરત શહેર અને તાપી નદીના કિનારે આવેલા નીચાણવાળા વિસ્તારો પર તંત્રની નજર છે.

ઉકાઈ ડેમની જળ સપાટી ૩૩૫.૭૧ ફૂટ પર પહોંચી છે, જે તેના રૂલ લેવલની નજીક છે. ડેમમાં ઉપરવાસમાંથી ૬૭,૫૮૪ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે અને ડેમની સપાટીને સ્થિર રાખવા માટે તેટલું જ એટલે કે ૬૭,૫૮૪ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી તાપી નદી તેના બંને કાંઠે છલકાઈ છે. ઉકાઈ ડેમમાંથી છોડવામાં આવેલા પાણી અને કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદના કારણે તાપી નદીમાં પાણીનો પ્રવાહ એક લાખ ક્યુસેકથી પણ વધુ જોવા મળી રહ્યો છે. હાલમાં કોઝવે પર પાણીનો ફ્લો ૧,૧૧,૨૩૧ ક્યુસેક નોંધાયો હતો, જેના પરિણામે કોઝવે વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. કોઝવેની ભયજનક સપાટી ૬ મીટર છે, જ્યારે હાલની સપાટી ૭.૯૦ મીટર નોંધાઈ છે. એટલે કે, કોઝવેની ભયજનક સપાટીથી લગભગ બે મીટર ઉપરથી પાણી વહી રહ્યું છે. ■

# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળામાં આવતા યાત્રાળુઓ માટે ૧૦ કરોડનો વીમો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સલામતી માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વર્ષે ટ્રસ્ટે યાત્રાળુઓ માટે રૂપિયા ૧૦ કરોડનો વીમો લીધો છે. જે ગત વર્ષના વીમા કવરેજ કરતાં ત્રણ ગણો વધુ છે. આ વીમા અંતર્ગત કોઈ પણ શ્રદ્ધાળુનો માર્ગ અકસ્માત થાય અથવા દુર્ઘટનામાં મૃત્યુ થાય તો તેમને આર્થિક સહાય મળી રહેશે.

આ વીમાની સૌથી મોટી વિશેષતા એ છે કે શક્તિપીઠ અંબાજીના ૫૦ કિલોમીટરના વિસ્તારમાં થતા અકસ્માતોને આવરી લેવામાં આવ્યા છે. આ કવરેજમાં ગુજરાત અને રાજસ્થાનની સરહદ નજીકના ૭ જિલ્લાઓનો સમાવેશ થાય છે. જેથી દૂર-દૂરથી આવતા ભક્તોને પણ સુરક્ષા પૂરી પાડી શકાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે અંબાજી મંદિર ટ્રસ્ટે માત્ર ૨૦ કિલોમીટર સુધીનું કવરેજ લીધું હતું, પરંતુ આ વર્ષે ભક્તોની વધતી સંખ્યા અને સલામતીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વીમાની રકમ અને કવરેજ વિસ્તારમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. આ રૂપિયા ૧૦ કરોડનો વીમો શ્રદ્ધાળુઓને આર્થિક સુરક્ષા કવચ પૂરું પાડશે.

વીમાનો લાભ લેવા માટે અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિએ કોર્ટમાં ક્લેમ કરવાનો રહેશે. કોર્ટ દ્વારા અકસ્માતની ગંભીરતા અને થયેલા નુકસાનના આધારે નક્કી કરવામાં આવેલી રકમ ક્લેમ કરનાર વ્યક્તિને ચૂકવવામાં આવશે. અંબાજી મંદિર ટ્રસ્ટનો આ નિર્ણય ભાદરવી પૂનમના મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે એક મોટી રાહત છે. ■

# સરદાર સરોવર ડેમ ૮૭ ટકાથી વધુ ભરાયોઃ ૯૮ ડેમ હાઈ એલર્ટ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી.તેમ જ આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી હતી. રાજ્યના કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદની આગાહી કરવામાં આવી હતી. બંગાળની ખાડી પાસે લો પ્રેશર સિસ્ટમ સક્રિય થયું છે. આ ઉપરાંત અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને મોન્સૂન ટ્રફ પણ સક્રિય છે. રાજ્ય પર કુલ ત્રણ સિસ્ટમ સક્રિય થતાં વરસાદની આગાહી કરવામાં આવી હતી.

રાજ્યની જીવાદોરી ગણાતો નર્મદા ડેમ તેની સંગ્રહ ક્ષમતાનો ૮૭.૩૩ ટકા ભરાયેલો છે. જ્યારે અન્ય ૨૦૬ જળાશયોમાં ૭૮.૭૬ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૯૮ ડેમ હાઇ એલર્ટ, ૨૭ ડેમ એલર્ટ અને ૧૮ ડેમ વોર્નિંગ પર છે. રાજ્યમાં ૭૩ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૭૦ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૨૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૨૨ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. માત્ર ૧૫ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે.

રાજ્યમાં સિઝનનો સરેરાશ વરસાદ ૮૫.૦૪ ટકા નોંધાયો છે. કચ્છમાં ૮૫.૧૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૮૮.૭૭ ટકા, પૂર્વ મધ્યમાં ૭૯.૮૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૮૩.૭૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૮૮.૦૫ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યમાં પંચાયત હસ્તકના ૧૫૯ સહિત કુલ ૧૭૪ રોડ રસ્તા બંધ છે. કચ્છમાં ચાર, પોરબંદરમાં બે તથા જૂનાગઢમાં એક મળી કુલ સાત રૂટ પર એસટીની ૧૧ ટ્રીપ બંધ રહી હતી.

રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૫૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. કપરડામાં સૌથી વધુ ૨.૦૫ ઇંચ વરસાદ વરસ્યો હતો. સુબીરમાં ૧.૬૯ ઇંચ, ડાંગ-આહવામાં ૧.૩ ઇંચ, કવાંટમાં ૧.૦૨ ઇંચ વરસાદ પડ્યો હતો. ૪૭ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### પર્વની પૂર્ણતાએ ૩૩૫થી વધુ તપસ્વીનો પારણા મહોત્સવ યોજાશે



પૂર્ણતા તરફ જઈ રહેલાં પર્વાધિરાજ પર્વના આજના અવસરે ૧૦૮ ઉપવાસના ધન્ય તપસ્વી, લઘુસર્વતોભદ્ર તપ, સિદ્ધિ તપ, ધર્મ ચક્ર તપના તપસ્વી, ૪૭ ઉપવાસના ૨ તપસ્વી, ૩૦ ઉપવાસ માસક્ષમણ તપના ૨૫ તપસ્વી, ૧૬ ઉપવાસના ૧૮ તપસ્વી, ૧૧ ઉપવાસના ૨૨ તપસ્વી, ૯ ઉપવાસના ૧૯ તપસ્વી, ૮ ઉપવાસના ૧૪૦ તપસ્વી મળીને ૩૩૫થી વધુ ઉગ્ર તપની આરાધના કરનારા તપસ્વી ભાવિકોના મસ્તકે સાફો પહેરાવીને અહોભાવથી એમને પ્રભુ નેમ દરબારે આવકારવામાં આવ્યાં હતાં. સ્થાનકવાસી જૈન સંઘોમાં થતી તપસ્યામાં સહુથી વધુ તપસ્વીઓ ગિરનારમાં જોડાયા છે.

દરરોજ આત્મહિતની નવી પ્રેરણા, આત્મ કલ્યાણની એક નવી રાહ અને આત્મશુદ્ધિની એક નવી દિશા આપીને હજારો- લાખો આત્માઓની અંતર જાગૃતિ કરાવીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના સાંનિધ્યે પર્વના અંતિમ દિવસે આજે તારીખ ૨૭મી ઓગસ્ટ ૨૦૨૫, બુધવારે બપોરના ૦૨:૩૦ કલાકે ''સંવત્સરી આલોચના વિધિ''નું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. આંખ પર પટ્ટી બાંધીને, અંતરની આંખે જનમ - જનમના પાપ-દોષોની કબુલાત સ્વરૂપ ''મિચ્છામી દુક્કડમ''નો નાદ ગુંજાવીને દેશ-પરદેશના લાખો ભાવિકો સંવત્સરી આલોચના દ્વારા આત્મ વિશુદ્ધિ કરશે. જેનું લાઈવ પ્રસારણ પારસ ચેનલ તેમજ સોહમ ચેનલ પરથી કરવામાં આવશે. પર્વાધિરાજ પર્વની પૂર્ણતાએ ૨૮મી ઓગસ્ટ ૨૦૨૫ ગુરુવાર સવારના ૭:૩૦ કલાકે વિશિષ્ટ અને ઉગ્ર તપની આરાધના કરનારા ૩૩૫થી વધુ તપસ્વી ભાવિકોના સામુહિક પારણાનો અવસર પરમ ગુરુદેવના સાંનિધ્યે ગિરનારના નેમ દરબારમાં યોજાશે.

### ભંડારાના પાલક પ્રધાન બદલાયાઃ પૂર વખતે ગેરહાજર રહેવાની સજા

# ફડણવીસ સરકારનો મોટો નિર્ણયઃ મોટા નેતાને હટાવાયા હોવાથી રાજકીય વર્તુળોમાં ગરમાગરમ ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં એકતરફ ગણેશોત્સવ શરૂ થવાનો છે ત્યારે ફડણવીસની સરકારે એક મોટા નિર્ણયમાં ભંડારા જિલ્લાના પાલક પ્રધાનને બદલવાનો નિર્ણય લીધો છે. ભારતીય જનતા પાર્ટીના નેતા અને રાજ્યના વસ્ત્રોદ્યોગ પ્રધાન સંજય સાવકરે ભંડારાના પાલક પ્રધાન હતા. હવે તેને સ્થાને ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન પંકજ ભોયરને આ જવાબદારી સોંપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન પંકજ ભોયરને ભંડારા જિલ્લાના પાલક પ્રધાનની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે વર્તમાન પાલક પ્રધાન સંજય સાવકરેને બુલઢાણા જિલ્લાના સંયુક્ત પાલક પ્રધાન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ મોટા નિર્ણયથી રાજકીય વર્તુળોમાં ગરમાગરમ ચર્ચાઓ શરૂ થઈ છે અને સંજય સાવકરેને કેમ હટાવવામાં આવ્યા? તે અંગે હવે મિશ્ર ચર્ચાઓ થઈ રહી છે.

મહારાષ્ટ્ર સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રકાશિત એક પત્રિકામાં આ ફેરફાર વહીવટી કારણોસર કરવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે, પરંતુ આ કારણ ગળે ઉતરતું નથી. હવે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ફેરફાર બાદ જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યોને નવી ગતિ મળશે.

જોકે, ખાનગીમાં એવી ચર્ચા ચાલી રહી હતી કે સાવકરે પૂર્ણ-સમયના પાલક પ્રધાન તરીકે ઉપલબ્ધ નહોતા એવી તેમની સામે ફરિયાદ હતી. કહેવાય છે કે આ જ કારણસર આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સાવકરે ફક્ત વાર-તહેવારે ભંડારા આવતા હતા. ભંડારામાં જ્યારે પૂરની સ્થિતિ સર્જાઈ હતી ત્યારે પણ તેઓ જોવા મળ્યા નહોતા અને તેને કારણે લોકોમાં તેમના વિરુદ્ધ નારાજગી જોવા મળી રહી હતી. તે સમયે એવી પણ માગણી કરવામાં આવી હતી કે ભંડારાને નજીકના જિલ્લાનો પાલક પ્રધાન આપવામાં આવે.

# મહારાષ્ટ્ર સરકારે ઓબીસીના કલ્યાણ માટે કેબિનેટ સબ-કમિટીની રચના કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે ઓબીસી માટે કલ્યાણકારી પગલાં ઝડપી બનાવવા અને નોકરી ક્વોટા સંબંધિત મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે એક કેબિનેટ સબ-કમિટીની રચના કરવાનો નિર્ણય લીધો છે, એમ જણાવતાં સૂત્રોએ કહ્યું હતું કે, મરાઠા સમુદાય દ્વારા અનામત આંદોલનનો બીજો રાઉન્ડ શરૂ થવાની શક્યતા છે. રાજ્યમાં ઓબીસી કલ્યાણ માટે પહેલેથી જ એક અલગ મંત્રાલય છે, જેનું નેતૃત્વ હાલમાં ભાજપના કેબિનેટના સભ્ય કરે છે.સૂત્રોએ જણાવ્યું હતું કે ઓબીસી (અન્ય પછાત વર્ગો) માટેની કેબિનેટ સબ-કમિટી સમુદાય માટે કલ્યાણકારી પગલાં ઝડપી બનાવવા અને ક્વોટા સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે કામ કરશે. શાસક મહાયુતિ ગઠબંધનમાં ત્રણેય ભાગીદારો ભાજપ, શિવસેના અને એનસીપીએ પોતપોતાના પ્રધાનોના નામ આપ્યા પછી નવી સંસ્થાના સભ્યોની જાહેરાત કરવામાં આવશે, એમ પણ તેમણે જણાવ્યું હતું. ફેબ્રુઆરી ૨૦૨૪માં એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારે સ્ટેટ બેકવર્ડ કમિશનની ભલામણો સ્વીકાર્યા પછી મરાઠાઓને એક અલગ શ્રેણી હેઠળ સરકારી નોકરીઓ અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય લીધો હતો.

પાંચમા પાનાનું ચાલુ

## આજથી ગણેશોત્સવનો

તળાવની વ્યવસ્તા કરવામાં આવી છે. ભક્તોને તેમના ઘરની નજીક આવેલા વિસર્જન સ્થળોની માહિતી પાલિકાની વિસર્જન https://www.mcgm.gov.in વેબસાઈટ પર ઉપલબ્ધ થશે. તેમ જ યાદી જોવા માટે ક્યૂઆર કોડ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

ગણેશોત્સવ દરમ્યાન નીકળનારા ફૂલ-હારના નિર્માલ્યને ગમે ત્યાં નહીં ફેકતા પાલિકાના નિર્માલ્ય વવાહનોને હસ્તાંતર કરવાની સૂચના પણ પાલિકાએ આપી છે. તે માટે પાલિકાના વોર્ડ સ્તરે સંપર્ક સાધવાનો રહેશે.

## વરસાદનું વિઘ્ન

મંગળવારે આખો દિવસ વાદળિયું વાતાવરણ રહેવાની સાથે છૂટોછવાયો વરસાદ પડયો હતો. તો રાજ્યમાં કોંકણ સહિત અનેક જિલ્લામાં દિવસ દરમ્યાન પડેલા ભારે વરસાદને કારણે ગણેશોત્સવ માટે ખાસ મુંબઈથી કોંકણ જનારા લોકોને ભારે હાલાકીનો અનુભવ થયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ મુંબઈ, થાણે અને પાલઘરમાં બુધવારે વરસાદનું જોર રહેશે. તો કોંકણ, ગોવામાં ૩૦ ઑગસ્ટ સુધી મુશળધાર વરસાદની શક્યતા છે. મહારાષ્ટ્રની સાથે જ ગુજરાતને પણ વરસાદનો ફટકો પડી શકે છે.

## થાણે-બેલાપુર

નીકળેલા નાગરિકોને મુશ્કેલી પડી હતી. દિઘાથી કલવા ચોક સુધી ટ્રાફિક જામને કારણે નાગરિકો કંટાળી ગયા હતા. સવારે ૯.૩૦ પછી પણ અહીં ટ્રાફિક જામની સમસ્યા યથાવત હતી. હવે પ્રશ્ન એ થઈ રહ્યો છે કે કલવા-વિટાવા વિસ્તારમાંથી કન્ટેનર પર પ્રતિબંધ હોવા છતાં આ વાહન અહીં કેવી રીતે પહોંચ્યું. આ કન્ટેનર નવી મુંબઈથી થાણે તરફ લઈ જઈ રહ્યું હતું.

બીજી તરફ, ખાડી બ્રિજ સેક્શન પર મુંબઈ-નાસિક હાઈવે પર અચાનક એક કાર ખરાબ થઈ ગઈ હતી. મુંબઈ-નાશિક હાઈવે પર રસ્તાઓની ખરાબ હાલત, વાહનોના ભારે ટ્રાફિક અને વાહન બંધ પડવાથી ટ્રાફિક જામની સમસ્યા વધી હતી. સાકેત બ્રિજથી માનકોલી સુધી વાહનોની કતારો લાગી હતી. ટ્રાફિક પોલીસે સ્થળ પર જઈને ફસાયેલા કન્ટેનર અને કારને તાત્કાલિક દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ત્યાં સુધીમાં ભીડ વધી ગઈ હતી. નાગરિકોનું કહેવું છે કે થાણેની વધતી વસ્તી, વાહનોની વધતી સંખ્યા અને તે મુજબ રસ્તાઓની અપૂરતી ક્ષમતા વારંવાર ભીડ પાછળના મુખ્ય કારણો છે.

## મુહૂર્ત મળી ગયું

એમએમઆરડીએની માગણી મુજબ ટ્રાફિક પોલીસે આ બ્રિજને વાહનવ્યવહાર માટે બંધ કરવાનો નિર્ણય લીધો છે અને ૧૦ સપ્ટેમ્બરના રાતથી બ્રિજ બંધ કરીને તેને તોડી પાડવાનું કામ ચાલુ કરવામાં આવવાનું છે. જોકે રહેવાસીઓ સતત વિરોધ કરી રહ્યા છે અને ફરી રસ્તા પર ઊતરવાની તૈયારીમાં હોવાનું જાણવા મળ્યું છે.

દક્ષિણ મુંબઈથી અટલ સેતુ પર પહોંચવું સરળ રહે તે માટે એમએમઆરડીએએ શિવડી-વરલી નવો ડબલ ડેકર એલિવેટેડ રોડ બાંધવાનો નિર્ણય લઈને કામ શરૂ કર્યું હતું. મુખ્યત્વે પ્રભાદેવીમાં એલ્ફિન્સ્ટન બ્રિજને તોડી પાડવો આવશ્યક છે, તે માટે એમએમઆરડીએ ફેબ્રુઆરી, ૨૦૨૫થી પ્રયાસ કરી રહી હતી પણ ત્યાં આવેલી ૧૯ બિલ્ડિંગને તોડી પાડવાની આવશ્યકતા હોવાથી કામ અટવાઈ પડ્યું હતું. સ્થાનિક રહેવાસીઓના ભારે વિરોધ પગલે છેવટે એમએમઆરડીએ દ્વારા પ્લાનમાં ફેરફાર કર્યો હતો, તેને કારણે હવે ૧૯ને બદલે ફક્ત બે જ બિલ્ડિંગને તોડી પાડવામાં આવવાની છે.

આ બિલ્ડિંગના રહેવાસીઓના પુનર્વસન બાદ પુલને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પણ બંને બિલ્ડિંગના રહેવાસીઓ તેની સામે વિરોધ કરી રહ્યા છે અને એ જ જગ્યાએ તેમનું પુનવર્સન કરવાની માગણી કરી રહ્યા છે. તે માટે તેઓ રસ્તા પર ઊતરી આવ્યા હતા અને એપ્રિલમાં પુલ બંધ કરવા દીધો નહોતો. તેથી આ પુલને તોડી પાડવાનું કામ આગળ ધકેલવામાં આવ્યું હતું. હવે જોકે ટ્રાફિક પોલીસે બ્રિજને ગણેશોત્સવ બાદ તોડી પાડવાની મંજૂરી આપી દીધી છે. તેથી ૧૦ સપ્ટેમ્બરના રાતના બ્રિજને બંધ કરીને તોડવાનું શું કરવામાં આવશે.

જોકે રહેવાસીઓએ તેમની પુનર્વસનની માગણીનો સ્વીકાર નહીં કરતા બ્રિજ તોડવાનો નિર્ણય કેવી રીતે લેવામાં આવ્યો એવી નારાજગી સાથે ફરી રસ્તા પર ઉતરવાની હોવાનું માનવામાં આવે છે.

## ચોપાટી પર

છે. ચોમાસામાં ઑગસ્ટથી ઑક્ટોબર દરમ્યાન બ્લુ બટન જેલીફિશ અને સ્ટિંગ રે પ્રજાતિની માછલીઓ મુંબઈના દરિયાકિનારા પર મોટી સંખ્યામાં આવતી હોય છે અને છીછરા પાણીમાં એટલે કે કિનારા પાસે રહેતી હોય છે.

જો કોઈ માસણ કિનારા પાસે જાય તો આ માછલીઓ પગમાં ડંખ મારે છે અને તે ઝેરી હોવાથી ભક્તોને તેનો ત્રાસ થઈ શકે છે. તેથી મુંબઈ મહાનગરપાલિકાએ વિર્સજન સ્થળો પર શું તકેદારી રાખવી તે માટે ગાઈડલાઈન બહાર પાડી છે.

પાલિકા પ્રશાસનના જણાવ્યા મુજબ મુંબઈની કિનારપટ્ટી એક સુરક્ષિત કિનારપટ્ટી છે. દરિયા કિનારા પર પાણી પ્રવાહ ધીમો હોય છે. તેથી જેલીફિશ જેવા જળચરો માટે અહીં મોટા પ્રમાણમાં ખાદ્ય તૈયાર થતો હોય છે. તેથી આ સમયગાળા દરમ્યાન બ્લૂ બટન જેલી જેવા જળચરો મોટી સંખ્યામાં આવતા હોય છે.

કિનારા પર પાણીનો પ્રવાહ ઓછો હોવાની સાથે જ જગ્યા સંરક્ષિત હોવાથી કિનારા પર રહેલી માટીમાં 'સ્ટીંગ રે' પણ મોટા પ્રમાણમાં આવતી હોય છે. તેથી ગણેશભક્તો અને પર્યટકોને આ સમયગાળા દરમ્યાન સાવધાની રાખવાની રહેશે.

પાલિકાના આરોગ્ય ખાતાએ બહાર પાડેલી ગાઈડલાઈન મુજબ ગણેશવિસર્જન દરમ્યાન ભક્તોએ પોતાની મૂર્તિનું વિસર્જન પાલિકાએ નીમેલા લાઈફગાર્ડ અને પાલિકાની યંત્રણા મુજબ જ કરવું.

ગણેશ વિસર્જન દરમ્યાન ભક્તોએ ખુલ્લા શરીરે દરિયામાં પ્રવેશ કરવો નહીં. પગમાં માછલીઓ ડંખ મારે નહીં તે માટે ગમબુટનો ઉપયોગ કરવો.

તેમ જ તમામ ગણેશભક્તોએ ચોપાટી પર ઉપલબ્ધ રહેલી પાલિકાની ગણેશોત્સવ સિસ્ટમનો ઉપયોગ કરવો અને વિસર્જન સ્થળ પર લાઉડસ્પીકર પર કરવામાં આવતી ઘોષણાને ધ્યાનથી સાંભળવું. તેમ જ નાના બાળકોને પાણીમાં લઈ જવા નહીં.

### જેલીફિશ ડંખ મારે તો શું કરવું?

માછલીઓ ડંખ મારે તો ચોપાટીઓ પર ઊભા કરવામાં આવેલા મેડિકલ રૂમમાં તરત ભક્તોએ પહોંચી જવું. ત્યાં ૧૦૮ નંબરની ઍમ્બ્યુલ્સની સુવિધા ઉપલબ્ધ છે.

સ્ટીંગ રે ડંખ મારે તે જગ્યાએ ચટકો લાગે એવો અનુભવ થાય. તેમ જ જેશીફિશના ડંખને કારણે મોટા પ્રમાણમાં તે જગ્યાએ ખંજવાળ ચાલુ થઈ જાય.

બંને માછલીઓ ડંખ મારે તો નાગરિકો ગભરાઈ નહીં જતા તાત્કાલિક નજીક આવેલા પ્રથમોચાર કેન્દ્રમાં અથવા હૉસ્પિટલમાં જઈને પ્રથમોપચાર કરાવવો. જેલીફિશના ડંખવાળા ટેન્ટેકલ્સ કાળજીપૂર્વક દૂર કરવા. જેલીફિશે જયાં ડંખ માર્યો હોય તે જખમને ખંજવાળવી નહીં અને જયાં તેણે ડંખ માર્યો હોય તે જગ્યાને સ્વચ્છ પાણીથી ધોઈ કાઢવી અને તે જગ્યાએ બરફ લગાવવો.

## ફૂલોના ભાવ

બમણા થઈ ગયા છે. ગણેશોત્સવની પૂર્વસંધ્યાએ બજારમાં શેવંતી ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો અને ગુલાબ ૬૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા હતા. અન્ય ફૂલોના ભાવ પણ બમણા થઈ ગયા છે.

ગણેશોત્સવ દરમિયાન શણગાર અને પૂજા માટે બજારમાં ફૂલોની સૌથી વધુ માંગ હોય છે. રાજ્યભરમાં પડી રહેલા ભારે વરસાદના કારણે ફૂલોના ઉત્પાદન પર અસર પડી છે.

ગલગોટા પહેલા ૬૦ થી ૮૦ રૂપિયા પ્રતિ કિલો વેચાતા હતા, તે હવે ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે. તેવી જ રીતે શેવંતી પહેલા ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યા હતા, જે હવે ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યા છે.

આ ઉપરાંત ૨૦૦ કિલોના ભાવે મળતા ગુલાબના હવે ૬૦૦ રૂપિયા થઈ ગયા છે અને એસ્ટર ફૂલો પહેલા ૮૦ રૂપિયા પ્રતિ કિલો વેચાતા હતા, જે હવે તે ૧૮૦ થી ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે.

## મેટ્રો-૧ પણ

સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. ગણેશોત્સવ દરમ્યાન ગણેશભક્તો મોડી રાત સુધી બહાર રહેતા હોય છે. તેથી તેમને ઘરે પાછા ફરવામાં અસુવિધા થાય નહીં તે માટે તમામ મેટ્રો લાઈનની છેલ્લી સર્વિસને વધારવામાં આવી છે. મુંબઈ મેટ્રો-વન ગણેશોત્સવ દરમ્યાન રાતના એક વાગ્યા સુધી દોડશે.

વર્સોવાથી ઘાટકોપર માટે છેલ્લી મેટ્રો ૧૨.૧૫ વાગે ઉપડશે અને ઘાટકોપરથી વર્સોવા માટે છેલ્લી મેટ્રો ટ્રેન રાતના ૧૨.૪૦ વાગે ઉપડશે.

મેટ્રો વનની સાથે જ મેટ્રો લાઈન ટુ-એ (અંધેરી -પશ્ચિમ) અને મેટ્રો સાત(ગુંદવલી) પર પણ ગણેશોત્સવ દરમ્યાન મોડી રાત સુધી ટ્રેન દોડશે અને તે માટે મેટ્રો રેલનું ખાસ ટાઈમટેબલ પણ બનાવવામાં આવ્યું છે.

એમએમઆરડીએના જણાવ્યા મુજબ ગણેશોત્સવ દરમ્યાન સોમવારથી શુક્રવાર ૩૧૭ મેટ્રો ટ્રિપ થશે. સામાન્ય દિવસમાં ૩૦૫ ટ્રિપ થતી હોય છે.

ભીડના સમયે દર પાંચ મિનિટને પચાસ સેકેન્ડે એક ટ્રેન દોડાવવામાં આવશે. ઓફ પીક અવર્સમાં દર નવ મિનિટ ત્રીસ સેકેન્ડ એક ટ્રેન દોડાવવામાં આવશે. શનિવારે ૨૫૬ ટ્રિપ હશે, જે સામાન્ય દિવસોમાં ૨૪૪ ટ્રિપ હોય છે.

ભીડના સમયે દર આઠ મિનિટ અને છ સેકેન્ડે એક ટ્રેન દોડશે. ઓફ પીક અવર્સમાં દર ૧૦ મિનિટ પચ્ચીસ સેકેન્ડે એક ટ્રેન દોડશે. રવિવારે કુલ ૨૨૯ ટ્રિપ હશે, જે સામાન્ય દિવસમાં ૨૧૭ હોય છે અને દર દસ મિનિટે એક ટ્રેન દોડશે.

## બજારમાં કૃત્રિમ

અછત હોવાથી હવે આ અછત કૃત્રિમ વસ્તુઓથી ભરવામાં આવી રહી છે.

આજકાલ બજારમાં મળતા કૃત્રિમ કેળાના પાન પણ બિલકુલ વાસ્તવિક કેળાના પાન જેવા હોય છે અને હાથમાં પકડ્યા પછી પણ તેમની વચ્ચે બહુ ફરક વરતાતો નથી. સત્યનારાયણની પૂજા પછી ગણપતિ બાપાને પ્રસાદ ચઢાવતી વખતે અને મહેમાનોને ભોજન પીરસતી વખતે કેળાના પાનનો ઉપયોગ કરવામાં આવે છે.

આ કૃત્રિમ કેળાના પાંદડા પ્રતિ પાન ૫૦ રૂપિયાના મળે છે, જે કુદરતી પાંદડા કરતાં દસ ગણા વધુ ખર્ચાળ છે. પરંતુ તેની ફાટવાની શક્યતા ઓછી છે, તે ફરીથી વાપરી શકાય છે. તેથી ખરીદદારો તેને પસંદ કરી રહ્યા હોય તેવું લાગે છે.

## મુંબઈથી નાંદેડ

જાલના, ઔરંગાબાદ, મનમાડ, નાસિક રોડ, કલ્યાણ, થાણે અને દાદર જેવા મુખ્ય સ્ટેશનો પર ઉભી રહેશે.

મહારાષ્ટ્ર શીખ એસોસિએશને જણાવ્યું હતું કે ટ્રેન નંબર ૨૦૭૦૫ અને ૨૦૭૦૬ બુધવાર (૨૭ ઓગસ્ટ, ૨૦૨૫) થી નિયમિતરૂપે દોડશે.

ટ્રેન નંબર ૨૦૭૦૫ નાંદેડથી સવારે ૫:૦૦ વાગ્યે ઉપડશે અને બપોરે ૨:૨૫ વાગ્યે મુંબઈ સીએસએમટી પહોંચશે.

પરત ફરતી વખતે, ટ્રેન નંબર ૨૦૭૦૬ મુંબઈ સીએસએમટીથી બપોરે ૧:૧૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૧૦:૫૦ વાગ્યે નાંદેડ પહોંચશે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સેવા અઠવાડિયામાં છ દિવસ ચાલશે. તે બુધવારે નાંદેડથી અને ગુરુવારે મુંબઈથી ચાલશે નહીં.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ કોથા, હાલ ભાયંદરના રહેવાસી મનુભાઇ વસનજી પટેલ (ઉં. વ. ૮૪) શુક્રવાર, તા. ૨૨-૮-૨૫ના દેવલોક પામેલ છે. તે સ્વ. પાર્વતીબેન વસનજી તથા સ્વ. વસનજી ડાહ્યાભાઇના સુપુત્ર. તે સવિતાબેનના પતિ. તે અરુણભાઇ, દિપકભાઇ, છાયાના પિતાશ્રી. તે નંદાબેન, સ્વ. નયનાબેન, ભરતભાઇના સસરા. તે ચંદ્રકાન્તભાઇ, સ્વ. સૂર્યકાંતભાઇ, સ્વ. હરીશભાઇ, રમાબેન, જશુબેન, સ્વ. સુશીલાબેન, સ્વ. મંજુલાબેનના ભાઇ. તેમનું બેસણું શુક્રવાર, તા. ૨૯-૮-૨૫ના રોજ બપોરે ૨થી ૫. તથા પુચ્છપાણી મંગળવાર, તા. ૨-૯-૨૫ના રોજ બપોરે ૩થી ૫ તેમના નિવાસસ્થાને રાખેલ છે. ઠે. શિર્ડીનગર, સાંઇ દર્શન બિલ્ડિંગ, ગ્રાઉન્ડ ફલોર, રૂમ નં. ૮, સાઇબાબા મંદિરની સામે, ભાયંદર (પૂર્વ). લૌકિક રિવાજ બંધ છે.

**દશા લાડ વણીક**

મુળ ગામ વ્યારા, હાલ ગોરેગાંવ, મુંબઈ નિવાસી સ્વ. જયેશભાઈ લલ્લુભાઈ શાહના ધર્મપત્ની ઈલાબેન (ઉં.વ.૭૪) શનિવાર તા. ૨૩ ઑગસ્ટ ૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે ગો.વા.ચંપકલાલ ભોગીલાલ માસ્ટર તથા સ્વ.રસિકાન્તા ચંપકલાલ માસ્ટરના પુત્રી. તે ચિ. વિશાલના માતુશ્રી, અ.સૌ. હિરલના સાસુ તથા ચિ.ટીવસાના દાદી. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

**ઔદીચ્ય ટોળક બ્રાહ્મણ**

ભાલેદ નિવાસી હાલ કાંદિવલી, નિખિલચંદ્ર હર્ષદલાલ વ્યાસ (ઉં. વ. ૭૮) તે આશાબહેનના પતિ. શાર્દુલના પિતા. અ.સૌ કિરણના સસરા. રાજેન્દ્ર અને જાગૃતિ હિતેશકુમારના ભાઈ. સાકરલાલ છોટાલાલ પંડ્યાના જમાઈ. કરણના દાદા. રવિવાર તા. ૨૪-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. હરસુખલાલ અમૃતલાલ મોદીના ધર્મપત્ની કલાવતીબેન (ઉં. વ. ૮૬) તે ચેતન, વિરેન્દ્ર, રશ્મિ, સંધ્યાના માતુશ્રી. રાજેશભાઈ, જગદીશભાઈ, માયા, ચેતન, બીના, વીરેન્દ્રના સાસુ. ધ્રુમીલ, દીશા, ઈશીતા, ગોરસી, સંકેત, અમીષાના બા. સ્વ. નાનાલાલ, લલીતભાઇ, મધુકાન્તભાઈ, સ્વ.મંજુલાબેન, આશાબેન, કુમુદબેન, સ્વ. જસવંતીબેન, સ્વ.કુસુમબેનના ભાભી. તા. ૨૩/૮/૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બાબરા નિવાસી હાલ કાંદીવલી, ગો.વા. દુર્લભજી પીતાંબરદાસ મલકાણના સુપુત્ર અશોકભાઈ તે ભારતીબેનના પતિ. ગો. વા. ગુણવંતભાઈ, ગો. વા. હરેશભાઇ, ડોલરભાઈ, કીરીટભાઈ, ગં. સ્વ. પ્રેમિલાબેન મનસુખલાલ ગગલાણી, ગં. સ્વ. સરોજબેન અમૃતલાલ મોતીપરાના ભાઈ. સ્વ. પ્રભુદાસ કાલીદાસ મુંજયાસરના જમાઈ. સ્નેહા તથા મયંકના પિતાશ્રી. નેહા તથા નિખીલ પ્રફુલચંદ્ર માલવીયાના સસરા. તા.૨૩/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક ક્રિયા બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી, મહેશભાઈ મહેતા (ઉં. વ. ૮૦) નરોત્તમદાસ અને અનસુયાબેનના પુત્ર. હર્ષાબેનના પતિ. પ્રેમલ - કવિતા, વિરલ - ભાવિશા, નેહલ - રાજેશના પિતાશ્રી. દેવયાની યોગેશકુમાર સંઘવી, ચંદ્રિકા સ્વ. અજીતકુમાર વાલીયા અને આરતી મહેશભાઈ સંઘવીના ભાઈ. શ્રેયા, મૈત્રી, માહી શૌર્યના દાદા. ગોવર્ધનદાસ દોશીના જમાઈ. સોમવાર તા ૨૫/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વૈષ્ણવ-વણિક**

સરધાર નિવાસી હાલ રાજકોટ, ગં સ્વ. ધીરજબેન મગનલાલ ડાયાભાઈ લોટીયાના પુત્ર રમેશભાઈ લોટીયા (ઉં. વ. ૬૧) તા. ૨૫.૦૮.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દિપ્તીબેન(દિપાલી)ના પતિ. પાર્થભાઈ તથા દિશાબેનના પિતા. સ્વ. કુમુદભાઈ, અશ્વિનભાઈ, અ.સૌ ઇલાબેન હરવદનભાઈ પારેખ, સ્વ. જોસનાબેન જીતેન્દ્રભાઈ માંડવીયા, અ.સૌ મંજુબેનના જીતેન્દ્રભાઈ, ગં સ્વ. જયશ્રીબેન સુરેશભાઈ શ્રીમાંકર, અ.સૌ. કાશમીરાબેન રાજેશભાઈ ધ્રૂવના નાનાભાઇ. ભાવનાબેન, ચંદ્રિકાબેનના દિયર, સ્વ. ત્રિભુવનદાસ, સ્વ. વૃજલાલ, સ્વ. પ્રભુદાસ પોપટલાલ ધોળકિયાના ભાણેજ. તેમનું ટેલિફોનીક બેસણું તા. ૨૮-૮-૨૫ના ગુરુવાર સાંજે ૪ થી ૬.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ગધકડા નિવાસી હાલ મુંબઈ, અનિલ તે સ્વ. મધુબેન તથા સ્વ. હર્ષદરાય પ્રભાશંકર પંડ્યાના પુત્ર (ઉં. વ. ૫૮) તા. ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ના શ્રીજીચરણોમાં વિલિન થયાં છે. તે વર્ષા, કામિની જયપ્રકાશ તોડાઈ અને અર્ચનાના ભાઈ, રિદ્ધિ, સિધ્ધાંત અને અનિસના મામા. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ભેરાઇ નિવાસી હાલ મલાડ, નંદલાલ ગિરધરલાલ વડેરાના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૮૨) સોમવાર તા. ૨૫/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેશભાઈ તથા મહેશભાઈના માતુશ્રી. રાજેશ્રી તથા ચંદ્રિકાના સાસુ. નિધિ કુશકુમાર પાબારી, જીનલ શશાંકકુમાર સંઘવી, રિચા પાર્થકુમાર પાબારી, મોહિતના દાદી. કલ્યાણ નિવાસી, સ્વ. દેવકુરબેન ઠાકરસી કતીરાના દીકરી. તેમની બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૮/૮/૨૫ના ૧૦.૦૦ થી ૧૨.૦૦. લોહાણા મહાજનવાડી, શંકરમંદિરની બાજુમાં, જ.ટ. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. સુલોચનાબહેન બાટ (ઠક્કર) (ઉં. વ.૬૮) સોમવાર, તા. ૨૫-૮-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. સ્વ. જીતેન્દ્ર પ્રેમજી બાટના ધર્મપત્ની. ધર્મેશ અને મનીષના માતુશ્રી. મિતા, વીભાના સાસુજી. રમેશ પ્રેમજી બાટના ભાભીજી. વિમળાબેનના જેઠાણી. સ્વ. કેશવજી નરશી અને સ્વ. કલાવતી ધીરાવાણીના સુપુત્રી રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટિયા**

કાલાવડ નિવાસી હાલ મુંબઇ, ગં. સ્વ. કુસુમબેન કૃષ્ણરાજ ઉદેશી (મંજુબેન) (ઉં.વ.૮૧) તે સ્વ. કૃષ્ણરાજ તુલસીદાસ ઉદેશીના ધર્મપત્ની. તે ગોપાલદાસ ઉદેશીના ભાભી, ભાયાવદરવાળા સ્વ. રણછોડદાસ ભીમજી આશરના દીકરી. તા. ૨૫-૮-૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ નલિયા તેરા હાલ દાદરના મુકેશ વસંતકુમાર ચંદનના પત્ની અ. સૌ. દર્શના (ઉં. વ. ૫૯) તા. ૨૫-૮-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. જયોતિબેન અને સ્વ. વસંતકુમાર ચંદનના પુત્રવધૂ. તે સોહિણીબેન અને પ્રવીણભાઇ ઠક્કર (ટપ્પર સોનારવાળી)ના પુત્રી. દિશા અને અમિષાના માતા. શાનયા રોહન શાહના નાની. સ્વ. અમરભાઇના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદ હાલ મુંબઇ સ્વ. દમયંતી નગીનદાસ ગોરાડિયાના સુપુત્ર અશોક (ઉં. વ.૭૭) તે કિરણ, નીલા પ્રકાશ મહેતા, રેખા ગૌતમ ભુતાના મોટાભાઇ. ફાલ્ગુનીના જેઠ. હર્ષવર્ધનના કાકા. પરાગ, લોપા ને કાનન મિહિર શાહના મામા. તે શિહોરવાળા રતિલાલ મણીલાલ પારેખના ભાણેજ. તા. ૨૬-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## પારસી મરણ

આરાન રુસ્તમ ઇરાની તે મરહુમ રુસ્તમના ધન્યાની. તે મરહુમો થ્રીતી અરદેશીર વારીયાવાનાના દીકરી. તે મરવીન, રુપીના ને જેસમીનના માતાજી. તે રકશદા ઇરાનીના બપઇ. તે કયાન ને કામરાનના મમઇ. તે હુફરીઝ, હફીઝ, ફ્રેદી, મરહુમ બીનાઇફરના સાસુજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. શીરજી હાઉસ, ત્રીજે માળે, ૭૫ મીન્ટ રોડ, જી. પી. ઓ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૮-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, દાદીશેઠ અગિયારીમાં છેજી.

રોશન નોશીર ધામનીવાલા તે મરહુમ નોશીરના ધન્યાની. તે મરહુમો આલામાય કૈખશરૂ ગોવેકરના દીકરી. તે દીનાઝ ને તનાઝના માતાજી. તે બેનાઝ ને માનેકના સાસુજી. તે ઝરીનના બહેન. તે મેહર, તુશના ને તીયાના ગ્રેન ચીલડ્રન. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૯બી/૫૦૪, બેહરામ બાગ, પારસી કોલોની બેહરામ બાગ, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૮-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, બેહરામ બાગ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભંડારીયા (કામળીયા) નિવાસી હાલ મુલુંડ, હર્ષદભાઈ જયંતીલાલ શાહના ધર્મપત્ની અ. સૌ. વાસંતીબેન (નાનીબેન) (ઉં. વ. ૭૨) તા. ૨૩/૮/૨૫ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે હિરેન, ચિંતન, સારિકાના માતુશ્રી. મેહુલકુમાર દોશી અને અ.સૌ. જીનલના સાસુ. ધનવંતરાય (કાકુભાઇ), શૈલેષભાઇ, હર્ષાબેન ગુણવંતરાય શાહના ભાભી. પિયરપક્ષે સ્વ. રતિલાલ કેશવજી દોશી, દેવળિયાવાળાની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જોરાવરનગર નિવાસી હાલ દહિસર, સ્વ. જગજીવનદાસ છોટાલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. અનુમતિબેન (ઉં. વ. ૯૦), તા.૨૫/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કલ્પના અશ્વિનકુમાર સંઘવી, સુધીર - દિવ્યા, અતુલ-સરોજ, મનીષ - સુજાતાના માતુશ્રી. સ્વ. પાનાચંદભાઈ, સ્વ. ધીરુભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. પુનમચંદભાઈ, સ્વ. કમળાબેન, સ્વ. નારંગીબેન, સ્વ. કોકીલાબેનના ભાભી. સ્વ. છોટાલાલ મગનલાલ સંઘવીના દીકરી. ઉર્વીશ - નેહા, દર્શિતા - કનન, સૌરભ - ક્રીના, ધૈવંત - ધ્વનિ, ગૌરવ - હર્ષના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ જુહુ સ્કિમ ડો. વિનોદભાઇ વૃજલાલ શેઠ (ઉં. વ. ૮૮) શનિવાર, તા. ૨૩-૮-૨૫ના અરિહંતશરણ થયા છે. તે કોકિલાબેનના પતિ. અ. સૌ. કેતકી જયેશ, અ. સૌ. હિના દિપેશના સસરાજી. સ્વ. બીપીનભાઇ, કિરીટભાઇ, અનિલભાઇ, મૃદુલાબેન ચંપકલાલ, સ્વ. ઇલાબેન બાબુભાઇ, અ. સૌ. પ્રફુલાબેન દિનેશચંદ્રના ભાઇ. તે લખતર નિવાસી હાલ અમદાવાદ, સ્વ. ડો. ધીરજલાલ કેશવલાલ શાહના જમાઇ. ડો. મનન, અ. સૌ. પલક રોહન, ડો. ઉમંગ, હર્ષના દાદાજી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૯-૮-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. જલારામ હોલ, જે. વી. પી. ડી, એન. એસ. રોડ, નં.૬, વિલેપાર્લે, (વેસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ ભુજના હાલ ઘાટકોપર કૃષ્ણાબેન શાહ (ઉં. વ. ૬૯) શુક્રવાર, તા. ૨૨-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુનિલભાઇના ધર્મપત્ની. તે જયાબેન અને જેઠાલાલ પોપટલાલ શાહ (ભુજ)ના પુત્રવધુ. તે ધનલક્ષ્મીબેન અને છગનલાલ દેવચંદ શાહ (માંડવી)ના સુપુત્રી. નીરવ તથા કેવલ, વૈશાલી તથા નેહાના માતુશ્રી. વૃત્તિકા, જશ અને માનવના દાદી. કલ્પનાબેન સંદીપભાઇ બુટાલાના ભાભી. પ્રાર્થનસભા શુક્રવાર, તા. ૨૯-૮-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ભાનુશાળી વાડી, ૧લે માળે, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજાના દેવકાબેન ધરમશી ચના લખમશી ધનાણીના સુપુત્રી પ્રભાબેન (શાહ) (ઉં. વ. ૮૦) તા. ૨૪-૮ના અવસાન પામેલ છે. દેશલપરના ડો. મગનલાલ ચત્રભુજના પુત્રવધૂ. બેરાજાના ડો. ભોગીલાલ મગનલાલના ધર્મપત્ની. નીતા રમણીકલાલ, જયશ્રી વસંતભાઇ, છાયા પ્રફુલભાઇ, જયોત્સના સંજયભાઇ, મીના દિલેશભાઇ, સમીરના માતુશ્રી. ભચુભાઇ, રૂક્ષ્મણીબેન રવીલાલ, રતનબેન પદમશી, સુંદરબેન ભવાનજી, લક્ષ્મીબેન રમણીકલાલ, તારાબેન વસનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સમીર શાહ, જી વિંગ-૭૦૬, નવનીત નગર, દેશલેપાડા, ડોમ્બિવલી (ઇસ્ટ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વલભીપુર નિવાસી હાલ કાંદીવલી હસમુખભાઇ ચંદુલાલ મહેતા (ઉં. વ. ૮૪) તે સ્વ. તારાબેન પારેખ, સ્વ. વસંતબેન મણીયાર, સ્વ. પ્રતાપભાઇ, સ્વ. રમેશભાઇ, કિશોરભાઇ, પ્રમિલાબેન (રીટાબેન રવાની) રેખાબેન દોશીના ભાઇ. રસીલાબેનના પતિ. મેહુલ, સંગીતાના પિતા. પ્રીતિ અને પરેશભાઇના સસરા. શ્રદ્ધા ચિંતન મોટા, કિંજલના નાના. શ્રુતિ પ્રથમ શાહ અને શિખાના દાદા. તા. ૨૫-૮-૨૫ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ‘સર્વકાર્યેષુ સર્વદા’

# આજથી ગણેશોત્સવનો ધૂમધામથી શુભારંભ



(પીટીઆઈ)

## સુધરાઈ સહિત તમામ યંત્રણા સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત મહારાષ્ટ્રના આરાધ્ય દેવ ગણાતા વિઘ્નહર્તા ગણેશજીનું આજે આગમન થઈ રહ્યું છે ત્યારે તેમના આગમનથી લઈને વિસર્જન માટે મુંબઈ મહાનગરપાલિકા સજ્જ થઈ ગઈ છે. ગણેશભક્તોને ચોપાટી સહિત અન્ય વિસર્જન સ્થળ પર આવશ્યક તમામ સુવિધા, સ્વચ્છતા સહિત સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો છે. આ વર્ષે પણ છ ફૂટ સુધીની મૂર્તિ માટે કૃત્રિમ તળાવની વ્યવસ્થાની સાથે જ ગણેશમૂર્તિના વિસર્જન માટે તમામ બીચ પર લાઈટથી લઈને લોખંડની પાટ બેસાડવા સહિત લાઈફગાર્ડ, ફાયરબ્રિગેડ, આરોગ્ય સેવા વગેરે તમામ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે. નૈસર્ગિક વિસર્જન સ્થળોમાં મુખ્યત્વે ગિરગામ ચોપાટી, દાદર ચોપાટી, માહિમ રેતી બંદર ચોપાટી, જુહુ ચોપાટી, જોગેશ્વરીસ ગોરાઈ, પવઈ તળાવ સહિત છ ફૂટ સુધીની પ્લાસ્ટર ઓફ પેરિસની ગણેશમૂર્તિ માટે ૨૭૫ કૃત્રિમ (જુઓ પાનું ૪) ▶▶

## બજારમાં કૃત્રિમ ‘કેળાનાં પાન’, સ્થાનિક ખેડૂતોને ફટકો



ભાયંદરઃ છેલ્લા કેટલાક વર્ષોમાં ગણેશોત્સવની ઉજવણી કરતી વખતે પરંપરાગત સામગ્રીને બદલે નકલી અને કૃત્રિમ રીતે બનાવેલી વસ્તુઓનો ઉપયોગ મોટા પાયે વધી રહ્યો છે. આજકાલ બજારમાં કૃત્રિમ કેળાના પાન વેચાઈ રહ્યા છે. આનાથી બજારમાં બેઠેલા ખેડૂતોને ફટકો પડવાની શક્યતા છે. અગાઉ કૃત્રિમ ફૂલો અને ફળોનો ઉપયોગ ફક્ત સુશોભન માટે થતો હતો. જોકે શહેરી વિસ્તારોમાં પરંપરાગત વસ્તુઓની (જુઓ પાનું ૪) ▶▶

## ફૂલોનાં ભાવ બમણા થયા

થાણે : રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા વરસાદને કારણે ખેતરોમાં ફૂલોને વ્યાપક નુકસાન થયું છે. પરિણામે ઉત્પાદનમાં ઘટાડો થયો છે. થાણેના ફૂલ બજારમાં પણ ફૂલોનું આગમન ઘટ્યું છે, જેના કારણે ફૂલોના ભાવ (જુઓ પાનું ૪) ▶▶



**કૃત્રિમ ફુલોથી ખીલી બજારઃ** ગણેશોત્સવનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે કુદરતી ફુલોના ભાવ બમણા થયા છે. આ સિવાય ફુલો લાંબા સમય સુધી ટકી શકતા ન હોવાથી સજાવટમાં કૃત્રિમ ફુલો વાપરવામાં આવે છે. બજારમાં વિવિધ પ્રકારના આકર્ષક ફુલો જોવા મળે છે. (જયપ્રકાશ કેળકર)

## વરસાદનું વિઘ્ન રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજથી શરૂ થઈ રહેલા ગણેશોત્સવમાં ભક્તોને વરસાદનું વિઘ્ન નડવાની શક્યતા છે. બંગાળના ઉપસાગરમાં ફરી એક વખત લો પ્રેશર નિર્માણ થવાને કારણે રાજ્યમાં બરોબર ગણેશોત્સવ દરમ્યાન ભારે વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. મુંબઈ માટે આજે યલો અલર્ટ હોઈ ભારે વરસાદ પડવાની શક્યતા છે.

ગયા અઠવાડિયે મુંબઈને ધમરોળી નાખનારો વરસાદ ગણેશોત્સવમાં ફરી સક્રિય થવાની શક્યતા છે. મુંબઈમાં સોમવાર સવારના ભારે વરસાદ રહ્યા બાદ બપોર પછી બ્રેક લીધો હતો. (જુઓ પાનું ૪) ▶▶

## થાણે-બેલાપુર, મુંબઈ નાશિક હાઈવે પર ગંભીર ટ્રાફિક જૅમ

થાણેઃ છેલ્લાં કેટલાક દિવસોથી થાણેના નાગરિકો ટ્રાફિક જૅમથી પરેશાન છે. થાણે-બેલાપુર રોડ પર નવી મુંબઈના દીઘાથી થાણેના કલવા સુધી ટ્રાફિક જૅમ જોવા મળ્યો હતો. મુંબઈ-નાશિક હાઈવે પર સાકેત બ્રિજથી માનકોલી સુધી વાહનોની લાંબી કતારો જોવા મળી હતી જેના કારણે કામ માટે બહાર નીકળેલા નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ટ્રાફિક પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ મંગળવારે સવારે લગભગ ૭.૩૦ વાગ્યે અચાનક એક કન્ટેનર વિટાવા રેલવે ટનલમાં ફસાઈ ગયું જેના કારણે અહીંની ટ્રાફિક વ્યવસ્થા પર અસર પડી હતી. આ રસ્તો સાંકડો છે અને ભીડને કારણે કામ માટે બહાર (જુઓ પાનું ૪) ▶▶

## મેટ્રો-૧ પણ મોડે સુધી દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજથી શરૂ થઈ રહેલા ગણેશોત્સવ દરમ્યાન ગણેશભક્તોની સુવિધા માટે મેટ્રો રેલવેને મોડે સુધી દોડાવવાની તથા વધારાની સર્વિસ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ લીધો છે, જેમાં અગાઉ મેટ્રો લાઈન ટુ-એ અને મેટ્રો લાઈન-સાતની સર્વિસ વધારયા બાદ મંગળવારે મેટ્રો-વન પણ મોડે સુધી દોડાવવામાં આવશે એવું જાહેર કરવામાં આવ્યું હતું. આજથી શરૂ થઈ રહેલો ગણેશોત્સવ છ (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈથી નાંદેડ ‘વંદે ભારત’ ટ્રેનને લીલીઝંડી

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે નાંદેડથી મુંબઈને જોડતી વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપી. આ વંદે ભારત એક્સપ્રેસ મહારાષ્ટ્રના યાત્રાળુઓ, પ્રવાસીઓને વિશ્વ કક્ષાની સુવિધાઓ પૂરી પાડશે.

શીખ સમુદાય અને ગુરુ નાનક લેવા સંગત સંસ્થા લાંબા સમયથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની માંગણી કરી રહી હતી જે હવે પૂર્ણ થશે, જેને મહારાષ્ટ્ર શીખ એસોસિએશન એમએસએ દ્વારા સમર્થન મળી રહ્યું છે. આનાથી શીખ સમુદાયના લોકો માટે નાંદેડના પવિત્ર સ્થળ સુધી પહોંચવાનું ખૂબ સરળ બનશે.

વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન નંબર ૦૨૭૦૫ નું ઉદ્‌ઘાટન ૨૬-૮-૨૦૨૫ના કરાયું છે. આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન હઝુર સાહિબ નાંદેડથી સવારે ૧૧:૨૦ વાગ્યે ઉપડી અને રાત્રે ૯:૫૫ વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સીએસએમટી મુંબઈ પહોંચશે. આ ટ્રેન પરભણી, (જુઓ પાનું ૪) ▶▶

## ચોપાટી પર ‘સ્ટિંગ રે’ અને ‘બ્લુ જેલીફિશ’નું જોખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના દરિયા કિનારા પર ‘સ્ટિંગ રે’ અને ‘બ્લુ જેલીફિશ’ માછલીનું જોખમ ઊભું થયું છે. તેથી આજથી શરૂ થઈ રહેલા ગણેશોત્સવ દરમ્યાન પોતાની ગણેશમૂર્તિના વિસર્જન માટે દરિયા કિનારા પર આવનારા ગણેશભક્તોને સાવધાન રહેવાની અપીલ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી (જુઓ પાનું ૪) ▶▶

## મુહૂર્ત મળી ગયુંઃ વિસર્જન પછી એલ્ફિન્સ્ટન બ્રિજને ૧૦ સપ્ટેમ્બરથી બંધ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બ્રિટીશ કાળના ૧૨૫ વર્ષ જૂના પ્રભાદેવીમાં આવેલા એલ્ફિન્સ્ટન બ્રિજને ગણેશોત્સવ બાદ બંધ કરીને ૧૦ સપ્ટેમ્બરથી તેને તોડી પાડવા માટે મુંબઈ ટ્રાફિક પોલીસે મંજૂરી આપી દીધી છે. અટલ સેતૂને જોડનારા શિવડી-વરલી એલિવેટેડ રોડ પ્રોજેક્ટ અંતર્ગત આ જૂના બ્રિજને તોડીને તેની જગ્યાએ નવો ટૂ-વે એલિવેટેડ બ્રિજ બાંધવામાં આવવાનો છે.

સ્થાનિક રહેવાસીઓ આ બ્રિજને તોડી પાડવા સામે લાંબા સમયથી વિરોધ કરી રહ્યા હતા. નવો બ્રિજ બાંધવા માટે જૂના બ્રિજને તોડી પાડવો આવશ્યક હતો અને તે માટે મુંબઈ મેટ્રોપોલિટન લાંબા સમયથી પ્રયાસ કરી રહી હતી પણ રહેવાસીઓના આકરા વિરોધને કારણે કામ અટવાઈ પડ્યું હતું. હવે જોકે ગણેશોત્સવ બાદ (જુઓ પાનું ૪) ▶▶

## ગૌરક્ષકો ખેડૂતોને પરેશાન કરી રહ્યા છેઃ ભાજપ નેતાનો દાવો

મુંબઈઃ ભાજપના એમએલસી (વિધાન પરિષદના સભ્ય) સદાભાઉ ખોતે દાવો કર્યો છે કે ખેડૂતોને ગૌરક્ષકો તરફથી હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે અને જો આ મામલે કાર્યવાહી કરવામાં નહીં આવે તો વિરોધ પ્રદર્શનની ચેતવણી આપી છે.

જોકે તેમના પક્ષના સહયોગી અને મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ સોમવારે ગૌરક્ષકોની ટીકા કરતી વખતે ખોતને સંયમ રાખવાની અપીલ કરી હતી.

ખોતે દાવો કર્યો હતો કે સોમવારે બપોરે પોતાની મુલાકાત દરમિયાન પુણે નજીક ફુરસુંગી ખાતે કેટલાક ગૌરક્ષકોએ તેને ઢોર માર માર્યો હતો. જોકે તેને કોઈ ઈજા નહોતી થઈ અને હેમખેમ ત્યાંથી નીકળી શક્યો હતો. ગૌરક્ષકો ખંડણીખોર છે અને ખેડૂતોને ધમકી આપી રહ્યા છે એવો આરોપ કરી જણાવ્યું હતું કે તેઓ આ મુદ્દો મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ ઉઠાવશે.

‘ગૌરક્ષાની આડમાં રાજ્યમાં એક મોટી લોબી સક્રિય છે. તેમની પાસે કોર્પોરેટ ઓફિસ પણ છે. તેમના કારણે ખેડૂતો પરેશાન છે.

જો સરકાર કાર્યવાહી કરવામાં નિષ્ફળ જશે તો અમે પોલીસ સ્ટેશનોની સામે પશુ શિબિરો ઊભી કરીશું’ એમ રયાત ક્રાંતિ સંગઠનના વડા ખોતે સોમવારે પુણેમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું.

આ ટિપ્પણીઓ પર પ્રતિક્રિયા આપતા પ્રધાન રાણેનું કહેવું હતું કે ‘સદાભાઉ ખોતે ગૌરક્ષકો વિરુદ્ધ બોલતી વખતે તેમની ભાષા સૌમ્ય રાખવી જોઈએ કારણ કે તેઓ ગાયોની સુરક્ષા કરી રહ્યા છે. તેમણે એવા નિવેદનો ન કરવા જોઈએ કે જેનાથી હિન્દુ સમુદાયનું અપમાન થતું લાગે.’ (પીટીઆઈ)

## મરાઠા આંદોલન મુંબઈને બદલે ખારઘરમાં કરોઃ હાઈ કોર્ટ

મુંબઈઃ મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરાંગે-પાટીલે ૨૯ ઓગસ્ટે મુંબઈમાં રેલી યોજવાની જાહેરાત કરી છે. જોકે જરાંગે પરવાનગી વિના વિરોધ પ્રદર્શન કરી શકશે નહીં. બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો છે કે ગણેશોત્સવ પહેલા મુંબઈમાં ટ્રાફિકની ભારે સમસ્યા અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ટાળવા તેમને મુંબઈને બદલે ખારઘરમાં વિરોધ પ્રદર્શન કરવાનો વિકલ્પ આપવામાં આવે.

જરાંગેએ મરાઠા અનામતની માગણી માટે મુંબઈ આવી વિરોધ કરવાની ચીમકી આપી છે. ગણેશોત્સવ દરમિયાન આયોજિત વિરોધ પ્રદર્શન સામે જનહિત અરજી દાખલ કરવામાં આવી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ સંદીપ માર્નેની ખંડપીઠે મંગળવારે આ અરજીની સુનાવણી કરી હતી. એ સમયે અરજદારોને આવેદનપત્રમાં જરાંગેને પ્રતિવાદી બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. અદાલતે જરાંગેની કૂચ અંગે અરજદારો અને સરકારને ટૂંકમાં સાંભળ્યા બાદ આ આદેશ આપ્યો હતો.

ગણેશોત્સવ દરમિયાન મુંબઈમાં ભારે ભીડ જામે છે ત્યારે મરાઠા દેખાવકારોની પણ મોટી ભીડ જામશે અને મુંબઈગરાઓને અગવડ પડશે. ■

## ગણેશોત્સવ માટે કોંકણ જતી ટ્રેનોમાં ભીડઃ ચાર-પાંચ કલાક ટ્રેનો મોડી પડતા પ્રવાસીઓ હેરાન

મુંબઈઃ આજથી શરૂ થનારા ગણેશોત્સવનો ઉત્સાહ સમગ્ર મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યો છે. કોંકણમાં પણ કંઇક આવો જ માહોલ છે. આથી ઘણા મુંબઈગરાઓ ગણેશોત્સવ દરમિયાન કોંકણ પોતાના ગામડે જવાનું પસંદ કરે છે. આ કારણે કોંકણ જતી ટ્રેનોમાં, એસટી અને ખાનગી બસોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. આટલું ઓછું હોય તેમ કોંકણ જતી એસટી બસો અને ટ્રેનો મોડી દોડી રહી હોવાનું જોવા મળી રહ્યું છે. આ કારણે લોકોએ રોષ વ્યકત કરી રહ્યા છે.

કોંકણ રેલવેએ આ વર્ષે ગણપતિ નિમિત્તે ઘણી ટ્રેનો છોડી છે. પરંતુ મોટાભાગની ટ્રેનો મોડી ચાલી રહી છે. કોંકણ રેલવે વેબસાઇટ પરના લાઇવ ટ્રેકર મુજબ, આઠ થી દસ ટ્રેન એક થી પાંચ કલાક મોડી ચાલી રહી છે.

ગણેશોત્સવ નિમિત્તે કોંકણ રેલવે સ્પેશિયલ ટ્રેનો ચલાવી રહી છે. મુસાફરોના વધતા ધસારાને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ટ્રેનોને કોલાદ, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ, સાવરદા, સંગમેશ્વર રોડ, રત્નાગિરી, કંકાવલી, કુડાલ, સાવંતવાડી રોડ, મડગાંવ જંકશન, કારવાર અને ઉડુપી જેવા મુખ્ય સ્ટેશનો અને કેટલાક અન્ય નાના ગામડાઓમાં હોલ્ટ આપવામાં આવ્યા છે. ઘણા બધા હોલ્ટ અને વધુ ટ્રેનો દોડવાને કારણે ટ્રેક પર તણાવ આવવાથી ટ્રેનો મોડી દોડી રહી છે.

દર વર્ષે ગણેશોત્સવમાં હજારો ભાવિકો કોંકણ જતા હોય છે ત્યારે રોડ માર્ગે જવાને બદલે તેઓ રેલવે માર્ગે જવાનું વધુ પસંદ કરે છે જેથી સમયસર તેઓ પોતાને વતન પહોંચી શકે, પરંતુ ટ્રેનો પણ મોડી પડતા પ્રવાસીઓ અકળાયા હતા. હાઇવે પર ટ્રાફિક હોવાને કારણે હંમેશા એસટી બસ મોડી પડતી હોય છે. ■

### એલગાર પરિષદ

## બીમાર પિતાની મુલાકાત માટે આરોપીના વચગાળાના જામીન મંજૂર

મુંબઈઃ એલગાર પરિષદ - માઓવાદી લિંક્સ કેસના આરોપી રમેશ ગાયચોરને બોમ્બે હાઇ કોર્ટે મંગળવારે ત્રણ દિવસના વચગાળાના જામીન આપ્યા છે અને નોંધ્યું છે કે ધરપકડ બાદ છેલ્લાં પાંચ વર્ષમાં તેઓ બીમાર પિતાને મળવા નથી જઈ શક્યા.

૨૫ હજાર રૂપિયાની કેશ સિક્યોરિટી જમા કરાવ્યા બાદ નવમી સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ માટે ગાયચોરને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ ન્યાયમૂર્તિએ આપ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૦માં ધરપકડ થયા પછી ગાયચોર તેમના ૭૬ વર્ષના પિતાને નથી મળી શક્યા એ વાતની નોંધ અદાલતે લીધી હતી.

એક વિશેષ અદાલતે તેના પિતાને મળવા માટે બે અઠવાડિયા માટે વચગાળાના જામીનની માંગ કરતી અરજીને નકારી કાઢ્યા બાદ ગાયચોર આ મહિનાની શરૂઆતમાં હાઇ કોર્ટમાં અરજી કરી હતી.


વિશેષ અદાલતે નોંધ્યું હતું કે ગાયચોરના પિતા વરિષ્ઠ નાગરિકોમાં સામાન્ય રીતે વય સંબંધિત જોવા મળતી બિમારીઓથી પીડાય છે. ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે રમેશ ગાયચોર

પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદી) જૂથનો સભ્ય હતો.

૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ ના દિવસે પુણેમાં એલ્ગાર પરિષદના સંમેલનમાં કથિત રીતે ઉશ્કેરણીજનક ભાષણો આપ્યા બાદ તેમની અને અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે દાવો કર્યો હતો કે શહેરના બહારના વિસ્તારમાં કોરેગાંવ-ભીમા યુદ્ધ સ્મારક નજીક બીજા દિવસે હિંસા ભડકી ઉઠી હતી.

ગાયચોર હાલમાં નવી મુંબઈની તલોજા સેન્ટ્રલ જેલમાં બંધ છે. (પીટીઆઈ)■

## મેટ્રો-૪એ રૂટ પર ગર્ડર બેસાડવાનું કામ સફળ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણેના કાસારવડવલીથી ગાયમુખ વચ્ચે દોડનારી મુંબઈ મેટ્રો-૪એ માટે હાલ ગર્ડર બેસાડવાનું કામ ચાલી રહ્યું છે, જેમાં નાગલા બંદર જંકશન પાસે ગર્ડરને બેસાડવાની મહત્ત્વની કામગીરી પાર પાડવામાં સફળતા મળી હતી.

મેટ્રો ચાર-એ રૂટમાં કેડબરી જંકશનથી ગાયમુખ એમ પહેલા તબક્કામાં મેટ્રો ટ્રેન શરૂ કરવાનું આયોજન મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ (એમએમઆરડીએ)કરી રહી છે. તે માટે સપ્ટેમ્બરથી મેટ્રો ટ્રેનની ટ્રાયલ શરૂ કરવામાં આવવાની છે. જોકે તે પહેલા કેડબરી જંકશનથી ગાયમુખ આ પહેલા તબક્કાના રૂટ પર મેટ્રો ટ્રેનના ડબ્બાઓને ક્રેનની મદદથી પાટા પર ચઢાવવાનું કામ એમએમઆરડીએ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે, જેમાં નાગલા બંદર પાસે જંકશન પાસે ગર્ડર સફળતાપૂર્વક બેસાડવામાં સફળતા મળી હતા. આ જંકશન પાસે ટ્રાફિક અત્યંત ગીચ રહેતો હોય છે અને અઠવાડિયા ચોવીસ કલાક સાતેય દિવસ અહીં ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે. ■

## નાંદેડમાં પરિણીત મહિલા, તેના પ્રેમીને પરિવારજનોએ કૂવામાં ફેંકી દીધાં

છત્રપતિ સંભાજીનગરઃ નાંદેડ જિલ્લામાં પરિણીત મહિલા અને તેનો પ્રેમી પકડાઇ જતાં પરિવારના સભ્યોએ બંનેની મારપીટ કર્યા બાદ તેને કૂવામાં ફેંકી દીધાં હતાં.

પોલીસે જણાવ્યું હતું કે સોમવારે બપોરે આ ઘટના બની હતી. મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે પ્રેમીની શોધ ચલાવવામાં આવી રહી છે. આ પ્રકરણે મહિલાના પિતા, દાદા અને કાકાની અટકાયત કરવામાં આવી હતી.

મહિલાનાં લગ્ન એક વર્ષ અગાઉ થયાં હતાં. બોર્જન્ની ગામમાં રહેતો તેનો પ્રેમી સોમવારે તેને મળવા ગોલેગાવ ગામમાં આવ્યો હતો.

ઉમરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મહિલાના ઘરમાં તે પ્રેમી સાથે મળી આવતાં સાસરિયાંએ મહિલાના પરિવારજનોને બોલાવ્યા હતા અને બંનેને તેમને હવાલે કર્યા હતા.

બોર્જુન્ની જતી વખતે રસ્તામાં બંનેની મારપીટ કરવામાં આવી હતી અને ઉમરી પોલીસ સ્ટેશનની હદમાં કકરાલા વિસ્તારમાં તેને કૂવામાં ફેંકી દેવાયાં હતાં. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બંનેની હત્યામાં મહિલાના પિતા, દાદા અને કાકાની સંડોવણી હોવાનું જણાયું હતું.

દરમિયાન મહિલાના પિતા ઉમરી પોલીસ સ્ટેશનમાં ગયા હતા અને દાવો કર્યો હતો કે તેણે બંનેની હત્યા કરી હતી. જોકે તપાસમાં જાણવા મળ્યું હતું કે હત્યામાં મહિલાના દાદા અને કાકા પણ સામેલ હતા. આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને ત્રણેયની અટકાયત કરાઇ હતી. (પીટીઆઇ)■

## ૨૯૭ બેકરી બંધ કરવા પાલિકા મક્કમ

મુંબઈઃ લાકડા કે કોલસા આધારિત પરંપરાગત ઇંધણનો વપરાશ બંધ કરી રિન્યુએબલ એનર્જી ઉત્પાદિત ઈંધણ (હરિત ઇંધણ)માં રૂપાંતરિત કરવાની છ મહિનાની સમયમર્યાદા વધારવાનો બોમ્બે હાઇ કોર્ટે ૨૧ ઓગસ્ટે ઇનકાર કર્યા બાદ મુંબઈ મહાનગરપાલિકા ઇંધણમાં ફેરફાર નહીં કરનારી બેકરીઓને નોટિસ ફટકારવાની તૈયારીમાં છે. વપરાશ શરૂ નહીં કરનાર બેકરીઓને મુંબઈની લગભગ અડધો અડધ બેકરીઓને નોટિસ મોકલવામાં આવશે. કુલ ૫૯૨ બેકરીમાંથી ૨૯૭ બેકરીને નોટિસ આપવામાં આવશે.

મુંબઈ મહાનગરપાલિકાએ ઓક્ટોબર ૨૦૨૪માં સૌ પ્રથમ કોલસા અથવા લાકડાથી ચાલતા અવનનો ઉપયોગ કરતી બેકરીઓને નોટિસ ફટકારી હતી. તેમને ઇંધણમાં બદલાવ માટે માર્ચ ૨૦૨૫ સુધીનો સમય આપવામાં આવ્યો હતો. એમાંથી માત્ર ૩૨ બેકરીઓએ જ નોટિસનું પાલન કર્યું હતું.

૯મી જાન્યુઆરીએ, બોમ્બે હાઈ કોર્ટે તમામ બેકરીઓ માટે હરિત ઇંધણનો વપરાશ શરૂ કરવાની અંતિમ તારીખ ૮ જુલાઈ નક્કી કરી હતી. ત્યારબાદ પાલિકાએ ૧૯ ફેબ્રુઆરીએ સુધારેલી નોટિસ જારી કર્યા પછી ૧૪ બેકરીએ બદલાવ કર્યો હતો અને ૩૭ બદલાવ કરવાની પ્રક્રિયામાં હતી. પાઇપ્ડ નેચરલ ગેસ (પીએનજી) અને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) અથવા ઇલેક્ટ્રિક અવન પર બદલાવ કરવાની પ્રક્રિયા સમય માગી લેતી હોવાથી બેકર્સ એસોસિએશને સમયમર્યાદા વધારવાની માગણી સાથે હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો. જોકે અદાલતે તેમની આ વિનંતીને ઠુકરાવી દીધી હતી. ■

## પુણેમાં મોટરબાઇકના શોરૂમમાં લાગી ભીષણ આગઃ ૬૦ વાહનો સળગી ગયાં

પુણેઃ પુણેમાં મોટરબાઇક શોરૂમ-કમ-સર્વિસ સેન્ટરમાં સોમવારે આગ લાગતાં ૬૦ જેટલાં વાહન સળગી ગયાં હતાં. સોમવારે રાતે શોરૂમમાં આગ લાગ્યા બાદ ધુમાડાને કારણે એક વ્યક્તિ અંદર ફસાઇ ગઇ હતી, જેને બાદમાં સુરક્ષિત બહાર કાઢવામાં આવી હતી.

પુણેના તારાબાગ વિસ્તારમાં બંડગાર્ડન રોડ પર આવેલી ત્રણ માળની ઇમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર સોમવારે રાતે ૮.૩૦ વાગ્યે આગ લાગી હતી, જ્યાં ટીવીએસ શોરૂમ અને સર્વિસ સેન્ટર છે.

આગની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો ફાયર ટેન્ડર અને વોટર ટેન્કર સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

સર્વિસ સેન્ટરમાં ભીષણ આગ લાગી હતી અને અનેક વાહનો સળગી રહ્યાં હતાં. ધુમાડાને કારણે એક વ્યક્તિ અંદર ફસાઇ ગઇ હતી, જેને બાદમાં બહાર કાઢવામાં આવી હતી, એમ અગ્નિશમન દળના અધિકારીએ જણાવ્યું હતું. જવાનોએ પાણીનો મારો ચલાવીને અડધો કલાક બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગમાં ૬૦ વાહનો સળગી ગયાં હતાં, જેમાં ઇલેક્ટ્રિક ટૂ-વ્હીલરનો પણ સમાવેશ હતો. (પીટીઆઇ)■

# મૅન્ચેસ્ટર યુનાઈટેડના ચાહકે કૅપ્ટનની બેફામ કિકથી ગુસ્સે થતાં કમેન્ટ કરી, 'તારે ફૂટબૉલ ચંદ્ર પર મોકલવો હતો કે શું?'

મૅન્ચેસ્ટરઃ ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)માં રવિવારે મૅન્ચેસ્ટર યુનાઇટેડ (એમયુ)ના પોર્ટુગીઝ ફૂટબોલર અને ટીમના કેપ્ટન બ્રુનો ફર્નાન્ડિઝથી પેનલ્ટી કિકમાં જરાક માટે ગોલ ન થઈ શક્યો અને છેવટે ફુલ્હૅમ સામેની મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ ત્યાર બાદ કેટલાક એમયુ-તરફી ક્રોધિત ફૂટબૉલચાહકોએ સોશ્યલ મીડિયામાં બ્રુનોની કિક બાબતમાં તેની ખૂબ ટીકા કરી હતી. એક ચાહકે મીડિયામાં લખ્યું, 'તારે ફૂટબૉલ ચંદ્ર પર મોકલવો હતો કે શું?'

## એક ગોલ મળ્યો, એ પણ હરીફની મહેરબાનીથી

એક ઑવ્ન ગોલ ન મળ્યો હોત તો મૅન્ચેસ્ટર યુનાઇટેડની ટીમ આ મૅચ હારી જ ગઈ હોત. ફર્સ્ટ-હાફમાં બન્નેમાંથી એક પણ ટીમનો ગોલ નહોતો થયો. બીજા હાફમાં (૫૮મી મિનિટમાં) ફુલ્હૅમના રૉડ્રિગો મુનીઝથી ભૂલમાં મૅન્ચેસ્ટર યુનાઇટેડ માટે ગોલ થઈ ગયો હતો. એ સાથે મૅન્ચેસ્ટરની ટીમ ૧-૦થી આગળ થઈ હતી. જોકે ૭૩મી મિનિટમાં ફુલ્હૅમના એમિલ સ્મિથ રોવે ગોલ કરી દેતાં સ્કોર ૧-૧ની બરાબરીમાં થઈ ગયો હતો. પ્રથમ હાફ કે જેમાં બેમાંથી એક પણ ટીમ ગોલ નહોતી કરી શકી ત્યારે ૩૮મી મિનિટમાં ફુલ્હૅમના કૅલ્વિન બાસીએ ગોલપોસ્ટની નજીકના એરિયામાં મૅન્ચેસ્ટરના મૅસન માઉન્ટને નીચે પટકી પાડ્યો એટલે રેફરીએ મૅન્ચેસ્ટરની ટીમને પેનલ્ટી કિક આપી હતી.



## ત્રણ વર્ષમાં પહેલી વાર નિષ્ફળ


બ્રુનો મૅન્ચેસ્ટર યુનાઇટેડનો નંબર-વન પેનલ્ટી કિકર ગણાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં (રવિવાર પહેલાં) ક્યારેય બ્રુનોથી પેનલ્ટી કિક નિષ્ફળ નહોતી ગઈ. તે ગોલ કરવામાં અચૂક સફળ થયો હતો. જોકે રવિવારે તે ૧૨ યાર્ડ (૩૬ ફૂટ) દૂરથી બૉલને નેટમાં પધરાવવામાં પહેલી વાર નિષ્ફળ ગયો હતો. આ પહેલાં તે ડિસેમ્બર ૨૦૨૩માં ચેલ્સી સામેની મૅચમાં પેનલ્ટી કિકમાં ગોલ નહોતો કરી શક્યો. ત્યારથી માંડીને અત્યાર સુધીમાં તે સતત ૧૧ પેનલ્ટી કિકમાં ગોલ કરવામાં સફળ રહ્યો હતો.

## બ્રુનોને વેચી દોઃ એક ફૂટબૉલપ્રેમી

જોકે ઇપીએલની આ સીઝનમાં પ્રથમ મૅચ જીતવા સંઘર્ષ કરી રહેલી મૅન્ચેસ્ટર યુનાઇટેડ ટીમના સુકાની બ્રુનોની કિકમાં બૉલ જરાક માટે ગોલપોસ્ટમાં જતાં રહી ગયો હતો. બ્રુનોની આ નિષ્ફળતાની સોશ્યલ મીડિયામાં ખૂબ ટીકા થઈ હતી. એક ફૂટબૉલ ચાહકે લખ્યું, 'મૅન્ચેસ્ટર યુનાઇટેડે બ્રુનોને આ બ્લન્ડર પછી હવે અન્ય કોઈ ટીમને વેચી જ નાખવો જોઈએ.' ■

# ટેનિસ પ્લેયર અલ્કારાઝ ન્યૂ લુકમાં

## સ્પૅનિશ સ્ટારે ચાહકોને પૂછ્યું, 'તમને મારી નવી હૅર-કટ ગમી?'



ન્યૂ યૉર્કઃ ટેનિસની વર્ષની છેલ્લી ગ્રૅન્ડ સ્લૅમ સ્પર્ધા યુએસ ઓપનની શરૂઆતમાં ઘણું નવું બની રહ્યું છે અને એમાં સ્પેનના વર્લ્ડ નંબર-ટૂ ખેલાડી કાર્લોસ અલ્કારાઝનું ન્યૂ લુક સૌથી વધુ ચર્ચામાં છે. ઍલેક્ઝાંન્ડ્રા ઇયાલા ગ્રૅન્ડ સ્લૅમની મૅચ જીતનારી ફિલિપીન્સની પ્રથમ મહિલા ખેલાડી બની છે, જ્યારે રશિયાના ડૅનિલ મેડવેડેવની મૅચ એક ફોટોગ્રાફર ટેનિસ કોર્ટ પર આવી ગયા પછી વિલંબમાં મુકાઈ હતી વગેરે બનાવો આ વખતની યુએસ ઓપનના આરંભના ચર્ચાસ્પદ થયા છે ત્યાં હવે અલ્કારાઝની નવી હૅર-કટે લોકોને ગાંડા કરી દીધા છે.

અલ્કારાઝ સોમવારે પ્રથમ રાઉન્ડની મૅચ જીતી ગયો હતો. એમાં તેણે રિલી ઑપેલ્કાને ૬-૪, ૭-૫, ૬-૪થી હરાવી દીધો હતો. તે ૨૦૨૨માં યુએસ ઓપનનું ટાઇટલ જીત્યો હતો. એ તેનું સૌથી પહેલું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ હતું. તે કુલ મળીને પાંચ ગ્રૅન્ડ સ્લૅમ તાજ જીતી ચૂક્યો છે.

અલ્કારાઝ હજી ગયા અઠવાડિયે એક મૅચ રમ્યો ત્યારે તેની હૅર-સ્ટાઇલ રાબેતા મુજબની હતી, પણ સોમવારે તેની નવી હૅર-કટ જોઈને સૌ ચોંકી ગયા હતા. ખુદ અલ્કારાઝે મૅચ જીતી લીધા પછીના ઇન્ટરવ્યૂમાં ચાહકોને પૂછ્યું, 'શું તમને મારી નવી હૅર-કટ ગમી?' ટેનિસપ્રેમીઓએ સાગમટે સકારાત્મક રીતે બૂમો પાડીને બધાને તેની હૅર-કટ પસંદ પડી એવો સંકેત આપ્યો હતો. અલ્કારાઝે ઇન્ટરવ્યૂ લેનારને કહ્યું, 'મને લાગે છે કે સૌને મારી નવી હૅર-કટ ગમી છે.'

જોકે અલ્કારાઝના જ એક ટેનિસ ખેલાડી મિત્રને તેની આ હૅર-સ્ટાઇલ જરાય પસંદ નથી પડી. ફ્રાન્સિસ ટિયાફૉએ સવાલ પૂછવામાં આવતાં કહ્યું, 'અલ્કારાઝની નવી હૅર-કટ ભયંકર છે. મને જરાય ન ગમી. કોણ જાણે કોણે તેને આવી હૅર-સ્ટાઇલની ભલામણ કરી હશે! જે કંઈ હોય, કાર્લોસ અલ્કારાઝ મારો મિત્ર છે એટલે હું વધુ કંઈ નહીં કહું.' ■

# સારા તેન્ડુલકર ઑસ્ટ્રેલિયાના પર્યટન ઉદ્યોગની બ્રૅન્ડ ઍમ્બેસેડર બની



સિડનીઃ સચિન તેન્ડુલકરે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ નવ સેન્ચુરી ઑસ્ટ્રેલિયા સામે ફટકારી અને વન-ડેની શાનદાર કારકિર્દીમાં પણ લિટલ ચૅમ્પિયનની સૌથી વધુ ૧૧ સદી ઑસ્ટ્રેલિયા સામે જ હતી એટલે કુલ ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીનો વિશ્વવિક્રમ રચનાર સચિનની સફળતામાં એક રીતે ઑસ્ટ્રેલિયાનું નામ સર્વોપરી છે અને હવે એ જ દેશની સરકારે ભારતીયોમાં પોતાના દેશના પર્યટન ઉદ્યોગને વધુ સફળ બનાવવા સચિનની પુત્રી સારાની મદદ લીધી છે. સારા તેન્ડુલકરને ઑસ્ટ્રેલિયાના પર્યટન ઉદ્યોગની બ્રૅન્ડ ઍમ્બેસેડર બનાવવામાં આવી છે.

ક્રિકેટ-લેજન્ડ સચિન તેન્ડુલકરની ૨૭ વર્ષીય દીકરી સારા ઉપરાંત ઍનિમૅટેડ કૅરેક્ટર 'રુબી, ધ સોવેનીર કાંગારું' સાથે સંકળાયેલી કંપનીને પણ ઑસ્ટ્રેલિયન પર્યટનને પ્રોત્સાહિત કરવાની અને એનો ફેલાવો કરવાની જવાબદારી અપાઈ છે. આ અભિયાનને 'કમ ઍન્ડ સે ગુડ-ડે' નામ અપાયું છે.

ખાસ કરીને ભારતીય સહેલાણીઓને આકર્ષિત કરવાના હેતુસર શરૂ કરવામાં આવેલું કુલ ૧૩૦ મિલ્યન ડૉલર (અંદાજે કુલ ૧૧.૪૦ અબજ રૂપિયા)નું ભારતમાં આ અભિયાન સંભાળનાર નિશાંત કાશીકરના જણાવ્યા મુજબ ઑસ્ટ્રેલિયામાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ભારતીય પ્રવાસીઓની સંખ્યા આઠ ટકા વધી છે. તેમણે એવું પણ કહ્યું હતું કે 'ઓવરનાઇટ-સ્ટેનું પ્રમાણ ૨૧ ટકા વધ્યું છે અને ભારતીય પ્રવાસીઓની ખરીદીના પ્રમાણમાં ૧૪ ટકાનો ઉછાળો આવ્યો છે. આવતા વર્ષ સુધીમાં ઑસ્ટ્રેલિયામાં ૫,૦૦,૦૦૦ પર્યટકોને આકર્ષિત કરવાની નેમ છે.'

ઑસ્ટ્રેલિયાના પ્રવાસ ઉદ્યોગ દ્વારા સારા તેન્ડુલકરનું બ્રૅન્ડ ઍમ્બેસેડર તરીકે સિલેક્શન માત્ર તેના પિતાની ખ્યાતિને આધારે નથી કર્યું. સારાને ઑસ્ટ્રેલિયા દેશ બેહદ પસંદ છે, તે નાનપણથી આ દેશના પ્રવાસે આવે છે અને એ રીતે ઑસ્ટ્રેલિયા સાથે તેનું ઇમોશનલ કનેક્શન છે, એવું કાશીકરનું કહેવું છે. ભારતમાંથી દર વર્ષે મોટી સંખ્યામાં પર્યટકો મળશે એવી ઑસ્ટ્રેલિયાના ટૂરિઝમ ઉદ્યોગને ખાતરી છે. સારાને મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ બેહદ પ્રિય છે. તે કહે છે, 'કમ ઍન્ડ સે ગુડ-ડે અભિયાન માત્ર એક પર્યટનની વાત નથી. અહીં ઑસ્ટ્રેલિયામાં એવાં સ્થળો છે જે પર્યટકના જીવનને નવી દિશા આપી શકે. ટ્રાવેલ કરવું એટલે કંઈક નવું શોધવું, સંબંધિત સ્થળની સંસ્કૃતિ જાણવી, ત્યાંની અનોખી વાનગીઓની મોજ પણ માણવી તેમ જ રસપ્રદ લોકોને મળ્યા પછી તેમની મુલાકાતની વાતો શૅર કરવી.' ■

## ઓમાનની ટીમમાં ભારતીય મૂળના છ ક્રિકેટર

નવમી સપ્ટેમ્બરે શરૂ થનારા એશિયા કપ માટેની ઓમાનની ટીમમાં ભારતીય મૂળના છ ખેલાડી સામેલ છે. ૧૭ ખેલાડીની ટીમનું સુકાન જતિન્દર સિંહ છે જે મૂળ ભારતીય છે. ટીમના અન્ય ભારતીય મૂળના ખેલાડીઓમાં વિકેટકીપર વિનાયક શુક્લા, આશિષ ઓડેદરા, આર્યન બિશ્ત, કરણ સોનાવણે તથા સમય શ્રીવાસ્તવનો સમાવેશ છે. ■

## સિંધુ, પ્રણોયના વિજયી શ્રીગણેશ

પૅરિસમાં શરૂ થયેલી બૅડ્મિન્ટનની વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ભારતની પી. વી. સિંધુએ પ્રથમ રાઉન્ડમાં બલ્ગેરિયાની નાલબેન્ટોવાને ૨૩-૨૧, ૨૧-૬થી હરાવીને વિજયી શરૂઆત કરી હતી. ભારતના જ એચ. એસ. પ્રણોયે ફિનલૅન્ડના જોકિમ ઑલ્ડોર્ફને ૪૭ મિનિટમાં ૨૧-૧૮, ૨૧-૫થી હરાવીને નવા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. ■

## પ્રો કબડ્ડીની શુક્રવારથી નવી સીઝન

શુક્રવાર, ૨૯મી ઑગસ્ટે પ્રો કબડ્ડીની નવી સીઝન શરૂ થઈ રહી છે અને એમાં દેવાંક દલાલ બેન્ગાલ વૉરિયર્ઝ ટીમનો સુકાની નિયુક્ત થયો છે. દેવાંક ભારતીય કબડ્ડી ખેલાડીઓમાં સૌથી મોંઘો પ્લેયર છે. બેન્ગાલની ટીમે તેને ૨.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. નિતેશ કુમારની નિમણૂક ડિફેન્સ કૅપ્ટન તરીકે થઈ છે. પ્રો કબડ્ડીની આ ૧૨મી સીઝન છે. ■

# હું ક્રિકેટ નહોતી જાણતી, પણ તમારા પ્રેમમાં પડ્યાં પછી આ રમતને તમારી નજરથી જોઈને ખૂબ માણીઃ પુજારાની પત્ની

## પૂજાએ પતિને નિવૃત્તિની નિરાશામાંથી બહાર લાવતી ઈમોશનલ પોસ્ટ લખી



રાજકોટઃ ૩૭ વર્ષીય ટેસ્ટ-સ્પેશ્યાલિસ્ટ બૅટ્સમૅન ચેતેશ્વર પુજારાએ શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દીથી ક્રિકેટ જગતમાં નામના મેળવી, પરંતુ ટેસ્ટ ટીમમાં કમબૅક કરવા મળશે એવી છેલ્લા ૨૭ મહિનાથી રાહ જોયા બાદ છેવટે રવિવારે નિવૃત્તિ જાહેર કરી દીધી એને પગલે ખુદ પુજારાએ તો રિટાયરમેન્ટની જાહેરાતના દિવસે ભાવુક શબ્દોમાં લખેલી પોસ્ટ સોશ્યલ મીડિયામાં મૂકી જ હતી, તેની પત્ની પૂજાએ પણ એક ઇમોશનલ પોસ્ટ લખી છે. લગ્ન પહેલાં પૂજાની અટક પાબારી હતી. ૨૦૧૩ની ૧૩મી ફેબ્રુઆરીએ ચેતેશ્વર અને પૂજા રાજકોટમાં લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. તેમને સાત વર્ષની દીકરી છે જેનું નામ અદિતિ છે.

પૂજાએ તાજેતરમાં ક્રિકેટરની પત્નીના દૃષ્ટિકોણથી ક્રિકેટ પર પુસ્તક લખ્યું હતું અને એના અનાવરણના પ્રસંગે આયોજિત સમારંભમાં રોહિત શર્મા સહિત ઘણા દિગ્ગજો અને ક્રિકેટ નિષ્ણાતો ઉપસ્થિત હતા. પૂજાએ પતિદેવની શાનદાર ક્રિકેટ કરીઅરના સેલિબ્રેશનના ભાગરૂપે ઇન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટોનું કલેક્શન શૅર કર્યું હતું જેમાં ખાસ કરીને ચેતેશ્વરની યાદગાર ૨૦૧૮ની સાલની ઑસ્ટ્રેલિયન ટૂરના ફોટો સામેલ હતા. ૨૦૧૮માં ભારતે (૭૨ વર્ષે પહેલી જ વખત) ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ-સિરીઝનો વિજય મેળવ્યો હતો. પૂજાએ એ ઐતિહાસિક જીતને ધ્યાનમાં રાખીને પુજારાની ૧૦૦મી ટેસ્ટ વખતે ભાવુક સંદેશ લખ્યો હતો.

પુજારાએ ત્રણ દિવસ પહેલાં નિવૃત્તિ જાહેર કરી એને પગલે પૂજાએ એક પોસ્ટમાં લખ્યું છે, 'વર્તમાનમાં રહો, કારણકે વર્તમાન એ જ સર્વોચ્ચ અસ્તિત્વનું વર્તમાન છે' - ભગવદ ગીતાનો એક માર્ગદર્શક સિદ્ધાંત જે તમે ઘણા સમયથી અનુસરી રહ્યા છો, અને આશા છે કે આ આગામી તબક્કામાં પણ એ તમને માર્ગદર્શન આપતો રહેશે! ક્રિકેટ તમારો ફર્સ્ટ લવ છે, ક્રિકેટ તમારું સૌથી મોટું પૅશન છે અને આ રમત તમને સૌથી વધુ પ્રિય છે અને એને તમે ગુડબાય કરી રહ્યા છો ત્યારે કહેવાનું મન થાય છે કે તમે આ રમતને તમારું સર્વસ્વ આપ્યું તેમ જ હંમેશાં શાંત અભિગમ સાથે તમે ભરપૂર સ્વમાન સાથે રમ્યા. લગ્ન પહેલાં હું ક્રિકેટ વિશે કંઈ જ નહોતી જાણતી. જોકે તમારા પ્રેમમાં પડ્યા પછી આ રમતને તમારી નજરથી જોઈને ખૂબ માણી. મને તમારી ક્રિકેટ-સફર પરથી જીવનના પાઠ શીખવા મળ્યા. મેં તમારી સાથે તમારી ક્રિકેટ કારકિર્દીના ઉતાર-ચઢાવ જોયા અને મારા માટે આનાથી વિશેષ બીજું કંઈ જ ન કહેવાય. હવે સ્ટેડિયમમાં બેસીને તમને ચિયર-અપ નહીં કરવા મળે એનો મને રંજ રહેશે. તમે ક્રિકેટને પ્રાધાન્ય આપવાના હેતુથી જે પણ સેલિબ્રેશન ગુમાવ્યા અને જે પણ ઍડજસ્ટમેન્ટ્સ કર્યા એ બધુ હવે આપણે સાથે મળીને માણીશું.' ■

# મુંબઈ ન્યૂઝ

## સરકારનો રોકવાનો પ્રયાસ નિષ્ફળ

# આંદોલન પર જરાંગે મક્કમઃ આજે મુંબઈ આવવા રવાના થશે

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્ર સરકારના રોકવાના પ્રયાસો છતાં મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગેએ મંગળવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ ૨૯ ઓગસ્ટથી મુંબઈમાં મરાઠા અનામત માટે નવેસરથી ભૂખ હડતાળ શરૂ કરશે.

ગણેશ ઉત્સવની પૂર્વસંધ્યાએ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના કાર્યાલયના વિશેષ ફરજ અધિકારી રાજેન્દ્ર સાબલે પાટીલ, જાલના જિલ્લાના તેમના ગામ અંતરવાલી સરાટી ખાતે જરાંગેને મળ્યા હતા જેથી તેમનું સમાધાન કરી શકાય, પરંતુ બાદમાં તેમણે હાર માનવાનો ઇનકાર કર્યો હતો.

બોમ્બે હાઈકોર્ટે કહ્યું હતું કે કાર્યકર્તા પૂર્વ પરવાનગી વિના વિરોધ પ્રદર્શન કરી શકતા નથી, તેનો જવાબ આપતાં જરાંગેએ કહ્યું હતું કે તેમના વકીલો જરૂરી રાહત મેળવવા માટે કોર્ટનો સંપર્ક કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ અને તેમના અનુયાયીઓ ૨૭ ઓગસ્ટે મુંબઈ જવા રવાના થઈ જશે.

તેમણે મુખ્ય પ્રધાન ફડણવીસની પણ ટીકા કરી હતી, અને તેમના પર શિક્ષણ અને સરકારી નોકરીઓમાં મરાઠા સમુદાય માટે અનામતમાં અવરોધ ઉભો કરવાનો આરોપ લગાવ્યો હતો.

'અમારી વકીલોની ટીમ કોર્ટમાં જશે.... મને વિશ્વાસ છે કે કોર્ટ અમારી વાત સાંભળશે અને અમને મુંબઈના આઝાદ મેદાનમાં આંદોલન કરવાની મંજૂરી આપશે. અમે કોર્ટની બધી માર્ગદર્શિકાનું પાલન કરીશું,' એમ પણ જરાંગેએ કહ્યું હતું.

આ પહેલા, મુખ્ય પ્રધાનના ઓએસડી (વિશેષ કાર્ય અધિકારી) રાજેન્દ્ર સાબલે પાટીલ જરાંગેને તેમના ગામમાં મળ્યા હતા.

'મેં તેમને વિનંતી કરી હતી કે ગણેશોત્સવ હોવાથી તેઓ આંદોલન મુલતવી રાખી શકે છે કે કેમ તે અંગે વિચાર કરે,' એમ પાટીલે જરાંગે સાથેની મુલાકાત બાદ પત્રકારોને જણાવ્યું હતું. ■

## બાળકનો મૃતદેહ ટ્રેનના ટોઈલેટમાં મળ્યો

# ફરાર કઝિન બીકેસીથી ઝડપાયો

### માસી કામ શોધવા વારંવાર ટોણાં મારતી હોવાથી તેના પુત્રની હત્યા કર્યાની આરોપીની કબૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સુરતથી અપહરણ કરાયેલા ત્રણ વર્ષના માસૂમ બાળકનો મૃતદેહ મુંબઈમના કુર્લા વિસ્તારમાં લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલટીટી) પર ઊભેલી એક્સપ્રેસ ટ્રેનના ટોઇલેટમાંથી મળી આવ્યાના ત્રણ દિવસ બાદ સુરત ક્રાઇમ બ્રાન્ચે ફરાર કઝિનને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)થી ઝડપી પાડ્યો હતો. બિહારથી સુરત આવેલા આરોપીને તેની માસી કામ શોધવા માટે વારંવાર ટોણાં મારતી હતી, જેનો ગુસ્સો તેના મનમાં હતો. આથી માસીને પાઠ ભણાવવા માટે તેના પુત્રનું અપહરણ કરી તેને મારી નાખ્યો હોવાની આરોપીએ કબૂલાત કરી હતી.

સુરત ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ સીસીટીવી કેમેરાના ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સને આધારે બીકેસીથી આરોપી વિકાસકુમાર બિશુનદયાળ શાહ (૩૦)ને ઝડપી પાડ્યો હતો. આરોપી કુર્લા, બાંદ્રા, દાદર એમ સતત લૉકેશન બદલતો રહેતો હતો. આથી પોલીસની અલગ અલગ ટીમ દ્વારા એ વિસ્તારોમાં તેની શોધ ચલાવાઇ હતી. દરમિયાન આરોપી બીકેસી વિસ્તારમાં હોવાની માહિતી મળ્યા બાદ ક્રાઇમ બ્રાન્ચ તથા અમરોલી પોલીસ સ્ટેશનના સ્ટાફે અલગ અલગ મોપેડ ભાડે કરીને શોધખોળ આદરીને તેને તાબામાં લીધો હતો.

કુર્લાના લોકમાન્ય ટિળક ટર્મિનસ પર કુશીનગર એક્સપ્રેસ ટ્રેનના એસી કોચ બી-ટુના ટોઇલેટમાં શુક્રવારની મોડી રાતે સફાઇ કરવા ગયેલા કર્મચારીને બાળકનો મૃતદેહ મળી આવતાં તેણે ત્વરિત રેલવે પોલીસને જાણ કરી હતી. બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં લઇ જવાયો હતો. ગળું દબાવીને બાળકની હત્યા કરાઇ હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

બાળકની ઓળખ મેળવવાના પ્રયાસ ચાલી રહ્યા હતા ત્યારે બાળકનું અપહરણ કરનારો આરોપી મુંબઈમાં હોવાની માહિતી ગુજરાત પોલીસે મુંબઈ પોલીસને આપી હતી. રેલવે પોલીસે બાળકનો ફોટો સુરતની અમરોલી પોલીસને વ્હૉટ્સઍપ પર મોકલ્યો હતો અને અમરોલી પોલીસે બાળકને આકાશ ઉર્ફે આરવ રાજેન્દ્ર શાહ તરીકે ઓળખી કાઢ્યો હતો.

અમરોલીના ગણેશપુરામાં રહેતો આકાશ શુક્રવારે ગુમ થતાં તેની માતા દુર્ગાદિવીએ અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં વિકાસે આકાશનું અપહરણ કર્યું હોવાનો આરોપ કરવામાં આવ્યો હતો. ■

# મુંબઈના વેપારીને પાકિસ્તાનથી ધમકીભર્યા કૉલઃ ૮૦૦ મિલિયન ડૉલરની માગણી

મુંબઈઃ દક્ષિણ મુંબઈના પૉશ વિસ્તાર નેપિયન સી રોડ ખાતે રહેતા વેપારીને પાકિસ્તાનના કન્ટ્રી કોડવાળા આંતરરાષ્ટ્રીય નંબર પરથી ખંડણી માટે એકધાર્યા ધમકીભર્યા ફોન કૉલ્સ આવી રહ્યા છે. જો ખંડણી ન આપે તો રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા બાબા સિદ્દીકીની જેમ ગોળી મારી દેવાની ધમકી પણ વેપારીને આપવામાં આવી છે.

કેમિકલ અને પેટ્રોકેમિકલનો વ્યવસાય ધરાવતા ફરિયાદી વેપારીની કંપની દક્ષિણ મુંબઈ અને દુબઇ ખાતે ઓફિસ ધરાવે છે. કંપની મધ્ય પૂર્વ, યુરોપ અને અમેરિકાથી પેટ્રોકેમિકલ્સની આયાત કરે છે. ૨૦૧૪-૧૫માં કંપનીએ ઇરાની કંપની પાસેથી કેમિકલ અને પેટ્રોકેમિકલના કન્સાઇનમેન્ટ આયાત કર્યા હતા અને ઇરાન પર યુએસએ દ્વારા નિયંત્રણ લાદ્યાં હોવાથી તેમની ચુકવણી દુબઇથી કરાઇ હતી. ઇરાની કંપનીની સૂચના અનુસાર તે કરાયું હતું.

૨૦૧૮માં ઇરાની કંપનીએ ઇરાનની કોર્ટમાં એવો દાવો કર્યો તો કે તેને અમુક કન્સાઇનમેન્ટ માટે પેમેન્ટ પ્રાપ્ત થયા નથી.

લિટિગેશનમાં ફરિયાદીનો કેસ પાર્ટી નહોતો, જેથી ઇરાની કંપની કેસ જીતી અને તે ચુકાદા સાથે મુંબઈ હાઇ કોર્ટમાં અરજી કરી હતી. ઇરાની કોર્ટના વચગાળાના આદેશ અનુસાર ફરિયાદીની મિલકત જપ્ત કરવાનો મુંબઈ હાઇ કોર્ટે ઇનકાર કર્યો.

બાદમાં જૂનથી પાકિસ્તાનમાં છુપાયેલા અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના સાગરીત છોટા શકીલની ઓફિસથી ફરિયાદીને ધમકીના કૉલ આવવાનું શરૂ થયું હતું, જેમાં ઇરાની કંપનીને ૧૨૦ મિલિયન ડોલર તુરંત ચૂકવવાનું જણાવાયું હતું. બીજી તરફ મામલાની પતાવટ માટે ૮૦૦ મિલિયન ડોલરની પણ માગણી શરૂ કરાઇ હતી.

ઇન્ટરનેશનલ નંબરનો ઉપયોગ કરીને આરોપીએ ફરિયાદીની ઓફિસનો ફોટો તેને મોકલ્યો હતો અને બાબા સિદ્દીકીની જેમ ઠાર કરવાની ધમકી આપી હતી.

ફરિયાદી સાથે તેના પરિવારના સભ્યો, કર્મચારીઓ અને વરિષ્ઠ અધિકારીઓને ધમકીના કૉલ્સ તથા ટેક્સ્ટ મેસેજીસ મોકલવામાં આવી રહ્યા છે. એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરાયો હતો અને મુંબઇ ક્રાઇમ બ્રાન્ચ પણ તેની તપાસ કરી રહી છે. ■

# લંડનમાં મહારાષ્ટ્ર ભવન માટે ₹ પાંચ કરોડ મંજૂર

મુંબઈઃ રાજ્ય સરકારે યુકેમાં સ્થાયી થયેલા મરાઠી સમુદાયની લાંબા સમયથી ચાલી આવતી માગણીને પૂર્ણ કરીને લંડનમાં મહારાષ્ટ્ર ભવન સ્થાપવા માટે રૂ. પાંચ કરોડ મંજૂર કર્યા છે, એમ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મંગળવારે જણાવ્યું હતું.

આ ભવન ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ પાસેથી ખરીદવામાં આવનારી મિલકત પર બનાવવામાં આવશે.

અજિત પવારની કચેરી દ્વારા જારી કરાયેલા એક નિવેદન મુજબ, આ હેતુ માટે લંડનમાં સૌથી જૂની વિદેશી મરાઠી સંસ્થાઓમાંની એક મહારાષ્ટ્ર મંડળને ભંડોળ ફાળવવામાં આવ્યું છે. ૧૯૩૨માં મહાત્મા ગાંધીના અંગત સચિવ ડો. એન.સી. કેલકરે આની સ્થાપના કરી હતી, મહારાષ્ટ્ર મંડળ લગભગ ૯૩ વર્ષથી એક સાંસ્કૃતિક કેન્દ્ર રહ્યું છે, જે લંડન અને તેની આસપાસના એક લાખથી વધુ મરાઠી ભાષી લોકોને તહેવારો, સામાજિક કાર્યક્રમો અને સમુદાય કાર્યક્રમો દ્વારા એકત્ર કરે છે.

અત્યાર સુધી, આ સંગઠન ભાડાના સ્થળેથી કાર્યરત છે અને સ્થાનિકોની સતત કાયમી સુવિધાની માગણી કરવામાં આવે છે.

લંડન અને આસપાસના વિસ્તારોમાં હાલમાં લગભગ એક લાખ મરાઠી ભાષી લોકો રહે છે. ■

# પુણેના ચંદુકાકા સરાફને નામે મુંબઈના ઝવેરીઓ સાથે ૩૧.૫૮ લાખની છેતરપિંડીઃ યુવક પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પુણેના પ્રસિદ્ધ જ્વેલર્સ ચંદુકાકા સરાફના નામે મુંબઈના ઝવેરીઓ સાથે ૩૧.૫૮ લાખની છેતરપિંડી આચરવા પ્રકરણે એમઆઇડીસી પોલીસે બોરીવલીના ૩૩ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. યુવકની ઓળખ કાર્તિક પંકજ શાહ તરીકે થઇ હોઇ તેની પાસેથી તમામ મતા જપ્ત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પુણે અને મહારાષ્ટ્રમાં અનેક સ્થળે શૉપ ધરાવતા પ્રસિદ્ધ જ્વેલર્સ ચંદુકાકા સરાફનો આરોપીએ સંપર્ક સાધ્યો હતો. પોતે ઇન્ટરનેશનલ જેમોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટમાંથી બોલી રહ્યો હોવાનું જણાવી જીએસટી સર્ટિફિકેટ અપડેટ કરવાને બહાને આરોપીએ માહિતી કઢાવી લીધી હતી.

બાદમાં આરોપીએ દાગીના બનાવતી કંપનીનો સંપર્ક સાધ્યો હતો અને પોતાની ઓળખ ચંદુકાકા સરાફ તરીકે આપી હતી. સોનાના દાગીનાના બે નવા શોરૂમ ખોલવાના હોવાથી તે માટે શોરૂમમાં મૂકવા માટે દાગીના જોઇએ છે, એવું કહી આરોપીએ ઓર્ડર આપ્યો હતો.

કંપનીને વિશ્વાસ બેસે એ માટે આરોપીએ ચંદુકાકા સરાફના જીએસટી સર્ટિફિકેટનો ક્રેડિટ નોટની જેમ ઉપયોગ કરીને દિશાભૂલ કરી હતી. આરોપીએ આ રીતે અંધેરી પૂર્વના એમઆઇડીસી ખાતેના ગિરિકુંજ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં મની જ્વેલ્સ એક્સપર્ટ વિથ બેટર ડાયમંડ પાસેથી ૨૭ લાખના દાગીના પોર્ટર સેવા થકી મગાવી બાંદ્રામાં પ્રાપ્ત કર્યા હતા.

એ જ પ્રમાણે અંધેરી પૂર્વમાં કલીસ્તા જ્વેલર્સ પાસેથી ૪.૫૮ લાખના દાગીના કુરિયરથી મગાવીને પુણેમાં રસ્તા પર સ્વીકાર્યા હતા. આમ આરોપીએ કુલ ૩૧.૫૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી, જેને પગલે એમઆઇડીસી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરીને આરોપીનું પગેરું મેળવ્યું હતું. ■

કવર સ્ટોરી___નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# જો બિલ્ડર્સ બાજી ના બગાડે ...તો ઘર સસ્તાં થશે!

આપણે આ સ્થળે પાછલા અંકમાં જીએસટીના સૂચિત ફેરફારને કારણે ખાસ કરીને વ્હાઇટ ગુડ્સ ઇન્ડસ્ટ્રી પર કેવી અસર થશે એની ચર્ચા કરી હતી. આજે રિઅલ્ટી સેક્ટર પર કેવી અસર થઇ શકે છે એની વાત કરીએ. સરકારે દેશમાં જીએસટી સિસ્ટમને સરળ બનાવવા માટે ઘણાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. હવે સરકાર ઇચ્છે છે કે મોટાભાગની ચીજવસ્તુઓ માટે જીએસટીના બે જ સ્લેબ, પાંચ ટકા અને ૧૮ ટકા હોવા જોઈએ. લક્ઝરી વસ્તુઓ તથા તમાકુ, સિગારેટ અને આલ્કોહોલ જેવી સીન ગૂડ્સની શ્રેણીમાં આવતી જણસો પર ૪૦ ટકાનો વિશેષ કર વસૂલ કરવામાં આવે એવો પણ પ્રસ્તાવ છે.

સરકાર આ નવું કર માળખું દિવાળી સુધીમાં લાગુ કરવાની તજવીજમાં હોવાનું સંભળાઇ રહ્યું છે. સપ્ટેમ્બરના પહેલા સપ્તાહને અંતે નિર્ણય જાહેર થવાની અપેક્ષા છે. એક રીતે જોઇએ તો સરકારનો કદાચ આ એવો પહેલો નિર્ણય છે કે જેમાં ઉત્પાદક, વિક્રેતા અને ગ્રાહક ત્રણે વર્ગને સમયાંતરે લાભ મળવાની શક્યતા છે.

આપણે પાછલા લેખમાં જાણ્યું હતું કે, જો ગ્રાહકો જીએસટીના ઘટાડાની રાહ જોશે તો ખાસ કરીને એસી, ફ્રીજ અને અન્ય વ્હાઇટ ગૂડ્સના વિક્રેતાઓની દિવાળી બગડશે. આ વખતે આપણે રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં શું ચર્ચા ચાલી રહી છે એ જાણીએ. રિઅલ એસ્ટેટ ક્ષેત્રના નિરીક્ષકો અનુસાર નવા સૂચિત જીએસટી સ્લેબથી મધ્યમ વર્ગને મોટી રાહત મળી શકે છે, દિવાળી બાદ ઘર ખરીદવું સોંઘું થઇ શકે છે!



જીએસટી ઘટાડી સરકારી ઘર ખરીદનાર લોકોને મોટી રાહત આપી શકે છે. હાલ બાંધકામના વિવિધ રો મટિરિયલ્સ એટલે કે કાચી સામગ્રી પર ૧૮ ટકાથી ૨૮ ટકા જેટલો ઊંચો ટેક્સ લાગે છે. જીએસટી ઘટવાથી બાંધકામનો ખર્ચ ઘટશે. જોકે, સવાલ એ જ ચર્ચાઇ રહ્યો છે કે બિલ્ડર્સ અને ડેવલપર્સ આ લાભ ગ્રાહકોને પસાર કરશે કે નહીં? કદાચ કરવો પડે તો પણ તે પૂરેપુરો કરશે કે નહીં?

રિયલ એસ્ટેટ સેક્ટરની વાત કરીએ તો અત્યાર સુધી અલગ અલગ કન્સ્ટ્રક્શન મટિરિયલ્સ પર અલગ અલગ ટેક્સ લગાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, સિમેન્ટ પર ૨૮ ટકા, સ્ટીલ પર ૧૮ ટકા, કલર, પેઇન્ટ્સ પર ૨૮ ટકા, ટાઇલ્સ અને સેનિટરીવેર પર ૧૮ ટકા વેરો લાગે છે. આ રો મટિરિયલનો ખર્ચ સીધી ઘરોની કિંમત અને હાઉસિંગ પ્રોજેક્ટના કુલ ખર્ચને અસર કરે છે.

રિઅલ એસ્ટેટ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે કરવેરાના માળખાને સરળ બનાવવાથી હાઉસિંગ ડેવલપર્સ માટે પ્રોજેક્ટ ખર્ચમાં ઘટાડો થશે અને ગ્રાહકોને સીધો ફાયદો થશે. જીએસટીના બે સરળ સ્લેબ (પાંચ ટકા અને ૧૮ ટકા)ના પ્રસ્તાવથી હાઉસિંગ સેક્ટરને ઘણો ફાયદો થશે. આનાથી રિયલ એસ્ટેટમાં ઇનપુટ ખર્ચમાં ઘટાડો થશે. સિમેન્ટ અને અન્ય આવશ્યક સામગ્રી પર હાલ ઊંચો ટેક્સ લાદવામાં આવે છે, જે દૂર થતા એકંદર કોસ્ટમાં મોટો ઘટાડો થશે.

તેમના મતે આ નિર્ણયથી પ્રોપર્ટી વધુ સસ્તી થશે અને ખરીદદારોની રૂચિને ફરી વધારશે. ખાસ કરીને ઊભરતા ટિયર-૨ બજારોમાં, જ્યાં બીજી વખત ઘર ખરીદવાની માગ ધીમે ધીમે મજબૂત થઈ રહી છે, ત્યાં ઘરોનું વેચાણ વધી શકે છે. તેમણે કહ્યું હતું કે, મુખ્ય બાંધકામ સામગ્રી પર કરવેરાનું ભારણ ઘટવાથી ડેવલપર્સ આ બચતોનો લાભ સીધી ઘર ખરીદનારાઓને આપી શકશે, જે ઊભરતાં રિયલ એસ્ટેટ માર્કેટને નવું પ્રોત્સાહન આપશે.

જોકે, રિઅલ એસ્ટેટ ક્ષેત્રના એક વિશ્લેષકે આ અંગે શંકા વ્યક્ત કરી હતી કે હાલ એવી કોઇ યંત્રણા નથી કે જે બિલ્ડર કે ડેવલપરને જીએસટીથી થનારો લાભ સીધો ગ્રાહકો સુધી પહોંચાડવાની ફરજ પાડી શકે. સરકારે એ લાભ ગ્રાહકોને મળે અને એ પણ સંપૂર્ણ રીતે મળે એ માટે કોઇ યંત્રણા વિચારવી, ઘડવી અને અમલી બનાવવી આવશ્યક છે.

મોટાભાગના નિષ્ણાતો માને છે કે પ્રસ્તાવિત જીએસટી રિફોર્મ્સથી રિયલ એસ્ટેટ માર્કેટને ફાયદો થશે અને તેનાથી ખરીદદારોને ચોક્કસપણે રાહત મળશે. ડેવલપર્સને ઓછા ઇનપુટ ટેક્સમાંથી ચોક્કસપણે વધુ સારા માર્જિન મળશે, પરંતુ તેની વિશ્વસનીયતા ત્યારે જ સ્થાપિત થઇ શકશે, જ્યારે તેઓ આ બચત ગ્રાહકોને આપશે. ઉદ્યોગમાં સ્પર્ધા પણ વધી શકે છે.

આ સેગમેન્ટના ટેક્નિકલ એનાલિસ્ટે કહ્યું હતું કે, રિઅલ એસ્ટેટ સેક્ટરમાં ડેવલપર્સની વિશ્વસનીયતાની અને શાખની ભૂમિકા અગત્યની હોય છે. ખરીદદારોને પ્રત્યક્ષ લાભો લાંબા ગાળાની માગને આગળ ધપાવશે. તેઓ માને છે. આગામી તહેવારોની મોસમ, જ્યારે માગ સૌથી વધુ હોય છે, ત્યારે કરવેરાની સુધારણાને ગ્રાહકોના વિશ્વાસમાં રૂપાંતરિત કરવાની એક મોટી તક છે.

અમુક ટેક્સ ડિસિપ્લીન હોવાનું આવશ્યક છે, એમ જણાવતાં એક ડેવલપરે કહ્યું કે, જીએસટી દિલ્હી-એનસીઆરના રિયલ એસ્ટેટ ઉદ્યોગ માટે ગેમચેન્જર સાબિત થયો છે. તે કરમાળખામાં એકરૂપતા લાવ્યું છે અને પારદર્શક સિસ્ટમમાં ઘણા જુદા જુદા કરવેરાને મર્જ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૯માં અધૂરા રહેણાંક પ્રોજેક્ટ્સ પર જીએસટીનો દર ૧૨ ટકા (ઇનપુટ ટેક્સ ક્રેડિટ સાથે)થી ઘટાડીને પાંચ ટકા (આઇટીસી વિના) કરવામાં આવ્યો હતો.

આ નિર્ણયથી એનસીઆરના અંડર કન્સ્ટ્રક્શન સેગમેન્ટમાં ખરીદદારોનો વિશ્વાસ ચોક્કસપણે મજબૂત થયો છે. ખાસ કરીને નોઈડા, ગુરુગ્રામ અને ગાઝિયાબાદ જેવા હાઇ ગ્રોથ કોરિડોરમાં અગાઉ ઊંચા કરવેરાને કારણે માગ ઓછી રહી હતી. વર્ષ ૨૦૨૪ના પહેલા છમાસિક ગાળામાં, દિલ્હી-એનસીઆરમાં ૩૮,૨૦૦થી વધુ ઘરો વેચાયાં હતાં, જે વાર્ષિક ધોરણે પચ્ચીસ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

જોકે તેમણે એવો મત વ્યક્ત કર્યો હતો કે, ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી)ની ગેરહાજરી હજુ પણ ડેવલપર્સને ભારે પડી રહી છે. મધ્યમવર્ગીય ખરીદદારોનું પ્રભુત્વ ધરાવતા બજારમાં પરવડે તેવી ક્ષમતાનું સર્વોચ્ચ મહત્ત્વ છે અને આઇટીસી વિના લાંબા ગાળાની સ્થિરતા એક મોટો પડકાર બની જાય છે.

એક અન્ય ડેવલપરે પણ આ અભિપ્રાયને ટેકો આપતાં જણાવ્યું હતું કે ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી)ને આંશિક રીતે પરત લાવવી જરૂરી છે. તેમના જણાવ્યા અનુસાર, આનાથી ગ્રાહકોને સસ્તા ઘર મળશે અને ડેવલપર્સને યોગ્ય માર્જિન પણ મળશે, જેથી તેઓ મોટા પાયે ક્વોલિટી હાઉસિંગ ઓફર કરી શકે.

નવા જીએસટી માળખાથી બાંધકામનો ખર્ચ ઘટશે તેવી અપેક્ષા છે અને જો ટેક્સનું ભારણ દસથી વીસ ટકા ઓછું કરવામાં આવે તો મેટ્રો શહેરોની સાથે સાથે ટિયર ટુ માર્કેટમાં પણ સારા ભાવે ઘર ઉપલબ્ધ કરાવી શકાશે. જોકે, લક્ઝરી હાઉસિંગ પર ચાલીસ ટકા ટેક્સનો ડર એક પડકાર બની રહેશે.

લક્ઝરી સેગમેન્ટમાં મોંઘી સામગ્રી અને ફોરેન ફિનિશિંગનો ઉપયોગ થાય છે. જો તેને ૪૦ ટકાના સ્લેબમાં રાખવામાં આવે તો બાંધકામનો ખર્ચ ચોક્કસપણે વધશે. એનસીઆર અને ગુરુગ્રામ જેવાં બજારોમાં માગ વધી શકે છે, પરંતુ ડેવલપર્સને ખર્ચના માળખાનું સંચાલન કરવામાં મુશ્કેલી પડી શકે છે. ■

## જીએસટી માળખામાં ફેરફારથી શું થશે?

જીએસટીના બે સ્લેબનો પ્રસ્તાવ ઘર ખરીદનારાઓ માટે સારા સમાચાર સાબિત થઇ શકે છે, સ્ટીલ, સિમેન્ટ સહિતની ઇન્પુટ કોસ્ટમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ નિર્ણયથી એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટને મોટી રાહત મળશે, જોકે બિલ્ડર્સ, ડેવલપર્સ કર બચતનો લાભ સીધો ગ્રાહકોને આપે તો જ આ સપના જેવી અપેક્ષા સાકાર બની શકે.

અલબત્ત, લક્ઝરી હાઉસિંગમાં ચાલીસ ટકા ટેક્સના કારણે ખર્ચમાં વધારો થવાની શક્યતા છે. ખેર, હાલ તો તમામની નજર એ બાબત પર મંડાયેલી છે કે, પ્રસ્તાવિત જીએસટીનું માળખું દિવાળી સુધીમાં કેવી રીતે સામે આવે છે અને આ ફેરફારથી ખરેખર ઘર ખરીદનારાઓને કેટલી રાહત મળે છે. સપ્ટેમ્બરના પહેલા સપ્તાહમાં અમુક બાબત સ્પષ્ટ થવાની અપેક્ષા છે.

---

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## પંજાબમાં પહેલી રાજકીય હત્યા માટે ગોઠવાયો હતો તખ્તો...

૧૯૬૫ની છઠ્ઠી ફેબ્રુઆરી અને શનિવારનો દિવસ ભારતીય રાજકારણમાં લોહિયાળ પ્રકરણની શરૂઆત કરવાનો હતો.

સંયુક્ત પંજાબ (ત્યારે પંજાબમાંથી હરિયાણા અને હિમાચલ પ્રદેશ અલગ કંડારાયા નહોતા)ના ત્રીજા મુખ્ય પ્રધાન, હરિત ક્રાંતિના પ્રણેતા અને સ્વાતંત્ર્ય સૈનિક સરદાર પ્રતાપસિંહ કૈરોં આગેવાન કોંગ્રેસી નેતાઓને મળવા માટે દિલ્હી ગયા હતા. રાજકીય કાનાફુસી મુજબ તેઓ પંજાબના તાત્કાલીન મુખ્ય પ્રધાન રામકિશનને હટાવીને પોતાને ફરી ગાદી પર બેસાડવાની રજૂઆત કરવા દિલ્હી ગયા હતા. થયું હતું એવું કે કૈરોં સામે રાજકીય હરીફોએ ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ મૂક્યા હતા. આને પગલે કૈરોંએ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. પરંતુ ત્યાર બાદ તપાસ સમિતિને એમની સામેના આરોપ વજુદ વગરના લાગ્યા હતા. આથી હવે ફરી પોતાને મુખ્ય પ્રધાનની ગાદી મળવી જોઈએ એ વાત મોવડીમંડળને ગળે ઉતારવા કૈરોં દિલ્હી પહોંચ્યા હતા. કૈરોંનું રાજકીય વજન ખાસ્સું, સમર્થકો ય ઘણાં ને પાછા એ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના નિકટના ગણાતા હતા. રાજકીય નીરિક્ષકો માનતા હતા કે કૈરોંના ફરી સત્તારૂઢ થવું એ માત્ર એક ઔપચારિકતા હતી.

આવા રાજકીય ગરમાવા વચ્ચે કૈરોં દિલ્હી ગયા ત્યારે કોંગ્રેસી સાંસદ રણજીતસિંહના નિવાસસ્થાને રોકાયા હતા. સવારે સાડા નવ વાગ્યે ચા-નાસ્તો પતાવ્યા બાદ તેઓ દિલ્હીથી ચંદીગઢ જવા માટે એક અખબારના તંત્રી અને મિત્રની મોટરમાં નીકળવાના હતા, પરંતુ ન જાણે શું થયું કે તેમણે છેલ્લી ઘડીએ પ્લાન બદલી નાખ્યો. તેઓ પીઢ કોંગ્રેસી નેતા જગજીવન રામને મળવા પહોંચી ગયા. એમની સાથે ચર્ચા આટોપ્યા બાદ તેઓ લગભગ ૧૧ વાગ્યે કર્ઝન રોડથી ચંડિગઢ જવા માટે રવાના થયા. એમની સાથેના અંગત સચિવ અજિતસિંહ ગાડીમાં આગળ ડ્રાઈવરની બાજુમાં બેઠા હતા. આમ આગળ ડ્રાઈવર દિલીપસિંહ અને અજિતસિંહ, તો પાછળની સીટમાં કૈરોં સાથે મિત્ર બલદેવ કપૂર હતા. આ ગાડીમાં ચંદીગઢ ઘરે પહોંચવાના અને ફરી સત્તાને આલિંગન આપવાના સપના ખુલ્લી આંખે જોવાઈ રહ્યા હતા.



સરદાર પ્રતાપસિંહ કૈરોં

એમની મુસાફરીના માર્ગ પર એટલે કે દિલ્હીથી ૩૦ કિલોમીટરના અંતરે આવેલા જી.ટી. રોડ પર ચાર માણસો સવારના કંટાળી રહ્યાં હતાં. એમની નજર સામેથી આવતી મોટર પર હતી. ચારમાંથી બે જણા પોલીસના ગણવેશમાં હતા. સોનીપત પાસેના રસોઈ ગામથી પસાર થતા રોડ પર આ લોકો સવારના આઠ વાગ્યાથી ફિલ્ડિંગ લગાવીને બેઠા હતા. ગામવાળાઓ કુતૂહલવશ આ અજાણ્યા શખ્સોને પૃચ્છા કરી તો જવાબ મળ્યો કે અમે સરકારી કર્મચારી છીએ અને હડકાયા શ્વાન અને ગાંડા થયેલા વાનરોને પકડીને પ્રજાને સલામત રાખવાની ફરજ અમને સોંપાયેલી છે.

જો કે ગામવાળાને ખબર નહોતી કે આ ચારેય પાસે રાઈફલ હતી ને રિવૉલ્વર પણ. બપોર થવાથી સૂરજ માથે આવવા સાથે ગરમી અને ઉકળાટ વધી રહ્યા હતા.

સરદાર પ્રતાપસિંહ કૈરોંની ગાડી રસોઈ ગામ ભણી ધસી રહી હતી. ત્યાં રોડ બ્લૉક પાસે સમારકામ ચાલતું હતું. એક સમયે એક બ્લુ કાર ત્યાં પહોંચી ગઈ. એમાંથી કોઈકે ચારેયને ઈશારો કર્યો. આ સાથે જ ચારેચાર રસ્તા નજીકના ઢાબા પરના ખાટલા પર અડ્ડો જમાવીને બેસી ગયા, પરંતુ એક-એકની નજર અને ધ્યાન સંપૂર્ણપણે રસ્તા પર જ હતા.

બ્લુ કારવાળાએ ફરી ઈશારો કરતા ચારમાંથી એકે રસ્તા પર સમારકામ કરતા મજૂરોને સૂચના આપી કે આડશ ઊભી કરીને સામેથી આવતી કારને રોકવાની છે, કારણ કે એમાં અફિણની હેરાફેરી થઈ રહી છે. મજૂરોએ એમની વાત માત્ર માની જ નહિ, એનો અમલ સુધ્ધાં કરી નાખ્યો. રસ્તા પર અચાનક કૈરોંની ગાડીની ઝડપ ધીમી પડવા માંડી અને આડશ પાસે આવીને ઊભી રહી ગઈ. આ સાથે ચારેય બંદૂકધારી એકદમ ઘાંઘા થઈને ગોળીઓ છોડવા માંડ્યા. એક જણે તો કારનો પાછળનો દરવાજો ખોલીને કૈરોંના શરીરમાં બે ગોળી ધરબી દીધી. એમાંથી એક ગોળી તો એમના માથામાં ઘૂસી થઈ. અંગત સચિવ અજિત સિંહે પોતાની પિસ્તોલ કાઢવાની કોશિશ કરી પણ હુમલાખોરો વધુ સ્ફુર્તિવાન નીકળ્યા. બંદૂકબાજોએ કૈરોં ઉપરાંત અજિત સિંહ, બલદેવ કપૂર અને દલીપ સિંહનાય ઢીમ ઢાળી દીધાં.

ઘડીના છઠ્ઠા ભાગમાં રસ્તા પર ચાર લાશ પડી હતી, ને એમના હત્યારા ખેતરમાં દૂર દૂર ભાગતા નજરે પડ્યા હતા.

મહાત્મા ગાંધીને બાદ કરીએ તો આ સ્વતંત્ર ભારતની પહેલીવહેલી રાજકીય હત્યા હતી. આવા બહુ બધા પડઘા પડવાના હતા હજી. (ક્રમશઃ)■

---

રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનીની વ્યાખ્યાનમાળા

અષ્ટમ્ દિવસ **નમ્રવાણી**



# तू है तो... क्षमा आसान हैं

''પરમ ગુરુદેવ''

## સંવત્સરી એટલે જનમ-જનમ પ્રભુના શરણને પામવાની process!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે મુખમાંથી પ્રભુનું અમૃતમય સૂત્ર 'ખમાવું છું,' પ્રગટાવીને, કડવાશને ધોઈને હળવાશને અનુભવવાનો ક્ષમામય અવસર!

ક્ષમાપના એ કોઈ ધર્મની વિધિ નથી, એ તો દિલનો ઉત્સવ છે.

જે ઘરમાં ક્ષમાપનાનો ઉત્સવ મનાવાતો હોય, એ ઘરમાં ઉદાસી, નિરાશા કે negativity ન હોય.

ક્ષમાપના એ બે હાથ જોડવાની વિધિ નથી, પણ બધાંની સાથે heart જોડવાનો ઉત્સવ છે.

સર્વ પ્રત્યે પ્રેમ, સર્વ પ્રત્યે મૈત્રી અને સર્વ પ્રત્યે જ્યાં ક્ષમાનો સદ્ભાવ હોય ત્યાં પ્રત્યેક દિવસ સંવત્સરી હોય.

**ક્ષમા એ જ માંગી શકે, જેનામાં નમ્રતા હોય,**

**ક્ષમા એ જ આપી શકે, જેનામાં સરળતા હોય.**

જ્યારે નમ્રતા અને સરળતાનો સંગમ થાય, ત્યારે સમ્યક ક્ષમાપના થાય.

જે ક્ષમાપના માગે છે, એ ધર્મના આરાધક હોય છે. આરાધકની વ્યાખ્યા છે, જનમ-જનમ પ્રભુના શરણને પ્રાપ્ત કરવાની પાત્રતા!

જે ક્ષમાપના નથી કરતાં, તે ધર્મના વિરાધક હોય છે. વિરાધકની વ્યાખ્યા છે, જનમ-જનમ સુધી પ્રભુથી દૂર થવું!

સંવત્સરી જનમ-જનમ સુધી પ્રભુના શરણને પામવાની process છે.

જ્યારે તમે કોઈને સાચા દિલથી અને આત્મશુદ્ધિના ભાવથી ખમાવો છો, ત્યારે તમને ખબર હોવી જોઈએ. તમે પ્રભુની નજીક જઈ રહ્યાં છો. ક્ષમાપનાનો એક નાનકડો મંત્ર- **તસ્સ મિચ્છામિ દુક્કડમ્** તમારી અને પ્રભુની વચ્ચે એક bridge બનાવી દે છે, જો ક્ષમાપનાનો ધર્મ ન હોત તો જેમની સાથે problems હોય, એ ક્યારેય solve ન થાય અને ભવોભવ સાથે આવ્યા કરે.

પરમાત્મા પાર્શ્વનાથને કમઠે, શા માટે ઉપસર્ગો આપ્યા? કેમ કે, એ જનમ-જનમનું વેર હતું.

માટે જ, જે ક્ષમાપના કરે છે, એનો ભવ તો શુદ્ધ થઈ જાય છે, પણ એના ભવોભવ વિશુદ્ધ થઈ જાય છે.

તમે જેને શબ્દોના ડંખ માર્યા હોય અને સામેવાળી વ્યક્તિ પણ વિરાધક હોય તો એ ડંખ મનનું ઝેર અને જનમ-જનમનું વેર બની જાય. એ memoriesમાં save થઈ જાય અને ભવોભવ જ્યાં સુધી એની ક્ષમાપના ન થાય, ત્યાં સુધી સાથે આવે. આ એક scientific process છે, જે proove થયેલી છે.

ભૂતાનના રાજાનો દીકરો કોઈ એક ભવમાં નાલંદા universityના આચાર્ય હતાં, એ જ્યારે તે ભવમાં નાલંદા આવ્યા, ત્યારે તેમણે એક-એક place બતાવી અને કહ્યું અહીંયા આમ હતું, અહીંયા આ હતું અને એમણે આખી universityનો map પણ બનાવી દીધો. આને જાતિ સ્મરણ જ્ઞાન પ્રગટ થયું કહેવાય.

શરીર મૃત્યુ પામે છે, સ્મૃતિ ક્યારેય મૃત્યુ પામતી નથી.

આજે માનો કે, તમને કોઈ વ્યક્તિ પ્રત્યે અણગમો છે, negative feelings છે, તો એ શું છે? એ pastની memories છે. જો એ નાલંદાની memory લઈને બીજા ભવમાં જઈ શકે તો આજે જેની સાથે અણગમો હોય, એ memory પણ આવતા ભવમાં આવે ને!

યાદ રાખજો, જેમની સાથે problems હોય, એની સાથે કર્મોનું bonding થઈ જાય અને જનમ-જનમ સાથે આવે.

એક હોય anger અને એક હોય અણગમો!

Angerની ક્ષમા માગી શકાય અને પસ્તાવો પણ કરી શકાય, કેમ કે, એ દેખાય છે, જ્યારે અણગમો દેખાતો નથી એટલે કોઈને અણગમાનો પસ્તાવો થતો નથી.

અણગમો જ્યારે એક limitથી વધે, ત્યારે તે દ્વેષ બની જાય છે અને અંદરમાં multiply થવા લાગે છે.

અણગમાની જે આલોચના કરે છે, તેની સંવત્સરી સાર્થક થઈ જાય છે.

જે એવું માનીને પર્યુષણની આરાધના કરે કે, આ મારી lifeનું last પર્યુષણ હોય તો!! એ જ અણગમાને બહાર કાઢવાના પ્રયત્ન કરે, અણગમાની આલોચના, પ્રતિક્રમણ અને ક્ષમાપના કરે. એ જ ગુરુને વિનંતી કરે કે, મને અણગમાથી મુક્ત કરાવો. ગુરુ micro કૃપા દ્વારા એના અંતર આત્મામાં એવા ભાવ પ્રગટાવે કે, અંદરમાં પડેલા અણગમાને દૂર થતાં વાર ન લાગે. અણગમાની એવી ક્ષમાપના કરાવે કે ક્ષમાપના જે દિલનો ઉત્સવ છે, તે મહોત્સવ બની જાય.

**प्रभु, तू हैं... तो क्षमा आसान है।**

**गुरु, तू है.. तो क्षमापना दिल का महोत्सव हैं।**

ખમાવવા માટે કદાચ હાથ જોડવાથી ચાલી જાય, પણ અણગમાને કાઢવા માટે તો heart જોડાવું જોઈએ. જ્યાં સુધી heart ન જોડાય, ત્યાં સુધી અણગમાની આલોચના કે અણગમાની ક્ષમાપના ન થાય અને અણગમાની ક્ષમાપના વગર બે હાથ જોડીને થયેલી ક્ષમાપના એ માત્ર fornality હોય, એ માત્ર ધર્મનો વ્યવહાર હોય, એમાં આત્માની શુદ્ધિ ન હોય!

આજના યુગમાં મોટાભાગે what's appમાં ક્ષમાપનાના message મોકલાવતા હોય છે, તો ક્ષમાપના digital હોય કે દિલથી હોય?

પર્યુષણ મહાપર્વ એ તહેવાર છે કે અણગમા ઉપર વાર છે? અણગમાની ક્ષમાપના એ સંસારને સુખી કરવાની process છે.

સંસાર ભલે અધર્મ હોય પણ સંસારને સુખી તો ધર્મ જ કરી શકે.

Angerથી, અણગમાથી સંસાર દુઃખી થાય, ક્ષમા અને મૈત્રીથી સંસાર સુખી થાય.

સંવત્સરીના દિવસે જો દિલથી ક્ષમાપના થાય તો સમ્યસ સંવત્સરી ઉજવાય અને મનમાં અણગમો હોય અને માત્ર બે હાથ જોડાય તો અસમ્યક કહેવાય.

દિલમાં જ્યાં સુધી અણગમાની સ્મૃતિઓ પડી હોય, ત્યાં સુધી સમ્યક ક્ષમાપના ન થાય.

શરૂઆત ભલે એણે કરી હોય, પણ પૂરું મારે કરવું છે. મારે ક્ષમાપના કરી, આ અણગમાનો અંત કરવો છે, ક્ષમાપના કરવા હિંમત જોઈએ અને હિંમત કરીએ તો જ હળવા થઈએ,

ભગવાને પણ કહ્યું છે, માફી માગવાવાળો મહાન હોય છે.

જ્યાં સુધી મનમાં અણગમો હોય, ત્યાં સુધી વ્યક્તિના દરેક વ્યવહારમાં misunderstanding હોય.

દૃષ્ટિમાં વેર હોય તો સામેવાળા યોગ્ય હોય તો પણ અયોગ્ય લાગે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ દૃષ્ટિને દોષમુક્ત કરવા માટે હોય છે, નયનનું પસ્તાવાથી પ્રક્ષાલન કરવા માટે હોય છે.

અણગમાને બહાર કાઢવા માટેનો એક પ્રયોગ બતાડું છું, આજથી તમારા mobileમાં એક મહિના માટે password set કરો. 'મારે એનો ગુનો માફ કરવો છે.' Next monthનો password હોય. 'મારે એની ભૂલો ભૂલવી છે.'

જેટલી વાર આ password use કરો, એટલી વાર તમારા mind પર એની અસર થાય કે નહીં? એ તમારી deep memoriesમાં save થાય અને જ્યારે નિમિત્ત આવે, ત્યારે તરત જ યાદ આવી જાય અને સહજતાથી ક્ષમાપના થઈ જાય.

એક નિર્ણય કરો, મારે મારા અણગમાને બીજા દિવસની સવાર સુધી લઈ જવો નથી. મારે sorry વિના રાત્રિની નિદ્રા કરવી નથી. ક્ષમાપના સહજ થઈ જશે અને ક્ષમાપના દિલનો ઉત્સવ બની જશે.

સંકલ્પઃ

હું જ્યાં જે પદ પર છું, ત્યાં મારી ફરજ ચૂકી ન જાઉં, એ સાવધાની રાખીશ!

**POINTERS**

* ક્ષમાપના એ કોઈ ધર્મની વિધિ નથી, એ તો દિલનો ઉત્સવ છે.

* જે ક્ષમાપના નથી કરતાં, તે ધર્મના વિરાધક હોય છે. જનમ-જનમ સુધી પ્રભુથી દૂર થવું પડે છે.

* સંવત્સરી જનમ-જનમ સુધી પ્રભુના શરણને પામવાની process છે.

ક્ષમાપનાનો એક નાનકડો મંત્ર- **તસ્સ મિચ્છામિ દુક્કડમ્** તમારી અને પ્રભુની વચ્ચે એક bridge બનાવી દે છે.

જે ક્ષમાપના કરે છે, એનો ભવ તો શુદ્ધ થઈ જાય છે પણ એના ભવોભવ વિશુદ્ધ થઈ જાય છે.

શરીર મૃત્યુ પામે છે, સ્મૃતિ ક્યારેય મૃત્ય પામતી નથી.

અણગમો જ્યારે એક limitથી વધે, ત્યારે તે દ્વેષ બની જાય છે અને અંદરમાં multiply થવા લાગે છે.

અણગમાની જે આલોચના કરે છે, તેની સંવત્સરી સાર્થક થઈ જાય છે.

ખમાવવા માટે કદાચ હાથ જોડવાથી ચાલી જાય, પણ અણગમાને કાઢવા માટે તો heart જોડાવું જોઈએ.

સંસાર ભલે અધર્મ હોય પણ સંસારને સુખી તો ધર્મ જ કરી શકે.


Angerથી, અણગમાથી સંસાર દુઃખી થાય, ક્ષમા અને મૈત્રીથી સંસાર સુખી થાય.

ભગવાને પણ કહ્યું છે, માફી માગવાવાળો મહાન હોય છે. ■

વાર-તહેવાર
લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# મુંબઈના લાલબાગચા રાજાઃ ખરા અર્થમાં આસ્થાના મહા-રાજા!

## રોજના ૨૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ અહીં ઊમટે છે!



**મુંબઇના** ભવ્ય ગણેશોત્સવનું બે જ શબ્દમાં વર્ણન કરવું હોય તો માત્ર 'લાલબાગના ગણેશ'! એટલું કહો તો ભયો ભયો !

ગણેશોત્સવ દરમિયાન લાલબાગના રાજાની ચર્ચા દુનિયાભરમાં થાય છે. દુનિયાના કોઈપણ ખૂણે વસેલા ગણેશભકત આ લાલબાગનાં બાપ્પાના દર્શન કરવાનું ચુકતા નથી એ પછી ઓનલાઇન કેમ ન હો કે પછી ટીવી કે વોટસઅપની વીડિયો ક્લિપના માધ્યમ દ્વારા દર્શન કરી જ લે છે.

આમ તો મુંબઈમાં ગણેશોત્સવનો પર્યાય લાલબાગના રાજા કઈ રીતે બન્યા તેની પણ એક ગાથા અનોખી છે. ૧૯૩૪માં આ વિસ્તાર કોળી સમુદાયના માછીમારો અને વેપારીઓનો હતો. આ સમુદાયના અમુક લોકોએ ગણેશોત્સવ દરમિયાન વ્રત રાખવાનું નક્કી કર્યું અને તે વિસ્તારમાં ગણેશ પ્રતિમા સ્થાપિત કરવા માટે પંડાલ બનાવ્યું. કહેવાય છે કે, આ વ્રત લેવાવાળા ભક્તોએ એક માનતા માની હતી કે જો એમને આ વિસ્તરમાં એક સ્થાયી બજાર મળશે તો દર વર્ષે એ ગણપતિના પંડાલની સ્થાપના પૂજા કરશે...

આ એ સમયની વાત છે જયારે એક બાજુ ત્યાંની પેરુ ચોક વાળી બજાર બંધ થઇ . બીજી બાજુ આ ભક્તોની માનતા પૂરી થઇ અને એમને લાલબાગ બજાર માટે એક સ્થાન મળ્યું. ૧૨ સપ્ટેમ્બરે ૧૯૩૪માં અહીં સૌપ્રથમ સાર્વજનિક ગણેશોત્સવ મંડળની સ્થાપના થઇ અને પછી તો ત્યારથી લઈને આજ સુધી મુંબઈમાં લાલબાગના રાજાનું સામ્રાજ્ય આ જ સ્થળે વિસ્તરી ગયું છે.

જોકે તે સમય ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો સમય હતો અને સાર્વજનિક ગણેશોત્સવ પણ એક રીતે અંગ્રેજો વિરુદ્ધ લડાઈ જ હતી. આ સાંસ્કૃતિક ઝુંબેશ દ્વારા આઝાદીના એક લડવૈયા બાળગંગાધર તિલકે તમામ સમુદાયના લોકોને અંગ્રેજો વિરુદ્ધ એકત્ર કર્યા પછી ૧૮૯૩માં પુણેમાં પહેલા આધુનિક ગણેશોત્સવનો આરંભ કર્યો હતો. જો કે આની ક્રમશઃ શરૂઆત સાલ ૧૮૯૦માં જ થઇ ગઈ હતી. વાસ્તવમાં લાલબાગના રાજાના ગણેશ પંડાલની શરૂઆત પુણેના ગણેશ પંડાલની જેમ જ કરવામાં આવી હતી.'લાલબાગચા રાજા' તરીકે ઓળખાતું આ પંડાલ ત્યારથી જ તેની પરંપરાને ધામધૂમથી જાળવી રહ્યું છે.

લાલબાગચા રાજામાં મુંબઈગરાઓને અખૂટ શ્રદ્ધા છે, કારણ કે આસ્થાળુઓની એવી દ્રઢ માન્યતા છે કે કે તમે જો સાચા મનથી દર્શન કરી માનતા માનો તો તમારી મનોકામના અચૂક પૂરી થાય છે. તેથી જ ભક્તો શ્રદ્ધાપૂર્વક આને 'નવસાચા ગણપતિ' એટલે કે, વાંચ્છિક ઈચ્છા પૂરી કરવાવાળા ભગવાન ગણેશ કહે છે .

ગણેશોત્સવ દરમિયાન અહીં રોજ વીસેક લાખ લોકો દર્શન માટે આવે છે. લાલબાગના ગણેશની એવી આમાન્યા છે કે, ભલભલા ચમરબંધી વીવીઆઈપીએ કે પછી કોઈ સેલેબ્સે પણ અહીં બાપ્પાના દર્શન માટે ચાર ચાર કલાકો સુધી લાઈનમાં ઊભા રહે છે.

આ ગણેશ મંડળની તમામ વ્યવસ્થાની ઔપચારિક રીતે જવાબદારી કામ્બલી પરિવાર પર જ છે. ૧૯૩૫થી રત્નાકર કામ્બલીથી લઈને તેમના પુત્ર આ પારિવારિક પરંપરાને સંભાળે છે. અહીં સ્થાપિત થતી ગણેશ મૂર્તિનું નિર્માણ અને રક્ષાની જવાબદારી આ પરિવાર પેઢી દર પેઢી સંભાળે છે. લાલબાગચા રાજાનું પંડાલ એટલું ભવ્ય હોય છે કે જૂન મહિનાથી જ તૈયારીઓ ચાલુ થઇ જાય છે.

અહીં ભક્તોના દર્શન માટે બે કતાર હોય છે. એક. નવસાચી તરીકે ઓળખાતી લાઈનના ભક્તો મંચ પર જઈને ગણેશની પૂજા કરે છે અને ક્રમવાર દર્શન કરે છે. બીજી ' મુખ દર્શનની લાઈન'માં માત્ર દર્શન જ કરવા મળે છે. નવસાચી લાઈનમાં દર્શન કરવા માટે ૨૫ થી ૪૦ કલાકો પણ લાઈનમાં ઊભા રહેવું પડે છે.

લાલબાગના રાજા ગણેશની જે પ્રતિમા / અહીં સ્થાપિત કરવામાં આવે છે તે એક વિશિષ્ટ કદ-આકારની હોય છે. આ પ્રતિમાની રચના પરંપરાગત ગોળ મટોળ હોય છે, પરંતુ તાજેતરના વર્ષોમાં મૂર્તિ પસંદગીનું સૌંદર્ય શાસ્ત્ર થોડું બદલાયું છે. આ વિવિધ પ્રાચીન ગ્રંથો અનુસાર ઘણી ધાર્મિક આકૃતિઓ બનાવવામાં આવે છે, જેમાં અંતિમ સ્વરૂપમાં સ્થાપના માટે સૌથી અનોખા ધાર્મિક વિધિવાળા ભગવાન ગણેશની પસંદગી કરવામાં આવે છે. સિંહાસન પર બિરાજમાન એવા 'ગણેશ બાલના રાજા' તરીકે ઓળખાતા ગણેશજીની પંડાલ મૂર્તિ ખાસ કરીને સહેજ ઝુકેલી અને નરમ સ્મિત સાથે ડિઝાઇન કરવામાં આવી છે.

એ વાતની ખાસ નોંધ લેવી કે આ વિશિષ્ટ ડિઝાઇનના કોપી રાઈટ છે. એ અનુસાર આ પ્રતિમા કોઈ પણ બીજા પંડાલવાળા બનાવીને સ્થાપિત પણ ન કરી શકે.

જોકે મુંબઈમાં ગણેશોત્સવ ચોમાસામાં જ આવે છે તેથી ચોમાસાના વરસાદમાં આ મૂર્તિનું રક્ષણ કરવું મુશ્કેલ થઇ જાય છે. તેથી જ આ પ્રતિમાના રંગ રોગાનનું ધ્યાન રાખવા માટે વિવિધ પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે .

૨૦૨૪માં અનંત અંબાણીએ લાલબાગચા રાજાને ૨૦ કિલોનો સોનાનો મુકુટ ભેટ તરીકે આપ્યો હતો. અત્યાર સુધી લાલબાગચા રાજાને આપવામાં આવેલા વિવિધ પ્રકારના સોનાના દાગીના અને અન્ય ભેટો એક જ જગ્યાએ રાખવામાં આવે તો તેમની સંખ્યા ડઝનેક ટન સુધી પહોંચી ગઈ હોત.

લાલબાગચા રાજાની 'આધ્યાત્મિક અને સામાજિક હાજરીનો પ્રભાવ એટલો વધારે હોય છે કે ગણેશોત્સવ દરમિયાન અહીંના વાતાવરણમાં એક ખાસ પ્રકારનો ભક્તિભાવ જોવા મળે છે. લાલબાગચા રાજા બધાને મન વિશેષ એટલા માટે છે કે, આ માત્ર એક ગણેશ ઉત્સવ નથી, પરંતુ આ એક વંશીય સમુદાયના સાંસ્કૃતિક વારસા, ભક્તિ, કલાત્મક સમર્પણ અને ઐતિહાસિક એકતાનું ઉદાહરણ છે.

આશરે ૧૦૦ વર્ષથી કામ્બલી પરિવાર પૂરી આત્મીયતાથી આ ઉત્સવ સાથે જોડાયેલા છે. ■

### ઘરમાં ગણપતિ સ્થાપિત કરતા પહેલા .....




ગણેશોત્સવ દર વર્ષે ભાદ્રપદ મહિનાંની શુક્લ પક્ષની ચતુર્થીને દિવસે ઉજવવામાં આવે છે. આમ તો પૂરા દેશમાં ગણેશોત્સવ મનાવવામાં આવે છે, પરંતુ મહારાષ્ટ્રમાં આનો ઉત્સાહ કઈ અલગ જ હોય છે.

ખાસ કરીને ડાબી સૂંઢવાળા ગણપતિની પ્રતિમા લેવી જ શુભ માનવામાં આવે છે. જો તમે પહેલી વાર આ ઉત્સવ ઉજવી રહ્યા હોય તો બેઠી મૂર્તિ જ લેવી, જે સુખ સમૃદ્ધિનું પ્રતીક ગણાય છે... ભગવાન ગણેશની સ્થાપના ઈશાન ખૂણામાં જ કરવી અને પ્રતિમાને એ રીતે બિરાજમાન કરવી કે ભગવાનનું મુખ ઉત્તર દિશામાં રહે...

ગણપતિની સ્થાપના લાકડાના બાજોઠ પર કરવી.એ સૌથી પવિત્ર માનવામાં આવે છે. સૌ પ્રથમ લાકડાંના બાજોઠને ગંગા જળથી સ્વચ્છ કર્યા બાદ પાંચ દ્રવ્યોથી સાફ કરવો પછી તેની પર લાલ કપડું પાથરી ભગવાન ગણેશને સ્થાપિત કરવા.... પ્રતિમા પસંદ કરતી વખતે ખાસ ધ્યાન એ રાખવું કે ભગવાન ગણેશનો હાથ આશીર્વાદ આપતી મુદ્રામાં હોય અને બીજા હાથમાં મોદક... આવી પ્રતિમાને સૌથી શુભ ગણવામાં આવે છે.

પ્રાસંગિક___અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ટ્રમ્પને લીધે ફરી 'હિન્દી-ચીની ભાઈ ભાઈ'!



જીયો પોલિટિક્સમાં કોઈ સ્થાયી મિત્ર કે દુશ્મન હોતું નથી. ભારત પર હાલમાં તો એવી પનોતી બેઠી છે કે તેની ડિપ્લોમસીની દરરોજ અગ્નિપરીક્ષા થાય છે. હાલમાં ભારતની સ્થિતિ એવી છે કે એક બાજુ ખડક અને બીજી બાજુ ઊંડા પાણી છે. અમેરિકા અને ચીનના શિંગડા વચ્ચે ભારત ફસાઈ ગયું છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે એવું વાંકુ પડ્યું છે કે એ મોદીનું અપમાન કરવાનો કોઈ મોકો જતા કરતા નથી. ટ્રમ્પે પચાસ ટકા ટૅરિફ લગાડી દીધી છે. ભારત અને અમેરિકા વચ્ચેની વેપારતુલામાં ભારત પ્લસમાં હતું. અમેરિકાને સ્માર્ટફોન, દવા, હીરા તથા સર્વિસ સેક્ટરમાં ભારત નિકાસ કરે છે. હવે ભારત માટે અમેરિકામાં નિકાસ કરવી લગભગ અશક્ય બની ગઈ છે. ટ્રમ્પ જાણીબુઝીને ભારતને નીચા પાડવા પાકિસ્તાનને ખોળે બેસાડી રહ્યું છે.

બીજી બાજુ, વિસ્તારવાદી ચીન છે. મોદીને પ્રતીતિ થઈ ગઈ છે કે ટ્રમ્પ જેવા મિત્ર હોય તો દુશ્મનની શી જરૂર? મોદી અમેરિકાની ટૅરિફથી થનારા નુકસાનને સરભર કરવા ચીન તરફ ઢળી રહ્યા છે.

હાલમાં ચીનના વિદેશ પ્રધાન વાંગ યી ભારતની મુલાકાતે આવી ગયા.. હવે મોદી મહિનાના અંતમાં 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન'ની સમિટમાં ભાગ લેવા જવાના છે. ૨૦૧૮ પછી મોદી પહેલી વાર ચીનની મુલાકાતે જઈ રહ્યા છે ચીન જરા પણ વિશ્વાસ પાત્ર નથી. વેપારતુલામાં પણ ચીનનો હાથ ઘણો ઉપર છે. તાજેતરના 'ઓપરેશન સિંદૂર' માં ચીને પાકિસ્તાનને સાથ આપ્યો હતો. ભારતીય લશ્કર જનરલના કહેવા મુજબ ભારત પાકિસ્તાન નહીં પરંતુ ચીન સામે લડી રહ્યુ હતું. ચીને પાકિસ્તાનને ઉપગ્રહના ઈનપુટ, હથિયારો અને રણનીતિ એમ દરેકમાં મદદ કરી હતી.

હવે ભારત એવી લાચાર અને નિસહાય સ્થિતિમાં મુકાઈ ગયું છે કે તેને અવિશ્વસનીય અને વિસ્તારવાદી ચીનને મસ્કા મારવા પડે છે. ટ્રમ્પને લીધે 'હિન્દી-ચીની ભાઈ ભાઈ'નો નારો ફરી બુલંદ થઈ રહ્યો છે.

ચીન સાથે વેપાર વધારવાથી ભારતને ક્યો લાભ થશે.? ભારત અને ચીન બન્ને ખનીજ તેલના મામલામાં પરાવલંબી છે. ભારત અને ચીન વિદેશી રોકાણકારોને સસ્તા લેબરની લાલચ આપે છે. ચીન પ્રોડકશનમાં અવ્વલ નંબરે પહોંચી ગયું છે. માસ પ્રોડકશનને લીધે ચીન જેટલો સસ્તો માલ કોઈ આપી શકતું નથી. ચીને તો ભારતને રેર અર્થ મેટલ, ટનલ બોરિંગ મશીન અને ખાતર આપવાનું બંધ કરી દીધું હતું. ચીનના વિદેશ પ્રધાન વાંગની મુલાકાત બાદ આ પ્રતિબંધ ઉઠાવી લેવાની જાહેરાત ભારત તરફથી કરવામાં આવે છે, પરંતુ ચીને હજુ સત્તાવાર જાહેરાત કરી નથી!

ચીન સાથે વેપાર કરવામાં મોટો ભય ડમ્પિંગનો છે. ચીન તેના માલ ડમ્પિંગ કરીને ભારતના ઉદ્યોગોને ખતમ કરી શકે. ચીન સાથેના વેપારમાં ભારતે હંમેશાં એ ભૂલ કરી હતી કે તેને ભારતમાં ઉત્પાદનની પરવાનગી આપી નહોતી. ચીને અમેરિકાની મોટી કંપનીઓને ચીનમાં ઉત્પાદન કરવાનું આમંત્રણ આપીને તેની ટેકનોલોજી હસ્તગત કરી લીધી હતી. ભારતે વપરાશકારમાંથી ઉત્પાદક બનવું હોય તો તેને ચીનને ભારતમાં ઉત્પાદન કરવાની છૂટ આપવી પડશે.

ભારત ચીન વિરોધી 'ક્વેડ' અને અમેરિકા વિરોધી 'બ્રિક્સ' બન્નેનું સભ્ય છે. બાઈડન અમેરિકાના પ્રમુખ હતા ત્યારે પ્રોબ્લેમ નહોતો. ટ્રમ્પે છ મહિના પહેલાં સત્તા સંભાળી ત્યારથી જ 'બ્રિક્સ' સામેની હલચલ તેજ કરી દીધી. વેપારમાં ડૉલરનો ઉપયોગ બંધ કરવાની 'બ્રિક્સ'ની હિલચાલથી ટ્રમ્પ ગુસ્સે ભરાયા હતા. ભારતે તો અમેરિકાને ખાતરી આપી હતી કે તે આવા પ્રસ્તાવનું સમર્થન નહીં કરે. મોદી અમેરિકાની મુલાકાતે ગયા ત્યારે ટ્રમ્પે 'બ્રિક્સ' દેશો પર વધારાની ટેરિફ ઝીંકવાની ધમકી ઉચ્ચારી હતી. ટ્રમ્પ એ સમજતા નથી કે અમેરિકા સુપરપાવર છે એની ના નહીં, પરંતુ જગતમાં એ એકલો સુપરપાવર નથી. ટ્રમ્પ રશિયા સાથેના કોલ્ડ વોરને પણ ભૂલી ગયા છે. યુક્રેન સાથે સમાધાન કરવા ટ્રમ્પ હજી પુતિનને મનાવી શક્યા નથી. ઝેલેન્સ્કી સાથે વાતચીત કરવાનું પુતિન બહાના કાઢીને ટાળી રહ્યા છે.

ભારત અને રશિયાની મૈત્રી ઘણી જૂની છે. ભારતે ૧૯૭૧માં પાકિસ્તાનના દાંત ખાટા કર્યા એમાં રશિયાનો સતત ટેકો કારણભૂત હતો. ભારતે છેલ્લાં થોડાં વર્ષોમાં રશિયાથી અંતર રાખીને અમેરિકા તરફ વધુ ઢળ્યું હતું.હવે ટ્રમ્પને લીધે ભારતને તેના સમીકરણો ફરી બદલવા પડ્યા છે.. ભારત રશિયાની વધારે નિકટ આવે એની પાસેથી હથિયારો અને તેલ ખરીદે એમાં કોઈ પ્રોબ્લેમ નથી. રશિયા આપણને તેલ ડિસ્કાઉન્ટમાં આપે છે... રશિયા પાસેથી શસ્ત્રો લેવા પણ લાભદાયક છે, કારણ કે રશિયા ૧૦૦ ટકા ટેકનોલોજી ટ્રાન્સફર કરવા પણ તૈયાર છે. રશિયા પાસે અમેરિકા કરતાં પણ ઘાતક અને જીવલેણ હથિયારો છે. જોકે ચીનની વાત અલગ છે. સિનારિયો એવો છે કે મોદીને જવું હતું યુએસ, પહોંચી ગયા ચીન!

ચીન સામે તો અમેરિકાએ સરેન્ડર કરી નાખ્યું છે. ચીન તો ભારત કરતાં પણ વધારે પેટ્રોલ રશિયા પાસેથી ખરીદે છે એટલું જ નહીં, પરંતુ રશિયાને યુદ્ધમાં બધી રીતે ટેકો આપે છે. ચીનની મદદને લીધે જ રશિયા આજે વિજેતા બની શક્યું છે. ચીનને તો ટ્રમ્પે ત્રણ મહિનાની રાહત આપી છે. અમેરિકાને ખબર છે કે સેમિકન્ડક્ટર અને રેર અર્થ એલિમેન્ટમાં ચીનની મોનોપોલી છે અને ચીન પર ટૅરિફ લગાડવાનો અર્થ પોતાના પગ પર કુહાડી મારવી જેવો હશે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં અમેરિકાના કહેવાથી ચીને હોર્મુઝ સામુદ્રધુની બંધ ન કરવા ઈરાનને સમજાવ્યું હતું. આથી જ અમેરિકાએ ચીનને ઈરાન પાસેથી તેલ ખરીદવાની છૂટ આપી છે. ટ્રમ્પમાં એટલી તાકાત નથી કે ચીન આગળ પોતાની મનમાની ચલાવી શકે. ચીન સામેનુ ટ્રેડવોર અમેરિકાને ભારે પડી શકે એમ છે. ચીનનો સસ્તો માલ અમેરિકાને ન મળે તો અમેરિકામાં ફુગાવો વધી જાય અને મોંઘવારીની બૂમરાણ મચી જશે.

બીજી તરફ, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો એટલા વણસી ગયા છે કે ભારતની તરફેણ કરનાર ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોલ્ટોનને ત્યાં ટ્રમ્પે દરોડા પડાવ્યા છે. અમેરિકાની સરકારના પ્રધાનો ભારત વિરોધી નિવેદન આપી રહ્યા છે. ભારતે અમેરિકા સાથે હથિયારો ખરીદવાનું મોકૂફ રાખી દીધું છે.

હવે આપણે ચીન સાથેના સંબંધો વિસ્તારતા પહેલાં સાવાચેતી રાખવાની જરૂર છે. ચીનના વિદેશ પ્રધાન ભારતની મુલાકાતે આવ્યા બાદ તરત જ પાકિસ્તાન ગયા. ભારત અત્યાર સુધી ચીન સાથે વેપારનું વિસ્તરણ કરતા પહેલાં સીમા વિવાદ નિવેડો લાવવાની વાત કરતું હતું, પરંતુ હવે ભારતે આ વાતને કોરે મૂકી દીધી છે. ચીન અને ભારતે વેપાર સામેની અડચણો દૂર કરવાનું નક્કી કર્યું છે. વિશ્વની સૌથી વધુ વસતિ ધરાવતા બે દેશ અનેક વેપારના રૂટ શરૂ કરશે. માલ સમુદ્ર વાટે નહીં, પરંતુ બોર્ડર વાટે મોકલવામાં આવશે. નવી દિલ્હી અને બીજિંગ બે દેશ વચ્ચે સીધી ફ્લાઇટ શરૂ કરવા સંમત થયા છે. વાંગને મળ્યા બાદ મોદીએ લખે છે કે ભારત અને ચીન વચ્ચેના સ્થિર અને સકારાત્મક સંબંધ વિશ્વ શાંતિમાં પણ યોગદાન આપશે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ કહે છે કે શાંતિ અને એખલાસનુ નવું વાતાવરણ સર્જાયું છે. છેલ્લા થોડાં વર્ષની તંગદિલી આપણા હિતમાં નહોતી.સરહદ વિવાદ અંગે પણ વાતચીત થઈ છે.

જો કે, મોદીએ ચીન સાથેની મંત્રણામાં સાવધાન રહેવું પડશે. ચીને નેપાળ, શ્રીલંકા, ભુતાન, મ્યાનમાર, પાકિસ્તાન અને બાંગ્લાદેશ વગેરે દેશોને પોતાના પક્ષમાં લઈને ભારતને ચોમેરથી ઘેરી લીધું છે. ભારતે ૨૦૨૦માં ગલવાન સરહદે ૨૦ જવાનની શહાદત ન ભૂલવી જોઈએ. ભારતે એ પણ ન ભૂલવુ જોઈએ કે વેપારમાં તે ૧૦૦ અબજ ડૉલરની ખાધ ધરાવે છે. ચીન આપણા અરુણાચલ પ્રદેશ પર દાવો કરી રહ્યું છે. તેની નજર લદાખ અને સિક્કિમ પર પણ છે. ૨૦૨૦ની અથડામણ બાદ ભારતને ચીની સરહદ પર એક લાખ જવાનો તહેનાત કરવા પડ્યા છે જેનો ભારતને દર વર્ષે ૧૦ અબજનો ખર્ચ આવે છે. અમેરિકા ભારતની પ્રગતિ જોઈને આનંદિત થાય છે. તે માનતું કે ચીન સામે એક મજબૂત હરીફ ઊભો થાય છે.

બીજી બાજુ ચીનને ભારત આગળ આવે એ જરા પણ ગમતું નથી. ચીન ભારત પ્રત્યેના આદર કે ભય ધરાવતો નથી. ચીને ભારતને સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિમાં આવવા દીધું નથી. ચીને ભારતની ન્યુક્લિયર સપ્લાઈર ગ્રૂપમાંની એન્ટ્રી રોકી નાખી છે.

ભારતે અમેરિકા અને ચીન વચ્ચે હેજિંગ કરવું પડશે. વાસ્તવિકતાની ઉપેક્ષા કરીને તકવાદ અપનાવવો એ છટકું હશે. આશા છે કે મોદી ઈતિહાસમાંથી પાઠ શીખશે અને પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરૂએ ૧૯૬૨માં કરેલી ભૂલ નહીં દોહરાવે. ■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# અથ શ્રી ગણેશાય નમઃ




**શ્રી ગણેશાય નમઃ**

વાત ગણેશજીથી શરૂ કરીએ એટલે ધીમે ધીમે એ ઉંદર સુધી પહોંચી જશે અથવા તો ઉંદરથી શરૂ કરીએ, જે પછી આપોઆપ ગણપતિ દાદા સુધી પહોંચી જશે. કાં તો પછી લખવા-વાંચવા વિશે ચર્ચા માંડવામાં આવે. શ્રી ગણેશ

જ્ઞાન ને બુદ્ધિના દેવતા છે એટલે જ બુદ્ધિશાળી હોવાને લીધે એ એકલા પડી જતા હશે. સૌથી પહેલાં એ જ પૂજાય છે ને સૌથી આખરે પાણીમાં પધરાવવામાં આવે છે. ટૂંકમાં, વાંચવા-લખવા ને વિદ્યા વગેરેની લપ છોડીને આપણે શ્રી ગણેશની કથા પર ડાયરેક્ટલી આવી શકીએ છીએ.

-પણ વિષય શું છે? ઉંદર કે ગણેશજી? શું છે કે આ દેશમાં હરી ફરીને વિષય એક જ હોય છે. ગરીબી....બધા વિષય એમાંથી જ જન્મે છે . નબળી કવિતા લખો કે મહાન નવલકથા એમાં મોટેભાગે વાત તો એની એ જ હશે. 'ગરીબી હટાઓ'વાળાં ગરીબી હટાવવાની વાતો કરતા રહ્યા, પણ એમણે એ ન વિચાર્યું કે જો ગરીબી હટી ગઈ તો લેખક લખશે કયા વિષય પર? એ લોકોને એમ લાગ્યું કે લેખક લોકો 'ગરીબી હટાઓ'ના વિરોધમાં છે! તો પછી એના પર ઊતરી આવ્યા કે ચાલો, સાહિત્યને જ હટાવો! પણ એ નહીં હટે. એ તો શ્રી ગણેશથી શરૂ થયું છે. એના જ એમના આદિ દેવ છે.

'રિદ્ધિ-સિદ્ધિ' આસપાસ ભલે હોય પણ વચ્ચે લેખનનું કામ ચાલે રાખે છે. ઉંદર, પગ પાસે બેઠો રહે છે. લખાણ નબળું કે ખરાબ થઈ જાય તો શ્રી ગણેશજી ઉંદરડાને કહી દે છેઃ લે ભૈ, કાતરીને ખાઈ લે....

જોકે, અગાઉ આવું નહોતું થતું. આમાં ઉંદર બિચારો હેરાન પરેશાન રહે છે : ' મહારાજ, કંઈક ઢંગનું સારું ખાવાનું આપો' . ગણેશજી સૂંઢ પર હાથ ફેરવતા ફેરવતા ગંભીર મુખમુદ્રાથી કહે છે : 'લેખકના પરિવારનો સદસ્ય થયો છે તો ખાવા-પીવાની વાત રહેવા દે. ભૂખો રહેતા શીખ..!'

બહુ ઊંચી 'સેન્સ ઓફ હ્યુમર' છે ગણેશજીમાં. (સારા લેખકોમાં હંમેશાં હોય છે.) ઉંદર સુણીને મૂછમાં મલકે છે. એ જાણે કે ગણેશજી પોતે તો ડાયટિંગમાં માનતા નથી, ટેસથી જમે છે ને લખતા રહે છે. હવે આમ સતત બેઠા બેઠા લખતાં રહેવાથી શરીરમાં થોડી સ્થૂળતા તો આવી જાય ને?

ઉંદરને સાહિત્યથી શું લેવા દેવા? એને જોઈએ અનાજના દાણા. દાણા કાતરી કાતરીને ખાધા કરે. આમ આદમી જરૂરિયાત જેવી જ એની જરૂરિયાત છે. ખાવાનું, પેટ ભરવાનું દરેક ગણેશ ભક્તને જોઈએ જ. ભૂખ્યે ભજન ના થાય ગણેશા!

લેખન- સાહિત્યમાંથી પૈસા કમાવાના વિરોધ એવા લોકો જ કરે છે, જે લેખકને કોલેજમાં પ્રોફેસરપદું મળી ગયું છે અને નવી સરકારી નીતિથી ઊંચો પગાર મળે છે. જે લેખકો સરકારી ઓફિસર બની બેઠાં છે એમને પેન્શનની સગવડ છે એટલે એવા લોકો 'સાહિત્યમાં ક્રાંતિ લાવો... ક્રાંતિ લાવો...' કહીને ઠેકડા મારે છે એટલે જ ઉંદર અસલી ગણેશ ભક્ત છે : ભૂખ પહેલાં- સાહિત્ય પછી.

રાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી વિચારી જુઓ. તમને ખબર છે, ઉંદરને કારણે દેશનું કેટલું અનાજ બરબાદ થાય છે? ઉંદર અનાજનો દુશ્મન છે. દેશનાં ગોડાઉનોમાં ઘૂસેલો ચોર છે. ઉંદરડાઓથી દેશનાં અનાજની રક્ષા કરવી એ આપણી રાષ્ટ્રીય સમસ્યા છે.

ક્યારેય આના પર વિચાર કર્યો છે? આવ્યા મોટા 'ગણેશ ભક્ત'?

હા, વિચાર કર્યો છે. સાવ અમથા ગણેશ-ભક્ત નથી બની ગયા. 'સમસ્યા પર ચિંતન કરવું' એ આપણો જૂનો રોગ છે. હા...હા...હા...તો સાંભળો. તમને ખબર છે કે- 'દાને દાને પે લિખા હૈ, ખાનેવાલે કા નામ'. થોડીવાર પહેલાં મેં જે ભાખરી, ગોળકેરીનાં અથાણાં સાથે ટેસથી ઝાપટેલી, એનાં ટુકડા ટુકડા પર 'શરદ જોષી' એમ લખેલું.

આવું કામ કોણ કરી શકે? બોલો? ગણેશજી, બીજું કોણ? એ જ લખી શકે, બીજા કોઈનું ગજુ નથી કે આવું બારીક કામ કરી શકે. એમાં

મેહન- , લગન ને ન્યાયની જરૂર પડે. સાહિત્યકારોને સોંપી જુઓ દાણા દાણા પર નામ લખવાનું કામ. બસ થઈ રહ્યું. પછી તો પોતાના યાર-દોસ્ત-ચમચાઓનાં નામ લખી નાખશે, દાણે દાણે! જાણે કે ઘણાં ખાનારનું નામ નહીં પણ સાહિત્યનો ઈતિહાસ લખવાનો હોય કે પછી વિતેલા દાયકાના સાહિત્યની સમીક્ષા કરવાની હોય કે જેમાં પોતાનું નામ ઉમેરવાનું રહી ગયું હોય તો એ પહેલાં લખશે કે હરીફોનું છેકી નાખશે!

સીન જુઓ- ઉપર ગણપતિ દાદા બેઠા છે ફટાફટ દાણા પર નામ લખી રહ્યા છે. અંતર્યામી અધિષ્ઠાતા દેવતા હોવાને કારણે એમને પાક્કી ખબર છે કે ધરતીમાંથી ક્યાં, કયું અનાજ ને કયા દાણા જન્મશે. એમનું કામ છે, દાણા પર નામ લખવાનું, જેથી જે દાણો જેનો હોય એ જ વ્યક્તિને મળે. કામ સતત ચાલુ છે. ઉંદર નીચે બેઠો છે, વચ્ચે વચ્ચે અરજ કરે છે : ' અમારુંયે ધ્યાન રાખજો પ્રભુ,... એવું ના થાય કે તમારા વાહન ઉંદરડાઓને જ ભૂલી જાવ!'

ગણેશજી આ સુણીને મનમાં મલકે છે. એમના દેખાડવાના ને મલકાવામાં દાંત અલગ અલગ છે પછી કેટલાંક દાણા પર ક્યારેક નામ લખવાનું ચૂકી જાય છે. જેના પર નામ નથી લખાયાં, એ બધાં ઉંદરના ! ઉંદર અનાજનાં ગોડાઉનમાં ઘૂસે છે, જે દાણાં પર નામ નથી એને ચાવી જાય છે.

એક દિવસ ઉંદરે કહ્યું : 'મહારાજ! દાણા દાણા પર મનુષ્યનું નામ લખવાની મહેનત કરો જ છો તો થોડી વધુ કૃપા કરો. તમે પ્રામાણિક લોકોનાં નામ સાથે એડ્રેસ (આધાર કાર્ડ) વગેરે વિગત પણ દાણે દાણે લખી નાખોને! શું છે કે ઈમાનદાર માણસે જીવવા ખાવા-પીવા ખૂબ ધક્કા ખાવા પડે છે. ભોપાલથી મુંબઈ અને દિલ્લી સુધી. ઘરનું સરનામું હશે તો કમસેકમ અડધા દાણા તો પહોંચી જશે! પ્રામાણિકોએ પથ પથ પર ભટકીને પ્રદક્ષિણા તો નહીં કરવી પડે!'

ખબર નહીં કેમ ઉંદર, બહુ સમાજવાદી કે ગરીબલક્ષી વાતો કરતો હતો. ગણેશજી ભડકીને બોલ્યાઃ 'ચૂપ! બહુ ચૂં ચૂં નહીં કર.'

નામ લખી લખીને ગણેશજી થાકી ગયા એમાં હવે ઉપરથી સરનામાં પણ લખવાનાં? ઉંદરને શું ફરક પડે છે, જીભડી હલાવીને કહી દીધું :

'ન્યાય આપો ભૂખ્યા, ઈમાનદાર લોકોને, બરોબર પેટ ભરીને અનાજ વહેંચો. ગણેશજી કયાં સુધી લખતા રહશે?'

અહીં સવાલ એ છે કે ઉંદરનું શું? એ ઉંદર જે દરેક ધંધા, નોકરી, વ્યવસાય, સરકારી સંસ્થાઓમાં કાતરી કાતરીને આખી સિસ્ટમને કોરી ખાય છે, એમનું શું થશે?

જુઓ એમ જ થયું ને?... કાતરી કાતરીને અમારી કલમ પણ ત્યાં જ જઈને પહોંચી... પ.પૂ.ગણેશજીથી આરંભ કરીને સાવ ઉંદરડા સુધી !

શું થઈ શકે, બોલો? સિવાય કે જોરથી બોલીએઃ

'ગણપતિ બાપ્પા મોરિયા. ! ' ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## તૂ જહાં જહાં ચલેગા, તેરા ઘેટાં સાથ હોગા...



ગધેડા ઉપરાંત ઘેટું એક એવું પ્રાણી છે જે માનવજાતને અત્યંત ઉપયોગી હોવા છતાં એને જોઈતાં માન - સન્માન નથી મળતા. આ ચોપગા જનાવરના શરીર ઉપરના ઊનમાંથી કામળા અને ધાબળીઓ વગેરે ગરમ કપડાં બને છે. જોકે, આ પ્રાણી ગરીબડું માનવામાં આવે છે. ઘેટાંના ટોળાને દિલ હોય, દિમાગ ન હોય એવું કહેવાય છે અને વિચાર્યા વગર આગળ વધતા હોવાની માન્યતા છે. જોકે, યુકેની મિલી જોન્સન નામની કિશોરી એના ના કેવિન નામના ઘેટાંને માનપાન આપી એના વિશે ગેરસમજો દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. ઘેટાં પાલન પ્રતિયોગિતાઓમાં એવોર્ડ્સ જીતી ચુકેલી ૧૬ વર્ષની વિદ્યાર્થિની મિલી સેકન્ડરી સ્કૂલ પરીક્ષાનું સર્ટિફિકેટ લેવા જતી વખતે ઘેટાં કેવિનને સાથે લઈ ગઈ હતી. જ્યાં પણ જાય ત્યાં ત્યાં કેવિનને સાથે રાખતી મિલી માટે એ કેવળ એક ચોપગું ગરીબડું ઘેટું નથી, બલકે ‘થેરપી શીપ’ છે. ‘થેરપી શીપ’ એટલે માનવીને માનસિક અને ભાવનિક આલંબન આપતું ઘેટું. મિલીને કેવિનની કંપનીમાં સાંત્વના મળે છે. એની હાજરીથી અનેરી માનસિક રાહત - શાંતિનો અનુભવ થતો હોવાનો કિશોરીનો દાવો છે. કેવિનની કાળજી રાખવા માટે તેમ જ ઘેટાં પાલન માટે ખ્યાતિ પ્રસરી ગઈ હોવાથી ૧૬ વર્ષની ઉંમરે મિલીને વેટરનરી નર્સ (પ્રાણીઓની સારવાર અને દેખભાળની સેવિકા)ની એપ્રેન્ટિસશિપની ઓફર મળી છે. આ ઉપરાંત, મિલી અને કેવિન નવેમ્બરમાં યોજાનાર ‘યંગ શેફર્ડ ઓફ ધ યર’ સ્પર્ધામાં પણ ભાગ લેવાના છે. આટલું વાંચ્યા પછી ‘ગરીબડા ઘેટાં’ની ઈમેજ તમારા મનમાં બદલાઈ જશે એવી આશા અસ્થાને નથી.

## તીખા તમતમતા મરચાંનું ‘ગળપણ’



ભોજનમાં મરચાંની હાજરી સ્વાદ બદલવા માટે પ્રખ્યાત છે તો ઉત્તર પ્રદેશમાં ખેડૂતનું જીવનધોરણ બદલી નાખવાની મિસાલ પણ પૂરી પાડે છે. તમતમતા તીખાં મરચાં આંખમાં પાણી લાવી દે, જીભ સિસકારા બોલાવી દે, પેટમાં બળતરા કરાવે અને બીજે દિવસે સવારે... વેલ, મરચાંની આ ખ્યાતિ છે. જોકે, લાહ્ય બળતરા કરાવે એવી ‘છોટી સી છોકરી લાલબાઈ નામ હૈ’ જેવી ઓળખ ધરાવતા મરચાંએ યુપીના રામ અવતાર નામના કિસાનના અંગત જીવનમાં મીઠાશ - ગળપણ લાવવામાં સફળતા મેળવી છે.

વાત એમ છે કે દેશના અનેક ધરતીપુત્રોની જેમ રામ અવતારની આર્થિક હાલત નબળી હતી. જ્યારથી કરજ લઈ મરચાંની ખેતી શરૂ કરી છે ત્યારથી એ બે પાંદડે થયો છે અને માથે રહેલા દેવામાંથી મુક્ત થઈ નફો રળતો થઈ ગયો છે. છાણથી તૈયાર થતું જૈવિક ખાતર મરચાંની ખેતી માટે વાપરવામાં આવતું હોવાથી ઉત્પાદન ખર્ચ અન્ય ઉત્પાદકો કરતા ઓછો થાય છે અને એના ખેતરમાં ઊગતા મરચાંની ડિમાન્ડ ખાસ્સી હોવાથી બજારમાં માલ પહોંચતાની સાથે ફટાફટ વેચાઈ જાય છે. ચાર્વાક ઋષિ કહી ગયા છે કે ‘દેવું કરીને પણ ઘી પીવો’. રામ અવતાર કહે છે કે ‘દેવું કરી મરચાંની ખેતી કરો, દેવામુક્ત થાઓ અને જલસા કરો.’ મરચાં પણ લાઈફ બદલી નાખવાની તાકાત ધરાવે છે.

## ગુફામાં લાઈબ્રેરી? ચીન હૈ તો મુમકિન હૈ



શ્વાન અને પુસ્તકની ગણના મનુષ્યના શ્રેષ્ઠ મિત્ર તરીકે કરવામાં આવે છે. સર્વાંગી દ્રષ્ટિએ જોતા પુસ્તક શ્વાન કરતાં ચડિયાતો દોસ્ત સાબિત થાય. શ્વાન જેવા જ હૂંફ અને પ્રેમ આપી શકતું પુસ્તક જ્ઞાનવર્ધક પણ સાબિત થાય છે. અલબત્ત, ગુજરાતીઓના ડ્રોઈંગરૂમમાં કટલરીના શોકેસનું પ્રમાણ અધધ હોય છે, જ્યારે પુસ્તક શોભાવતી લાઈબ્રેરીની હાજરી રણમાં પાણી જેવી દુર્લભ હોય છે. પુસ્તકાલય એટલે પુસ્તકોનું ઘર, એક એવું ઘર જે જ્ઞાન પિપાસુઓ માટે અમૃતની ગરજ સારે. અનેક કારણોસર વિશ્વને અચંબિત કરી રહેલા ચીનમાં એક ગુફામાં તૈયાર કરવામાં આવેલી એક લાયબ્રેરી આંખો પહોળી કરી રહી છે.

શાંતિ માટે એકાંત જોઈએ પણ લાઈબ્રેરી અને એકાંતવાસ? ગળે ઉતરે એવી વાત નથી. ચીનના ગુઆંકસી પ્રાંતના મિયાનહુઆ ગામમાં ખડકોની દીવાલોથી તૈયાર થયેલી એક ગુફામાં લાઈબ્રેરી ઊભી કરવામાં આવી છે. બે મહિના પહેલા શરૂ થયેલી આ લાઈબ્રેરી સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. અહીં વિવિધ વિષયો અને વિવિધ લેખકોનાં પુસ્તકો હજારોની સંખ્યામાં ઉપલબ્ધ છે. આ લાઈબ્રેરી એક ટૂરિસ્ટો માટે નજરાણું બનવા ઉપરાંત વાંચન સાથે રોમાંચ પૂરો પાડે છે. પ્રકૃતિના સાંનિધ્યમાં પુસ્તકનું આચમન કરવા અનેક લોકો અહીં આવે છે. ચીનના સાંસ્કૃતિક પ્રતીકોમાં વધુ એકનો ઉમેરો થયો છે. દુનિયા કરતા એક કદમ આગળ રહેવાનું વધુ એક ઉદાહરણ ચીને પૂરું પાડ્યું છે.

## એક પ્રાણી માટે કપડ જોડી જૂતા



માણસ બેપગો અને સિંહ, વાઘ, હાથી, બિલાડી વગેરે ચોપગા પ્રાણી તરીકે ઓળખાય છે. મોટાભાગના જંતુને છ પગ હોય છે અને કરચલો, સાંઢિયો વગેરે જળપ્રાણી ૧૦ પગ ધરાવે છે. જોકે, મિલીપેડ (બહુપાદ જંતુ જેને આપણે ‘કાનખજૂરો’ તરીકે ઓળખીયે છે) ૧૦૦થી વધારે અને કોઈ કેસમાં તો ૩૦૦થી વધુ પગ ધરાવતા હોવાની સત્તાવાર માહિતી છે. આ મિલીપેડનો એક અનન્ય અવતાર એવો છે જેને સો, બસ્સો, પાંચસો નહીં, પણ અધધ કહી શકાય એવા પૂરા ૧૩૦૬ પગ છે. સારું છે એની જમાતમાં જૂતા પહેરવાનો રિવાજ નથી! નહીં તો દરેક મિલીપેડ માટે ૬૫૩ જોડી ખરીદવા પડે. આટલા બધા પગ ધરાવતા આ જીવની લંબાઈ માત્ર સાડા ત્રણ ઈંચ છે. શંકુ આકારનું માથું ધરાવતા આ જીવનું મોં પક્ષીની ચાંચના આકારનું છે. જંતુઓની જો ફૂટબોલ મેચ રમાય અને એમાં જો મિલીપેડના જૂતાં બદલવાનો વખત આવે તો કેટલો સમય લાગે એની કલ્પના કરી જુઓ. એ જૂતાં બદલે એટલી વારમાં તો કદાચ બીજી એક આખી મેચ જ રમાઈ જાય. આ જીવમાં પગની સંખ્યામાં એકસૂત્રતા નથી જોવા મળતી, કારણ કે એના બાહરી ભાગમાં સતત ફેરફાર થયા કરે છે.

## લ્યો કરો વાત!

*‘અપને શરીર મેં ૨૦૬ ટાઈપ કા હડ્ડી હૈ, તોડને કે ટાઈમ અપૂન સોચતે થે ક્યા?’ ફિલ્મ ‘મુન્નાભાઈ એમબીબીએસ’ આ ડાયલોગ સાંભળ્યા પછી ઘણા લોકોને માનવશરીરમાં કેટલા હાડકાં હોય એની જાણકારી મળી અથવા એ વાત તાજી થઈ.*

*મનોજ ખંડેરિયાની પંક્તિ છે કે ‘ચરણ લઈને દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે’ એવા આ ૨૦૬ હાડકાંમાંથી ૫૨ હાડકાં તો ચરણમાં જ હોય છે એટલે કે શરીરના કુલ હાડકાંમાંથી ચોથા ભાગના હાડકાં તો પગના હિસ્સામાં હોય છે.*

*વાત કદાચ વિચિત્ર લાગે, પણ સાયન્ટિફિક દ્રષ્ટિએ વિચારશો તો વાત એટલી વિચિત્ર નહીં લાગે. ચરણ પર સમગ્ર શરીરનું વજન કેન્દ્રિત હોય છે એટલે કે બધું વજન આ બે ચરણે જ વહન કરવાનું હોય છે. વળી તમને કૂદકા મારવાનું મન થાય કે દોડવાની ઈચ્છા થાય કે પર્વતારોહણની તમન્ના જાગે ત્યારે આ ચરણ જ મદદગાર થાય છે. ચરણમાં રહેલા હાડકાંને કારણે જ તમે સ્ફૂર્તિથી ચાલી કે દોડી શકો છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ગાય- કૂતરા- કબૂતરના કેસ પણ કોર્ટમાં ગાજવા માંડ્યા.**
*શ્રાદ્ધમાં કાગડાની કાગવાસનો કેસ કદાચ કોર્ટમાં જાય તો નવાઈ નહીં.
**ગુજરાતમાં દારૂબંધીની મજા કોણ લે છે?**
*ગૂપચૂપ પીવાવાળા અને પોલીસ.
**AI આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ લોકપ્રિય થશે તો?**
*એને મારા જેવા જવાબ આપતાં નહીં આવડે.!
**પ્રેમિકા કેવી રીતે પ્રસન્ન થાય?**
*ગિફ્ટ અને ક્રેડિટ કાર્ડથી.
**દરેક પત્ની શું ઈચ્છે?**
*ઉપરનો જવાબ વાંચી લો..!
**પતિની કસોટી કોણ કરે?**
*પડોશણ..!
**હું સાચું બોલું તોય લોકો હસી કાઢે છે**
*ખોટું બોલશો તો ખરા અર્થમાં કાઢી મૂકશે...
**મારી પત્ની સતત બોલબોલ કરે છે. શું કરું?**
*તમે મૌન વ્રત શરૂ કરો...
**હું પડોશણના વખાણ કરું તો મારી પત્નીને ગમતું નથી.**
*-તો પત્ની પાસે પડોશણની નિંદા શરૂ કરો તો પત્નીને તમારા પર આપોઆપ વહાલ ઊમટશે!
**જલસો પડી જાય. તો ઊભો ક્યારે થાય?**
*મોજ પડે ત્યારે.
**પાણીની કિંમત કેટલી?**
*ઘરાર ચૂકવવી પડે એટલી....
**મન હોય તો માળવે જવાય. ના હોય તો?**
*-તો ઘેર ચૂપચાપ પડ્યા રહો!
**જીભ સાજી તો ઉત્તર ઝાઝા. અને, જીભ માંદી તો?**
*સવાલો સાંભળવા પડે.
**ફાંદ અને ફાંદો એટલે?**
*એકમાં પેટ ને બીજામાં પૈસાનો પ્રોબ્લેમ...
**પૈસા હાથનો મેલ અને ક્રેડિટ કાર્ડ?**
*પોતાના પૈસાનો ખેલ...
**ગરીબીનાં ગાણાં ગવાય તો અમીરીનું શું?**
*એના મરશિયા તો ન જ લેવાય !
**ટાલની વિગ પહેરીએ તો?**
*તોય નસીબ ના ચમકે !
**કુંભકર્ણ બારેય મહિના જાગ્યો હોત તો?**
*દુનિયા આખીની ઊંઘ ઊડી જાત !
**ક્યું સ્વપ્ન સારું?**
*સાચું પડે એ !

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# માણસ ડાહ્યો ન હોય કિસ્મત જ ડાહી હોય!

મોટા ભાગે આપણને કર્મો કરતા હોવા છતાં પણ સફળતા નથી મળતી હોતી. ત્યારે આપણે સફળતાને ભાગ્ય પર જ છોડી દેતા હોઈએ છીએ. કચ્છી ચોવક પણ એવું જ કંઈક કહે છેઃ **‘માડૂ ડાઓ નાંય કિસ્મત ડાઈ આય’** અહીં ‘માડૂ’ એટલે માણસ. ‘ડાઓ’ એટલે ડાહ્યો. ‘નાંય’ શબ્દ છે જેનો અર્થ થાય છેઃ નથી (હોતો) કિસ્મત એટલે ભાગ્ય. ‘ડાઈ’ એ ‘ડાઓ’ શબ્દનો સ્ત્રી લિંગ શબ્દ છે, ‘ડાઈ’ એટલે ડાહી અને ‘આય’ એટલે (હોય) છે! ચોવક કહે છે કે, માણસ ડાહ્યો નથી હોતો પરંતુ કિસ્મત ડાહી હોય છે. ભાવાર્થ એવો થાય છે કે, સફળતા ભાગ્યને આધારિત હોય છે.

ગુજરાતીની આ કહેવત બહુ પ્રચલિત છે કે, ‘હલકું નામ હવાલદારનું’. કચ્છીમાં હવાલદારને ‘હવાલધાર’ કહે છે. ચોવક એ હવાલધાર શબ્દના પ્રયોગ સાથે કહે છે કે, **‘હલકો લૂઈ હવાલધારજો’** ‘હલકો’ એટલે અહીં હલકું (નામ) લૂઈ એટલે લોહી. શબ્દાર્થ થાય છેઃ હલકું લોહી હવાલદારનું. જ્યારે ભાવાર્થ થાય છેઃ નામ જ બદનામ હોવું.

એક બહુ પ્રચલિત ચોવક છેઃ **‘વાંણ, વરસાદ ને વીંયાં આયા ભલા’**, ‘વાંણ’ એટલે વહાણ, ‘વીંયા’નો અર્થ થાય છેઃ લગ્ન. ‘આયા’નો અર્થ થાય છેઃ આવ્યા અને ‘ભલા’નો અહીં અર્થ થાય છેઃ ખરું કે ખરા. વહાણ, વરસાદ અને આદરેલાં લગ્ન, આવે ત્યારે ખરું! ખેપ કરવા ગયેલું વહાણ. ઋતુમાં પડનારો વરસાદ અને આદરેલાં લગ્ન આરે આવે ત્યારે ખરાં! એ ત્રણેય જ્યારે આવે ત્યારે જ, આવ્યાં કહેવાય!

સમાજમાં આપણે ઘણીવાર બોલતાં હોઈએ છીએં કે, ‘મગજમાં રાઈ ભરાણી છે’... મતલબ કે અહંકારી હોવું. ચોવક ત્રણ શબ્દમાં જ કહે છે કેઃ **‘વા ભરાણૂં આય’** ‘વા’નો અર્થ થાય છેઃ હવા. ‘ભરાણં’ એટલે ભરાઈ અને ‘આય’નો અર્થ થાય છેઃ છે. શબ્દાર્થ સરળ છેઃ હવા ભરાઈ છે, અને ભાવાર્થ છેઃ અહંકાર આવી જવો!

હમણાં જ અખાત્રીજ જેવો સપરમો દિવસ ગયો. અખાત્રીજને વણી લઈને એક સુંદર મજાની ચોવક રચાઈ છે. **‘વડો પિરભ ડીયારી ત ઓછી અખાત્રીજ ય નાંય’** ‘વડો’ એટલે મોટો અને ‘પિરભ’ એટલે પર્વ કે તહેવાર. ‘ડીયારી’નો અર્થ થાય છે દિવાળી. ‘ત’ એટલે તો. છેલ્લા બે શબ્દો છેઃ ‘પ નાંય’ જેનો અર્થ થાય છે, ‘પણ નથી’. ચોવક સરળ રીતે એ બન્ને દિવસોને પર્વ તરીકે ગણાવતાં કહે છે કે, જો દિવાળી મોટો તહેવાર હોય તો ઓછું મહત્ત્વ અખાત્રીજનું પણ નથી! એ બે પર્વને એક સરખા ગણાવીને ચોવક સમાજમાંના ગુણીયલ લોકોની વાત કહે છે. જો એ ગુણીયલ હોય તો પેલી વ્યક્તિ પણ તેનાંથી ઓછી ગુણીયલ નથી! બન્ને સરખા જ ગુણીયલ છે.

સંસ્કૃતમાં કહેવાય છે કે, ‘મુંડે મુંડે મતિર્ભીનઃ’ એવા જ અર્થ સાથે એક ચોવક પણ રચાઈ છે કેઃ **‘વણ વણજી કાઠી નોખી’** કોઈ એક બાબત માટે દરેક વ્યક્તિનો મત અલગ હોય છે. અહીં ‘વણ વણજી’ એ બે શબ્દોનો અર્થ થાય છેઃ જણ જણની. ‘કાઠી’ શબ્દનો આમ તો લાકડાં માટે વપરાતો હોય છે, પણ કચ્છીમાં એ ઘણા અર્થો પોતાનામાં સમાવીને વપરાતો શબ્દ છે. વળી ‘કાઠી’ શબ્દ એક જાત માટે પણ વપરાય છે, પણ અહીં ‘કાઠી’ એટલે મત કે અભિપ્રાય. ‘નોખી’ શબ્દનો અર્થ થાય છેઃ જૂદો અથવા ભિન્ન. ચોવકને કહેવું એટલું જ છે કે, માણસ માત્રનો મત જુદો જુદો હોય છે.

ગરીબીમાં પણ સંતોષ મનાવતી એક ચોવક છે. **‘વા ગરીભી નેં વા મજા’** વાહ ગરીબી અને વાહ તારી મજા! મતલબ કે, ઈશ્વર જે સ્થિતિમાં આપણને રાખે તેમાં જ સંતોષ માનવો. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સંસ્કારધામમાં હિંસા - હત્યા કેમ વધતી જાય છે?

શિક્ષણ એ માનવજીવનનું સૌંદર્ય છે. શાળા એટલે જ્ઞાનનું મંદિર અને શિક્ષક એટલે માર્ગદર્શક, પરંતુ આજના યુગમાં દુઃખદ વાત એ છે કે જે શાળા પ્રેમ, સહાનુભૂતિ અને સંસ્કારનું ધામ હોવી જોઈએ ત્યાં હિંસા, હત્યા અને ગુસ્સાના બનાવ વધી રહ્યા છે. ઘણીવાર અખબારો અને સમાચાર ચેનલોમાં સાંભળવા મળે છે કે વિદ્યાર્થી ગુસ્સામાં આવી શિક્ષકને મારી નાખે છે અથવા તો મિત્ર વિદ્યાર્થીની જ છરી કે ગન વડે હત્યા કરે છે. આવા બનાવ ફક્ત વ્યક્તિગત દુર્ઘટના નથી, પરંતુ સમગ્ર સમાજ માટે ચેતવણી છે.

અમદાવાદની ‘સેવન્થ ડે સ્કૂલ’ની ઘટના સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બની છે.

વિદેશ કલ્ચર ભારતમાં વિકસી રહ્યું છે. પેન-પેન્સિલની સાથે બાળકનું ગન કે છરી લઈને સ્કૂલમાં જવું એ ઘટના સૌ કોઈ વાલીઓ માટે કે સમાજ ચિંતકો માટે આંખ ઉઘાડનારી ઘટના છે. વળી તંત્ર વિદ્યાર્થીનું દફતર ચેક કરી ન શકે એ પણ કેવું ?



અમદાવાદ જેવી ઘટના હવે વધતી જાય છે. અગાઉ અન્ય રાજ્યોમાં પણ આવી ઘટનાના સમાચાર વાંચવા મળતા. હવે ગુજરાત પણ એ હરોળમાં આવી ગયું.

ટીન એજર્સ તરુણો આ હદ સુધી પહોંચી ગયા છે એ વાતથી ધ્રુજી જવાય છે. સમાજ સ્તબ્ધ છે. જ્યારે જ્યારે આવી ઘટના બને છે ત્યારે દોષનો ટોપલો શિક્ષકો ઉપર ઢોળી દેવામાં આવે છે. બાળકના બગડવા પાછળ માત્ર ને માત્ર શિક્ષકને જ દોષિત ગણવામાં આવી રહ્યા છે. આ આત્મખોજ કરવાનો વિષય છે. બાળકને સંસ્કારી બનાવવો એ ખૂબ જ અઘરી પ્રક્રિયા છે અને એ પ્રક્રિયામાં ૭૫ ટકા વાલી અને ૨૫ ટકા જ શિક્ષકો જવાબદાર છે. પરિવાર સાથે ૧૯ કલાક રહીને બાળક સંસ્કાર અને સદ્‌ગુણ મેળવે છે અને માત્ર પાંચ કલાક શાળામાં રહે છે, જ્યાં શિક્ષકો વિદ્યાર્થીઓને સંસ્કારથી લઈને શિક્ષણના શ્રેષ્ઠ પાઠ શિખવવાના પ્રયાસ કરે છે. વળી જરૂર પડે તો બાળકને ખીજાઈને કે શારીરિક શિક્ષા કરીને એની કુટેવ સુધારવા માટે તો શિક્ષક લાચાર હોય છે. જો કોઈ શિક્ષક ભૂલે ચૂકે પણ આવું કરે તો મા- બાપ કાયદા દ્વારા શિક્ષકને જેલમાં ધકેલી દે છે.

ઘર એ બાળક માટે પ્રથમ શાળા છે. જો ઘરમાં ઝઘડા, તણાવ, દારૂ-નશાના દૃશ્યો, માતા-પિતાની અવગણના કે સંતાનો સાથે સમય વિતાવવાનો અભાવ હોય, તો બાળક અંદરથી એકલું પડી જાય છે. આવી એકલતા ઘણીવાર ગુસ્સા અને હિંસાના સ્વરૂપે બહાર આવે છે. માતા-પિતાએ સંતાનો સાથે રોજ વાતચીત કરવી જોઈએ. સંતાનોને પૂરતો સમય આપવો જોઈએ.

આજના સમયમાં પેઢી વચ્ચે સંસ્કારનું અંતર વધી રહ્યું છે. જીવનમૂલ્યો, માનવતા અને સંવેદના નબળી પડી રહી છે.

આવા સમયે બાળકોની નાની સમસ્યાઓને પણ ગંભીરતાથી સાંભળવી જોઈએ. એને પ્રેમ, સહાનુભૂતિ અને ધીરજ સાથે માર્ગદર્શન આપવું જોઈએ. ગુસ્સા કરતાં સંવાદનો માર્ગ અપનાવવો જોઈએ.

શાળાઓમાં કાઉન્સેલિંગ સેલ હોવું જોઈએ, જ્યાં વિદ્યાર્થીઓ ખુલ્લેઆમ પોતાની વાત કહી શકે.

શિક્ષકો માત્ર શીખવાડનાર નહીં, પણ માર્ગદર્શક અને મિત્ર તરીકે વર્તવું પડે તો બન્ને પક્ષે ઉત્તમ. રમતગમત, સંગીત, કલા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના ઊર્જા-પ્રવાહને સકારાત્મક દિશામાં વાળવા જોઈએ.

શિક્ષણનું સાચું લક્ષ્ય ફક્ત નોકરી કે કારકિર્દી બનાવવું નથી, પરંતુ માનવતા, સંવેદના અને શાંતિ સ્થાપિત કરવાનું છે. વિદ્યાર્થીએ પોતાના હાથમાં શસ્ત્ર નહીં, શાસ્ત્ર લેવું જોઈએ. પુસ્તક, પેન અને જ્ઞાન એ જ એનું સાચું હથિયાર છે.

જો પરિવાર, શાળા અને સમાજ મળીને પ્રયત્ન કરે તો ચોક્કસ ભવિષ્યમાં શાળાઓ ફરી એકવાર સાચા અર્થમાં જ્ઞાન અને પ્રેમના મંદિર બની જશે. ત્યાં હિંસા નહીં, પરંતુ મિત્રતા, અને શાંતિની સુગંધ ફેલાશે.

દેખાદેખી અને સ્પર્ધાને લીધે મા- બાપ અને ખાસ કરીને માતા ઊંચી ફીવાળી હાઈ-ફાઈ શાળાઓમાં બાળકને પ્રવેશ કરાવે છે અને આવી સ્કૂલમાં પોતાનું બાળક ભણે છે એનું ગૌરવ લે છે, પછી ભલે જે તે શાળામાં સંવેદનહીન અને લઘુતમ લાયકાત ધરાવતા શિક્ષકો હોય... વાસ્તવમાં જેમનો વ્યવસાય શિક્ષણ નથી એવા લોકોના હાથમાં આજનું શિક્ષણ જઈ રહ્યું છે.

એમની સરખામણીએ આજે સરકારી શાળાઓમાં ઉચ્ચ લાયકાત ધરાવતા અને ક્યારેય બદલી ન થાય એવા શિક્ષકો હોય છે. અરે, હવે તો નવી ભરતીમાં પીજી થયેલા અને પીએચડી થયેલા શિક્ષકો પણ ભણાવી રહ્યા છે. એટલું જ નહિ, અંતરિયાળ બોર્ડર પરના પછાત વિસ્તારના ગામમાં તો શિક્ષકો શાળાનાં બાળકોને હાથ પગના નખ કે માથાના વાળ પણ કાપી આપવામાં સંકોચ અનુભવતા નથી. અમુક વિસ્તારમાં તો વિદ્યાર્થીઓ સ્નાન કર્યા વગર જ શાળામાં આવે છે ત્યારે શિક્ષકો શાળામાં જ નવડાવે છે!

સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત હવે તો પ્રાથમિક શાળાઓનાં બિલ્ડિંગ પણ કોર્પોરેટ કચેરીઓ જેવા બની ગયા છે. પર્યાવરણીય પરિસરથી શોભતી આવી ઈમારતો તમામ પ્રકારની ટેક્નોલોજીથી સજ્જ પણ હોય છે.. આવી શાળાઓ છોડીને મા-બાપની ખાનગી શાળાઓ તરફની દોડ દુઃખદ છે. ■

# શિરસાટ વિરુદ્ધ 'ભરપૂર પુરાવા': રોહિત પવાર

મુંબઈ: એનસીપી (એસપી) ના નેતા રોહિત પવારે ગઈ કાલે મહારાષ્ટ્ર સંજય શિરસાટના રાજીનામાની માગણી કરતા દાવો કર્યો હતો કે તેમની પાસે નવી મુંબઈમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના જમીન ફાળવણી કૌભાંડમાં સંજય શિરસાટની સંડોવણી અંગે ''ભરપૂર પુરાવા'' છે.

પવારનો આરોપ છે કે શિરસાટે સિડકોના ચેરમેન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન કાયદેસરની પ્રક્રિયાઓને અવગણીને નવી મુંબઈના એક પરિવારને રૂ. ૫,૦૦૦ કરોડથી વધુની જમીન ફાળવી હતી.

એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેનાના પ્રધાન શિરસાટ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. જોકે, તેમણે ગયા અઠવાડિયે પવારને પુરાવા આપવા જણાવ્યું હતું, જેથી તેઓ સિડકો (સિટી એન્ડ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન)ના વડા હતા ત્યારે જમીનની ફાળવણીમાં ગેરરીતિ થઈ હોવાના તેમના આરોપને સમર્થન આપી

શકે. પવારે કહ્યું કે તેમની પાસે ભરપૂર પુરાવા છે, જેમાં લગભગ ૧૨,૦૦૦ પાનાનો સમાવેશ થાય છે, જેમાં બિવલકર પરિવારની ૧૯૯૩ની અરજી, સિડકો દ્વારા ચાર રિજેક્શન ઓર્ડર, કાયદા અને ન્યાય વિભાગના અહેવાલો, શહેરી વિકાસ વિભાગના સંદેશાવ્યવહાર, સિડકોના ઠરાવો અને સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા સોગંદનામા જેવા દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

''સિડકોએ બિવલકર પરિવારના દાવાઓને ચાર વખત ૧૯૯૪, ૧૯૯૫ અને ૨૦૧૦માં ફગાવી દીધા હતા. છતાં, શિરસાટે પદ સંભાળતી વખતે આ રિજેક્શનને ફગાવી દીધા અને ફાળવણીને સક્ષમ બનાવી. આ હજારો કરોડનું કૌભાંડ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અમને પુરાવા રજૂ કરવા કહ્યું હતું, અને આજે, અમે તેમને તે રજૂ કર્યા છે,'' પવારે દાવો કર્યો હતો.

તેમણે આરોપ લગાવ્યો કે બિવલકરો પહેલાથી જ રૂ. ૫,૦૦૦ કરોડ રૂપિયાની જમીન બિલ્ડરોને વેચી ચૂક્યા છે.

એનસીપી (એસપી) નેતાએ એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે કેસ સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે ત્યારે જમીન કેવી રીતે ફાળવી શકાય?

''આ માત્ર ન્યાયિક આદેશોનું ઉલ્લંઘન નથી પણ જાહેર વિશ્વાસઘાત પણ છે. ૬૧,૦૦૦ ચોરસ મીટરનો પ્લોટ તાત્કાલિક સ્થગિત કરવો જોઈએ, અને ખાનગી વ્યક્તિને ફાળવવામાં આવેલ ૮,૦૦૦ ચોરસ મીટરનો પ્લોટ પાછો લેવો જોઈએ,'' તેમણે માગ કરી હતી.

શિરસાટ પર પ્રહાર કરતા પવારે કહ્યું, ''આવા ભ્રષ્ટ પ્રધાનને પદ પર રહેવાનો કોઈ અધિકાર નથી. જો સરકારને પૈસાની જરૂર હોય, તો તેમને ખજાનચી પાસે આવવા દો. કરોડોની કિંમતની જમીન શા માટે આપવી જોઈએ? અમે લેખિતમાં પુરાવા રજૂ કર્યા છે, અને જો શિરસાટને બે દિવસમાં દૂર કરવામાં નહીં આવે, તો ગણેશ ચતુર્થી પછી આગામી કાર્યવાહી નક્કી કરીશું.''

આ મહિનાની શરૂઆતમાં, પવારે દાવો કર્યો હતો કે આ સમગ્ર ઘટના બ્રિટિશ યુગની છે, જ્યારે હાલના નવી મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં ૪,૦૦૦ એકરથી વધુ જમીન બિવલકર પરિવારના સભ્યોને મરાઠા સામ્રાજ્ય સામે મદદ કરવા બદલ રાજકીય ગ્રાન્ટ તરીકે વસાહતી શાસકો દ્વારા આપવામાં આવી હતી. ■

# રાયગઢમાં 'જમીન કૌભાંડ' મામલે રાઉતે શિંદે અને શિરસાટ પર નિશાન સાધ્યું

મુંબઈ: શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે મંગળવારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને પત્ર લખીને મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના કથિત જમીન કૌભાંડની તપાસની અને નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને શિવસેનાના મંત્રી સંજય શિરસાટ સામે કાર્યવાહીની માંગ કરી છે.

શિરસાટ પહેલાથી જ આ આરોપોને નકારી ચૂક્યા છે, જ્યારે સત્તારૂઢ ભાજપે પણ તેને ફગાવી દીધા છે અને રાઉતને તેના દાવા સાબિત કરવા માટે પુરાવા રજૂ કરવાનો પડકાર ફેંક્યો છે.

રાઉતે પત્રમાં દાવો કર્યો હતો કે રાયગઢમાં જંગલની ૪,૦૭૮ એકર જમીન ગેરકાયદે રીતે એક ચોક્કસ બીવાલકર પરિવારને ટ્રાન્સફર કરવામાં આવી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ પરિવારને ૩૦ વર્ષ માટે અયોગ્ય ગણવામાં આવ્યો હતો, પરંતુ શિંદેના નેતૃત્વ હેઠળના શહેરી વિકાસ મંત્રાલય અને સરકારી આયોજન એજન્સી સિડકો દ્વારા મનસ્વી રીતે તેને યોગ્ય ગણવામાં આવ્યો હતો. સંજય શિરસાટ તે સમયે સિડકોના ચેરમેન હતા. રાઉતે આરોપ લગાવ્યો હતો કે જમીન ફાળવણી ઉતાવળમાં કરવામાં આવી હતી. બીજી તરફ, પ્રદેશના હજારો પ્રોજેક્ટ-અસરગ્રસ્ત લોકોને સિડકોની ફાળવણી યોજના હેઠળ જમીન મળતી નથી, એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યસભા સાંસદે આરોપ લગાવ્યો હતો કે વ્યવહાર દરમિયાન મોટી લાંચની આપ-લે થઈ હતી.

''રાયગઢ જિલ્લાના પ્રોજેક્ટ પ્રભાવિત લોકો વતી હું માગ કરું છું કે શિંદે અને શિરસાટને પ્રધાનમંડળમાંથી કાઢી મૂકવામાં આવે અને ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના આ જમીન કૌભાંડ અંગે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા તપાસ કરીને કેસ નોંધવામાં આવે,'' રાઉતે શાહને લખેલા પત્રમાં જણાવ્યું હતું.

સોમવારે એનએસપી (એસપી) ના ધારાસભ્ય રોહિત પવારે પણ આ જ આરોપ લગાવ્યો હતો, જોકે તેમણે આ કથિત કૌભાંડ રૂ. ૫,૦૦૦ કરોડનું ગણાવ્યું હતું.

શિરસાટે કોઈ ગેરરીતિ હોવાનો ઇનકાર કર્યો હતો. ''આ મામલે કોઈ કરાર કે જમીન ફાળવણી થઈ ન હતી. (સિડકોના) નિર્ણયો એક વ્યક્તિ દ્વારા નહીં પણ સમગ્ર બોર્ડ દ્વારા લેવામાં આવે છે,'' શિરસાટે જણાવ્યું હતું. ■

# મુંબઈથી અમદાવાદ ચાર કલાકમાં, જાણો હાઈ સ્પીડ ટ્રેન ચલાવવા માટે રૂટ પર કવચનું કેટલું કામ થયું છે

મુંબઈ : બહુ પ્રતિક્ષિત બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. મુસાફરો પણ બુલેટ ટ્રેનમાં મુસાફરી કરવા આતુર છે. ત્યારે આ હાઈ સ્પીડ ટ્રેનમાં મુસાફરી કરવા માટે મુસાફરોએ હજી થોડી વધુ રાહ જોવી પડશે. મુંબઈ-અમદાવાદ વચ્ચે ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે મુસાફરી કરવા માટે મુસાફરોને લગભગ ૨ વર્ષ રાહ જોવી પડશે કારણ કે આ ગતિ સમગ્ર લાઇન પર કવચનું કામ પૂર્ણ થયા પછી જ શક્ય બનશે. હાલમાં, વિરાર-નાગદા અને વડોદરા-અમદાવાદ વચ્ચે કવચનું કામ એડવાન્સ સ્ટેજ પર છે પરંતુ તે ક્યાં સુધી પૂર્ણ થશે તે હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. એક અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રેનને વધુ ઝડપે ચલાવવા માટે સંબંધિત માળખાગત સુવિધાઓ તૈયાર કરવામાં આવી રહી છે. મુંબઈ-ગુજરાત સેક્શન પર ઇલેક્ટ્રિકલ કામ પૂર્ણ થઈ ગયું છે અને સિગ્નલિંગનું કામ ચાલુ છે. હાલમાં, આ લાઇન પરની બધી પ્રીમિયમ ટ્રેનો ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડે છે, જે મુંબઈથી અમદાવાદ પહોંચવામાં ઓછામાં ઓછા પાંચ કલાક ૩૫ મીનિટ લે છે. પરંતુ, જ્યારે ટ્રેન ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે, ત્યારે મુસાફરીનો સમય લગભગ ચાર કલાક ૪૫ મીનિટનો થઈ શકે છે. ઉપરાંત, અન્ય ટ્રેનોના સમયપત્રકમાં પણ ફેરફાર થશે.

હાઇ-સ્પીડ ટ્રેનો માટે સમગ્ર રૂટ પર ટ્રેકના બંને છેડા પર ફેન્સિંગનું કામ પૂર્ણ થઈ ગયું છે. ઉપરાંત, ટ્રેકની નીચેનો બેઝ પહોળો કરવામાં આવ્યો છે જેથી ગતિ સ્થિર રહે. તેના સમગ્ર રૂટ પર ૨x૨૫૦૦૦ વોલ્ટ (૨૫ હજાર વોલ્ટની બે અલગ પાવર લાઇન) પાવર લાઇનો બનાવવામાં આવી છે.

## ચર્ચગેટ-વિરાર વચ્ચે કવચનું કામ પણ ચાલી રહ્યું છે

ઉપનગરીય વિભાગમાં પણ કવચનું કામ શરૂ થઈ ગયું છે. વિરાર અને દહિસર વચ્ચે ઘ્રઋઈ કેબલ સંપૂર્ણપણે બિછાવી દેવામાં આવ્યા છે. ઉપનગરીય લાઇન પર કવચ સિસ્ટમ શરૂથવાથી અકસ્માતો ઘટશે. ■

# લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પછી દંપતીનું મોત

## પુણે હૉસ્પિટલને નોટિસ ફટકારાઈ

પુણે: એક મહિલા જેણે પોતાના પતિને લીવરનો એક ભાગ દાન કર્યો હતો, તેના પતિનું ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પછી મૃત્યુ થયાના થોડા દિવસો પછી મહિલાનું પણ મૃત્યુ થયું હતું, જેના કારણે મહારાષ્ટ્ર આરોગ્ય વિભાગે પુણેની એક ખાનગી હૉસ્પિટલને નોટિસ ફટકારી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

સહ્યાદ્રી હૉસ્પિટલને ટ્રાન્સપ્લાન્ટ પ્રક્રિયા સંબંધિત તમામ વિગતો સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, એમ આરોગ્ય સેવાઓના નાયબ નિયામક ડૉ. નાગનાથ યેમ્પલેએ રવિવારે જણાવ્યું હતું. અમે હૉસ્પિટલને નોટિસ ફટકારી છે અને પ્રાપ્તકર્તા અને દાતાની વિગતો, તેમના વીડિયો રેકોર્ડિંગ અને સારવારની વિગતો માંગી છે.

દર્દી, જેની ઓળખ બાપુ કોમકર તરીકે થઈ છે, અને તેમની પત્ની કામિની, જેમણે તેમના લીવરનો એક ભાગ દાન કર્યો હતો તેમની ૧૫ ઑગસ્ટના રોજ હૉસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી. ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પછી બાપુ કોમકરની તબિયત વધુ બગડી અને ૧૭ ઓગસ્ટના રોજ તેમનું અવસાન થયું. કામિનીને ૨૧ ઑગસ્ટના રોજ ચેપ લાગ્યો અને સારવાર દરમિયાન તેનું પણ અવસાન થયું હતું. તેમના પરિવારના સભ્યોએ તબીબી બેદરકારીનો આરોપ લગાવ્યો છે અને મૃત્યુની તપાસની માગ કરી છે.

હોસ્પિટલે જણાવ્યું હતું કે સર્જરીઓ પ્રમાણભૂત તબીબી પ્રોટોકોલ મુજબ કરવામાં આવી હતી.

''અમે તપાસમાં સંપૂર્ણ સહકાર આપી રહ્યા છીએ. આ બાબતની સંપૂર્ણ સમીક્ષા સુનિશ્ચિત કરવા માટે અમે તમામ જરૂરી માહિતી અને સમર્થન પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છીએ,'' હૉસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું.

તેમાં જણાવાયું હતું કે દર્દી (બાપુ કોમકર)ને ઘણા કોમ્પ્લિકેશન હતા અને તેમના પરિવાર અને દાતાને સર્જરીના જોખમો વિશે અગાઉથી સંપૂર્ણ સલાહ આપવામાં આવી હતી.

''સર્જરીઓ પ્રમાણભૂત તબીબી પ્રોટોકોલનું પાલન કરીને કરવામાં આવી હતી. કમનસીબે, ટ્રાન્સપ્લાન્ટ પછી પ્રાપ્તકર્તાને કાર્ડિયોજેનિક આંચકો લાગ્યો અને તમામ પ્રયાસો છતાં તેને પુનર્જીવિત કરી શકાયો નહીં,'' એમ તેમાં જણાવાયું છે. ■

# રાજ્ય પ્રધાનમંડળે રાયગઢમાં સૂચિત કેન્સર હૉસ્પિટલ માટે સ્ટેમ્પ ડ્યુટી માફ કરી

મુંબઈ: મહારાષ્ટ્રમાં હેલ્થકેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણના ઉદ્દેશ્યથી લેવામાં આવેલા એક પગલામાં રાજ્ય પ્રધાનમંડળે મંગળવારે રાયગઢ જિલ્લાના ટાટા મેમોરિયલ સેન્ટર દ્વારા સૂચિત કેન્સર હૉસ્પિટલ માટે સંપૂર્ણ સ્ટેમ્પ ડ્યુટી માફીને મંજૂરી આપી દીધી છે.

આ પ્રોજેક્ટના ભાગરૂપે ખાલાપુર તાલુકાના તંબાટી ખાતે આવેલી ૧૦ હેક્ટર સરકારી જમીન ટાટા મેમોરિયલ સેન્ટરને ૩૦ વર્ષના લીઝ પર દર વર્ષે રૂ.૧ના નજીવા ભાડા પર ફાળવવામાં આવી છે. લીઝ એગ્રીમેન્ટ પર લાગુ રૂ.૩૮.૯૯ લાખની સ્ટેમ્પ ડ્યુટી સંપૂર્ણપણે માફ કરી દેવામાં આવી હોવાનું જણાવાયું હતું. આ કેન્દ્ર સંકલિત આયુર્વેદિક કેન્સર હૉસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી રહ્યું છે જેમાં ૧૦૦ બેડની સુવિધા સામેલ હશે.

ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગો માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની આરોગ્ય યોજનાઓ હેઠળ સુવિધામાં ૧૨ ટકા બેડ સબસિડીવાળા દરે અનામત રાખવામાં આવશે. આ ઉપરાંત, દર્દી દીઠ હાજર રહેતી એક વ્યક્તિ માટે નજીવા ખર્ચે રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ માફીથી ટાટા મેમોરિયલ સેન્ટર દ્વારા કેન્સર સંશોધન અને સારવાર સેવાઓના વિસ્તરણને સરળ બનાવશે અને સામાન્ય લોકોને, ખાસ કરીને ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ આસાનીથી મળી શકશે. (પીટીઆઈ) ■

# કૉંગ્રેસની ટીમ મહારાષ્ટ્ર ચૂંટણી પેનલને મળી

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ મંગળવારે રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેને મળ્યા હતા અને રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વોટર વેરિફાયબલ પેપર ઓડિટ ટ્રેલ મશીનોનો ઉપયોગ કરવાની માગ કરી હતી. કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાલ, જેમણે પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું, તેમણે બાદમાં જણાવ્યું હતું કે ચૂંટણી પંચના તાજેતરના વર્તનને કારણે તેની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા અંગે ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે, અને તેમણે પાર્ટીના સાંસદ રાહુલ ગાંધીના ''મત ચોરી''ના આરોપોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે મુંબઈ, નાગપુર, પુણે અને થાણે જેવા મોટા શહેરો સહિત ગ્રામીણ અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં સ્વતંત્ર અને ન્યાયી ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે ઇવીએમ સાથે જોડાયેલા વીવીપેટ મશીનોના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે શાસક પક્ષ (ભાજપનો ઉલ્લેખ) ને ચૂંટણીલક્ષી ગેરરીતિઓમાં મદદ કરવામાં આવી છે, જેનાથી લોકશાહી પ્રક્રિયા નબળી પડી છે. ''વિપક્ષના નેતા રાહુલ ગાંધી (૨૦૨૪) લોકસભા ચૂંટણી દરમિયાન મત ચોરીનો પર્દાફાશ કરી ચૂક્યા છે,'' સપકાલે કહ્યું હતું. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PHASE | ચિડાવવું |
| LEEASE | વીંછળવું |
| RINSE | ગણોતપટ્ટો |
| APPEASE | તબક્કો |
| TEASE | શાંત પાડવા |

## ઓળખાણ પડી?



૧૯૭૧માં ભારતના વેસ્ટ ઈન્ડિઝ - ઇંગ્લેન્ડ સામેના વિજયમાં મહત્ત્વનું યોગદાન આપનારા ઉત્કૃષ્ટ ફિલ્ડર તેમજ ઉપયોગી બેટ્સમેન - બોલરની ઓળખાણ પડી?

અ) એસ. વેંકટરાઘવન બ) સલીમ દુરાની ક) રુસી સુરતી ડ) આબિદ અલી

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'જોયું તો જળમાં લાગી ઝાળ' પંક્તિમાં ઝાળ શબ્દનો અર્થ જણાવો.

અ) ભડકો બ) વહેણ ક) લીલ ડ) પરપોટા

## ગુજરાત મોરી મોરી રે

'પ્રેમ આંધળો છે' મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ઠીકરામાં ઈશ્કનો છેવટે ખાય માર્યો

## માતૃભાષાની મહેક

કેટલીક કહેવતો અત્યંત માર્મિક હોય છે. જેમ કે આગ લગે તો જલકુ કહું, જલ જલે તો કિસકુ કહું? આગ માટે જળ મંગાવાય પણ પાણી સળગ્યું હોય ત્યાં કોને બોલાવાય? બીજી કહેવત છે આગલી દૂભણ સારી, પણ પાછલી દૂભણ માઠી. પ્રારંભની જિંદગીમાં માઠી દશાથી વાંધો ન આવે, પણ પાછલી વયમાં તે આવે તો ભારે પડે.

## ઈર્શાદ

સ્વયં પતનની કેડી ઉપર અહમ્ લઈ ઊભેલો છે,
આ માણસ તો કાદવકીચડ કરતાં પણ બહુ મેલો છે.
- મુકેશ જોશી

## માઈન્ડ ગેમ

આજની તારીખમાં ટેક્નોલોજીમાં હરણફાળ ભરી રહેલા એશિયાઈ દેશ ચીનમાં કઈ રમત સૌથી વધુ લોકપ્રિય છે એ જાણો છો?

અ) હોકી બ) બેડમિન્ટન ક) ચેસ ડ) ટેબલ ટેનિસ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દ | ર | ૨ અ | સ | ૩ લ | | ૪ પુ | ૫ ર | સ્કા | ૬ ર |
| મ | | મ | | ૭ ડા | ૮ મા | ડો | ળ | | ખે |
| ૯ નિ | ૧૦ કા | લ | | ૧૧ વ | ર્ગ | | ૧૨ વા | ૧૩ હ | વા |
| ૧૪ ચ | સ | | ૧૫ સ | | ૧૬ દ | ૧૭ વા | | ૧૮ વા | ળ |
| | ળ | | ૧૯ પ્ર | ૨૦ દ | ર્શ | ન | | લો | |
| ૨૧ ક | | ૨૨ ચ | મા | ર | ન | | ૨૩ મ | | ૨૪ ચ |
| ડ | | ૨૫ કો | ણ | | | ૨૬ દ | ઈ | ૨૭ ના | ક |
| ૨૮ ક | સ | ર | | ૨૯ સા | | ખ | | ૩૦ મ | ના |
| ડ | | | ૩૧ અ | વ | ૩૨ હે | લ | ૩૩ ના | | ચૂ |
| ૩૪ તી | ક | ત | મ | | લ | | ૩૫ કું | ભા | ર |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | | ૫ | | ૬ |
| ૭ | | | | | | ૮ | | | |
| | | ૯ | | | | ૧૦ | | ૧૦-અ | |
| | | | | | ૧૧ | | | | |
| | ૧૨ | | ૧૩ | | | | ૧૪ | | ૧૫ |
| ૧૬ | | | | | ૧૭ | | | | |
| ૧૮ | | | ૧૯ | ૨૦ | | | ૨૧ | | |
| ૨૩ | | | ૨૪ | | | ૨૫ | | | |
| | | ૨૬ | | | ૨૭ | | ૨૮ | ૨૯ | ૩૦ |
| | ૩૧ | | | | | | | ૩૨ | |

### આડી ચાવી

૧. ગેરકાયદેસર વિદેશમાં લઇ જવા તે (૬)
૫. સ્થાપિત કરવું તે (૩)
૭. હંસ (૩)
૮. લગામ, રાત (૨)
૯. હરીફ (૩)
૧૦. યાદગાર (૪)
૧૧. ભભકો, દેખાવ, છટા (૨)
૧૩. અગ્નિની જવાળાઓ (૩)
૧૪. ગુંડો, બદમાશ (૩)
૧૬. સહેજ, થોડું (૪)
૧૭. નાસ્તો (૩)
૧૮. ફાયદો (૨)
૧૯. એક પક્ષી (માદા) (૩)
૨૧. જિદ (૩)
૨૩. શ્રેષ્ઠ (૨)
૨૪. એમાં હું શું --- ? (૨)
૨૫. જીવવા માટે ---- જોઇએ (૨)
૨૮. ગાયબ (૩)
૩૧. આવવું --- જવું (૬)
૩૨. --- પ્રમાણે સાહસ કરવું (૨)

### ઊભી ચાવી

૧. રસાલો, સરસામાન (૪)
૨. ખરાબ (૨)
૩. મૂળ સુધી ઊંડે જવું તે (૪)
૪. શિશુ (૩)
૫. સ્થળ (૩)
૬. ભરણ (૩) (જો. છૂ.)
૮. સરકારી અનાજ (૩)
૧૦અ. પૂર્વજો (૩)
૧૧. શાકભાજી ખાનાર (૪)
૧૨. થોડીવાર માટે (૪)
૧૩. ખૂબ ભરેલું (૪)
૧૪. રસોઇ માટે જોઇએ (૫)
૧૫. મજા, રસ, સ્વાદ (૩) (જો. છૂ.)
૧૬. નાનું તળાવ (૪)
૨૦. લૂખું, નવું, લખ્યા વિનાનું (૨)
૨૬. હોડી (૨)
૨૭. તદ્દન, બિલકુલ (૨)
૨૯. --- આવવા એટલે અદૃશ્ય થવું (૨)
૩૦. નવા, તરતના, સ્ફૂર્તિવંત (૨)

## સુડોકુ-૯૦૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | | ૫ | | |
| ૫ | ૭ | | ૯ | | ૪ | | ૨ | ૬ |
| ૧ | | | | | | | | ૪ |
| ૪ | | ૧ | ૩ | | ૬ | ૮ | | ૨ |
| | | | | | | | | |
| ૨ | | ૭ | ૮ | | ૧ | ૪ | | ૯ |
| ૬ | | | | | | | | ૮ |
| ૭ | ૮ | | ૧ | | ૨ | | ૯ | ૩ |
| | | ૩ | | | ૧ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | ૭ | ૧ | ૮ | ૪ | ૩ | ૫ |
| ૫ | ૩ | ૮ | ૪ | ૯ | ૨ | ૭ | ૧ | ૬ |
| ૪ | ૭ | ૧ | ૩ | ૬ | ૫ | ૮ | ૯ | ૨ |
| ૮ | ૫ | ૨ | ૯ | ૭ | ૧ | ૬ | ૪ | ૩ |
| ૭ | ૬ | ૯ | ૫ | ૪ | ૩ | ૨ | ૮ | ૧ |
| ૧ | ૪ | ૩ | ૮ | ૨ | ૬ | ૯ | ૫ | ૭ |
| ૬ | ૯ | ૫ | ૨ | ૩ | ૪ | ૧ | ૭ | ૮ |
| ૩ | ૧ | ૪ | ૬ | ૮ | ૭ | ૫ | ૨ | ૯ |
| ૨ | ૮ | ૭ | ૧ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ |

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| CAUTION | સાવધાની |
| LESSON | બોધપાઠ |
| MISSION | જીવનલક્ષ્ય |
| PASSION | જુસ્સો |
| TREASON | રાજદ્રોહ |

ઓળખાણ પડી? ડબલ્યુ. જી. ગ્રેસ

માઈન્ડ ગેમ: કેનેડા

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: બેફિકર

ગુજરાત મોરી મોરી રે: પોપાબાઈનું રાજ ને ખરે બપોરે બણગું

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૯) નીતા દેસાઈ (૧૦) હર્ષા મહેતા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) પુષ્પા પટેલ (૧૬) મહેન્દ્ર લોઢાવિયા (૧૭) મીનલ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) નુતન વિપીન શાહ (૨૧) વિપીન શાહ (૨૨) જીત શાહ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) પ્રવીણ વોરા (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) શ્રદ્ધા આશર (૨૭) નિતિન જયંતિલાલ બજરિયા (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) મહેશ દોશી (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) પુષ્પા ખોના (૩૯) અલકા વાણી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ગીતા ઉદેશી (૪૯) પ્રતિમા પમાણી (૫૦) દહેશ સંઘવી

# ટ્રમ્પની અતિરિક્ત ટૅરિફના અમલ સાથે ઑલ રાઉન્ડ વેચવાલીએ સેન્સેક્સે ૮૪૯ પૉઈન્ટના કડાકા સાથે ૮૧,૦૦૦ની સપાટી ગુમાવીઃ નિફ્ટીમાં ૨૫૫ પૉઈન્ટનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજથી (૨૭ ઑગસ્ટથી) ભારતથી આયાત થતાં ઉત્પાદનો પર વધુ ૨૫ ટકા ટૅરિફ અમલી થવાની અમેરિકાએ ડ્રાફ્ટ નોટિસ પાઠવતા આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ઑલ રાઉન્ડ વેચવાલીનું દબાણ વધતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સે ૧.૦૪ ટકા અથવા તો ૮૪૯ પૉઈન્ટના કડાકા સાથે ૮૧,૦૦૦ની સપાટી ગુમાવી હતી, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧.૦૨ ટકા અથવા તો ૨૫૫ પૉઈન્ટ પટકાઈ ગયો હતો. જોકે, સત્ર દરમિયાન એક તબક્કે સેન્સેક્સે ૯૪૯.૯૩ પૉઈન્ટ અને નિફ્ટીએ ૨૭૮.૧૫ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણને કારણે ગબડતી બજારને ઢાળ મળ્યો હતો. તેમ છતાં અમુક અંશે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની લેવાલી રહેતાં બજારમાં વધુ ધોવાણ અટક્યું હતું. એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૯૯૫૧.૩૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૨,૪૧૭.૬૦ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૪૬૬.૨૪ કરોડની વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૩,૩૭૧.૦૯ કરોડની ખરીદી સામે રૂ. ૧૦,૧૯૪.૪૦ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૧૭૬.૬૯ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફેડરલ રિઝર્વના ગવર્નર લિસા કૂકને સત્તા પરથી દૂર કર્યાના અહેવાલને ધ્યાનમાં લેતા અમેરિકી અસ્ક્યામતો તથા ફેડરલ રિઝર્વની સ્વતંત્રતા પરનો વિશ્વાસ ડગમગી જવાથી વિશ્વ બજારોમાં પણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી બજાર વધુ દબાણ હેઠળ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૧,૬૩૫.૯૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૧,૩૭૭.૩૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૦,૬૮૫.૯૮ અને ઉપરમાં ૮૧,૪૫૦.૨૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧.૦૪ ટકા અથવા તો ૮૪૯.૩૭ પૉઈન્ટ ઘટીને ૮૦,૭૮૬.૫૪ના મથાળે બંધ રહ્યો હતો. તેમ જ એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૯૬૭.૭૫ના બંધ સામે ૨૪,૮૯૯.૫૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૬૮૯.૬૦ અને ઉપરમાં ૨૪,૯૧૯.૬૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧.૦૨ ટકા અથવા તો ૨૫૫.૭૦ પૉઈન્ટ ઘટીને ૨૪,૭૧૨.૦૫ના મથાળે બંધ રહ્યો હતો. ટ્રમ્પની અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફની મુદ્દત નજીક આવતાં ખાસ કરીને ફાર્માસ્યુટિકલ, શ્રીમ્પ, એપરલ, લેધર અને જ્વેલરી ઉત્પાદનો જેવાં નિકાસ સંવેદનશીલ ક્ષેત્રના શૅરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ,



વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી, રૂપિયામાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવમાં બાઉન્સબૅક આવતા સાર્વત્રિક સ્તરેથી બજાર દબાણ હેઠળ આવી હોવાનું રેલિગેર રિસર્ચનાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું. તે જ પ્રમાણે જિઓજિત ઈન્વેસ્ટમેન્ટનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે આજે અમેરિકાની પેનલ્ટી ટૅરિફની મુદ્દત પૂરી થઈ રહી હોવાથી તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં રૂપિયામાં સતત ધોવાણ થઈ રહ્યું હોવાથી બજારમાં સાવચેતીનું વલણ જોવા મળી રહ્યું છે. હવે રોકાણકારોની નજર આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે સરકાર જીએસટીમાં સુધારા સહિત તેમ જ વિવિધ ક્ષેત્રો માટે કેવાં પગલાં લે છે તેના પર સ્થિર થઈ છે. ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યોરિટીઝ દ્વારા જાહેર કરવામાં આવેલી ડ્રાફ્ટ નોટિસ અનુસાર ભારતથી આયાત થતાં વપરાશ અથવા તો વેરહાઉસમાંથી પાછાં લીધેલા વપરાશ માટેનાં ઉત્પાદનો પર ૨૭મી ઑગસ્ટથી ૨૫ ટકા અતિરિક્ત ટૅરિફ લાદવામાં આવશે. વધુમાં નોટિસમાં એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે રશિયન ફેડરેશન તરફથી ભીતિને ધ્યાનમાં લેતાં વ્યૂહાત્મક ધોરણે ભારતને લક્ષ્યાંકમાં રાખીને આ પગલુ લેવામાં આવ્યું છે.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૨૪૧ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૧૫૫ શૅરના ભાવ વધીને, ૨૯૭૩ શૅરના ભાવ ઘટીને અને ૧૧૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૦૧ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૦૩ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને ત્રણ શૅરોમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર પાંચ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં હિન્દુસ્તાન યુનીલિવરમાં ૨.૩૮ ટકાનો, મારુતિ સુઝુકીમાં ૧.૭૫ ટકાનો, આઈટીસીમાં ૦.૯૩ ટકાનો, ટીસીએસમાં ૦.૪૯ ટકાનો અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૦.૦૩ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં સન ફાર્મામાં ૩.૪૦ ટકાનો, ટાટા સ્ટીલમાં ૨.૮૮ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૨.૬૭ ટકાનો, ટ્રેન્ટમાં ૨.૪૫ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૦૨ ટકાનો અને બજાજ ફિનસર્વમાં બે ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં બીએસઈનાં સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં એકમાત્ર એફએમસીજી ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય તમામ ઈન્ડેક્સ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૨.૨૪ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૨.૧૦ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૨.૦૪ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૧.૬૮ ટકાનો, હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૧.૬૫ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૧.૬૧ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૫૯ ટકાનો અને પાવર ઈન્ડેક્સમાં ૧.૫૩ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૧.૩૪ ટકા અને ૧.૬૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે એશિયન બજારોમાં હૉંગકૉંગનાં હૅંગસૅંગ, જાપાના નિક્કી, દક્ષિણ કોરિયાના કોસ્પી અને શાંઘાઈના એસએસઈ કોમ્પોઝિટ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ યુરોપના બજારોમાં પણ પીછેહઠ જોવા મળી હતી.

## અમેરિકા તરફથી અતિરિક્ત ટૅરિફની નોટિસ મળતાં રૂપિયો ૧૩ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજથી (૨૭મી ઑગસ્ટથી) ભારતીય ઉત્પાદનોની થતી આયાત સામે ૨૫ ટકા અતિરિક્ત ટૅરિફ લાદવા અંગે અમેરિકા તરફથી નોટિસ આપવામાં આવતા આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બોલાયેલા કડાકા ઉપરાંત ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલી નીકળતાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૨૪ પૈસા નબળો પડ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસાના ઘટાડા સાથે ૮૭.૬૯ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં મોટું ધોવાણ અટક્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૫૬ના બંધ સામે નરમાઈનાં વલણ સાથે ૮૭.૭૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૮૦ અને ઉપરમાં ૮૭.૬૩ની રેન્જમાં અથડાયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસા ઘટીને ૮૭.૬૯ની સપાટીએ બંધ રહ્યો હતો, જ્યારે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ચાર પૈસા ઘટીને બંધ રહ્યો હતો.

અગાઉ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રશિયા સાથેની શાંતિ મંત્રાણામાં કોઈ પ્રગતિ નહીં થાય તો આગામી ૨૭મી ઑગસ્ટથી રશિયા સાથેનાં વેપાર બદલ ભારતથી થતી આયાત સામે ૨૫ ટકા ટૅરિફ ઉપરાંત ૨૫ ટકા અતિરિક્ત ટૅરિફ લાદવામાં આવશે એમ જણાવ્યું હતું. તેમ જ આજથી અમલી થનારા વધારાના ૨૫ ટકા ટૅરિફ અંગેની ડ્રાફ્ટ નોટિસ પણ આપવામાં આવી છે. આ પગલાંને કારણે શ્રમલક્ષી શ્રીમ્પ, એપરલ, લેધર અને જેમ તથા જ્વેલરી ક્ષેત્રની નિકાસ પર અંદાજે ૪૮ અબજ ડૉલરના મૂલ્યની માઠી અસર પડે તેમ હોવાથી આજે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૪૯.૩૭ પૉઈન્ટનો અને ૨૫૫.૭૦ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૪૬૬.૨૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા ઘટીને ૯૮.૩૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪૮ ટકા ઘટીને બેરલદીઠ ૬૭.૭૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ફેડરલના ગવર્નર કૂકને દૂર કરવાના સંકેતે ડૉલર ઈન્ડેક્સ નબળો પડ્યો

## વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૩૯૬ની આગેકૂચઃ ચાંદીમાં ₹ ૨૬૩ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફેડરલ રિઝર્વના ગવર્નર લિસા કૂકને સત્તા પરથી દૂર કરવાની જાહેરાત કરતાં આજે રોકાણકારોમાં અમેરિકી અસ્ક્યામતો અને ફેડરલ રિઝર્વની સ્વતંત્રતા પરનો વિશ્વાસ ડગમગી જતાં વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવ ૦.૨ ટકા વધીને ફરી બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં પણ વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરો પણ વધી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૪થી ૩૯૬ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૬૩ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયાની નરમાઈ સાથે સોનાના ભાવમાં આગેકૂચ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૪ વધીને રૂ. ૧,૦૦,૪૮૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૯૬ વધીને રૂ. ૧,૦૦,૮૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની માગ



શુષ્ક રહી હતી. વધુમાં આજે મધ્યસત્ર દરમિયાન ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ જળવાઈ રહેવાની સાથે જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૯૨ વધી આવ્યા હતા, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક નરમાઈને ધ્યાનમાં લેતા સ્ટોકિસ્ટોની નવી લેવાલી અટકતા અંતે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૨૬૩ ઘટીને રૂ. ૧,૧૫,૮૭૦ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફેડરલ રિઝર્વના ગવર્નર લિસા કૂકની હકાલપટ્ટી કરવામાં આવી હોવાની જાહેરાત સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા જેટલો નબળો પડતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ગત ૧૧ ઑગસ્ટ પછીની ઔંસદીઠ ૩૩૭૧.૩૦ ડૉલરની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ગઈકાલના બંધ આસપાસની ૩૪૧૮ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૮.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ગવર્નર તરીકે સેવા આપતી સૌપ્રથમ આફ્રિકન અમેરિકન મહિલા લિસા કૂકને બોરોઈંગ મોર્ગેજના ગેરરીતિભર્યા વ્યવહારને કારણે સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હોવાની ટ્રમ્પની જાહેરાત સાથે રોકાણકારોમાં અમેરિકી અસ્ક્યામતો અને કેન્દ્રવર્તી બૅન્કની સ્વતંત્રતા પરનો વિશ્વાસ ડગમગી જતાં ડૉલર નબળો પડતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું કેસીએમ ટ્રેડના વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે શક્યતઃ ટ્રમ્પ ફેડરલ રિઝર્વના અધિકારીઓનાં માળખામાં ફેરફાર કરીને હળવી નાણાનીતિ ધરાવનાર વ્યક્તિઓને નિયુક્ત કરવા ઈચ્છી રહ્યા હોય અને જો આમ થાય તો સોનામાં તેજી વેગીલી બની શકે છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે આગામી સપ્ટેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કપાતના સંકેત આપવાની સાથે સાથે ટૅરિફ નીતિને કારણે ફુગાવામાં વૃદ્ધિનું જોખમ પણ હોવાનું જણાવ્યું હતું. જોકે, હવે રોકાણકારોની નજર આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ છે કેમ જે તેની અસર આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકનાં નિર્ણય પર પડી શકે તેમ છે. વધુમાં પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગઈકાલે વિશ્વના સોનાના સૌથી મોટા એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એસપીડીઆર ગોલ્ડ ટ્રસ્ટનું સોનાનું હોલ્ડિંગ ૦.૧૮ ટકા વધીને ૯૫૮.૪૯ ટનની સપાટીએ રહ્યું હોવાના અહેવાલ હતા.

## વિશ્વ બજાર પાછળ દેશી-આયાતી તેલમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૫૩ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં બાવીસ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ તેમ જ હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પણ પાંખાં રહ્યા હોવાથી એકમાત્ર સરસવ તેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ઘટાડો આવ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સિંગતેલમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૫, એએનએના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ તથા જીવનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યા હતા. જોકે, આજે ગોકુલ એગ્રોની સપ્ટેમ્બર ડિલિવરી કોન્ટ્રાક્ટમાં સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૨૦૪ના મથાળે બાયબેકમાં લેવાલી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૦૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૦૦માં અને રાજકોટ મથકે ૧૩૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૭૦માં થયાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સિંગતેલના રૂ. ૧૩૮૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૫ અને સરસવના રૂ. ૧૬૩૦ના મથાળે ટકેલા રહ્યા હતા, વધુમાં ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં થયા હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજની ગણેશ ચતુર્થીની રજા પૂર્વે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી પણ છૂટીછવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૪૨થી ૪૦૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૦૨થી ૪૧૮૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૦૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



## ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો



મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ ૧૨ અને રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ તેની આગેવાની હેઠળ ખાસ કરીને કોપર વાયરબાર સિવાયની અન્ય વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટસ અને ઝિન્ક સ્લેબમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો. આ સિવાય કોપર વાયરબાર, બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એકથી ત્રણ ઘટી આવ્યા હતા તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૩૦૩૫, રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૩૮ અને રૂ. પાંચ વધીને રૂ. ૮૫૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૨૫૯, રૂ. ૮૪૩ અને રૂ. ૫૬૩, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૩૨ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૬૬ અને રૂ. ૨૭૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૯૨૬ અને રૂ. ૧૮૦ના મથાળે અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૬૦૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧૫ના મથાળે ટકેલા રહ્યાંનાં અહેવાલ હતા.

# કચ્છના આદિપુરની તોલાણી આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજના આચાર્યને માથાભારે વિદ્યાર્થીએ થપ્પડ જડી દેતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક સપ્તાહ અગાઉ અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં એક વિદ્યાર્થીએ તેના સહપાઠીની તીક્ષ્ણ પદાર્થ વડે કરપીણ હત્યા કરી હોવાના બનાવના પડઘા હજુ શાંત થયા નથી તેવામાં કચ્છના આદિપુર શહેરની જાણીતી તોલાણી આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા એક માથાભારે વિદ્યાર્થીએ કોલેજના આચાર્યને સરાજાહેર લાફો ઝીંકી દેતાં કચ્છ સહિત રાજ્યભરના શિક્ષણ આલમમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, કોલેજમાં અભ્યાસનો સમય પૂર્ણ થયા બાદ કેટલાક વિદ્યાર્થીઓ પાર્કિંગ પાસેના ઓટલા પર બેસીને યુવતીઓ સામે અભદ્ર વર્તન કરતા હોવા અંગે ફરિયાદો મળતાં પ્રિન્સિપાલ એવા સુશીલ ધરમાનીએ પાર્કિંગની જાત મુલાકાત લીધી હતી. આ વેળાએ અહીં બેઠેલા કેટલાક વિદ્યાર્થીઓને અહીં રજા બાદ બેસવા અંગે ઠપકો આપતાં ઉશ્કેરાઈ ગયેલા અંજારના ખેડોઇ ગામના અર્વસિંહ જાડેજા નામના વિદ્યાર્થીએ તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી જયારે અંજાર તાલુકાના ખોખરા ગામના રાજવીરસિંહ મોહનસિંહ ચાવડા નામના વિદ્યાર્થીએ પ્રિન્સિપાલને 'હું બેન્ચ ઉપર બેઠો હોઉં ત્યારે ત્યાં આવીને આ મુદ્દે જાહેરમાં માફી માંગજો, હું વ્યવસ્થિત નહીં જ બેસું' એમ કહીને તેઓ કાંઈ સમજે તે પહેલાં પૂરું જોર લગાવીને થપ્પડ મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર ઘટના કેમ્પસના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઈ હતી. બનાવ બહાર આવ્યા બાદ રોષે ભરાયેલા ૧૦૦૦થી વધારે કોલેજના છાત્રોએ આચાર્યના સમર્થમાં આદિપુરના પોલીસ મથક સુધી રેલી યોજી હતી અને આરોપી છાત્રોને તાત્કાલિક ઝડપી પાડવા માગણી કરી હતી. આદિપુર પોલીસે આ બંને વિદ્યાર્થીઓ વિરુદ્ધ આચાર્યે નોંધાવેલી ફરિયાદના આધારે ગુનો નોંધ્યો હતો. ■



ગણેશોત્સવ દરમિયાન ઘરમાં ગણેશ સ્થાપન કરવામાં આવે છે. રાજકોટમાં મોટી સંખ્યામાં લોકો ગણેશજીની મૂર્તિ ખરીદવા માટે ઉમટ્યા હતા. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છની અત્યંત સંવેદનશીલ કોરી ક્રીક પાસેથી ઝડપાયેલા ૧૫ પાકિસ્તાની ઘુસણખોરોને ભુજ જેઆઇસીના હવાલે કરાયા

ભુજઃ સરહદી સલામતી દળ (બીએસએફ) દ્વારા કચ્છના અરબી સમુદ્રની અત્યંત સંવેદનશીલ કોરી ક્રીક પાસેના બીબીકા કુવાના બોર્ડર પીલર નંબર ૧૧૭૫ અને ૧૧૭૬ પાસેથી ગત શનિવારે મોડી સાંજે ૧૫ જેટલા પાકિસ્તાની ઘુસણખોરોને પકડવામાં આવ્યા હતા. આ ઘુસણખોરોને બાદમાં લખપતના દયાપર પોલીસ મથકને સોંપવામાં આવ્યા હતા. જો કે વધુ તપાસ અર્થે ભુજના જોઈન્ટ ઇન્ટરોગેશન સેન્ટરને હવાલે કરી દેવાયા હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે સત્તાવાર માહિતી મુજબ, બે એન્જીનવાળી બોટમાં ભારતની જળ સીમામાં ઘુસી આવેલા મોટાભાગના પાકિસ્તાનીઓ સિંધ પ્રાંતના સુજાવલ તાલુકાના છે જેમાં ફીયાઝ હસન ભોરીયા, ૨૫, રેનલ મીર મોહમ્મદ ભોરીયા ૨૫, ગફુર આચાર ભીએનું મલા ૩૦, સોધમ યાસીન ભોરીયા ૨૫, ઈશાક ભીયેન ભોરીયા ૨૦, સલીમ ઇબ્રાહીમ ભોરીયા ૨૦, અશરફ ગની ભોરીયા ૨૦, ઉર્ષ યાકુબ ભોરિયા ૫૦, મુસ્તાક આચાર મલાર ૩૫, કરીમ ઓઘા ભોરીયા ૨૫, હમજા અબ્દુલા જાકુબ ભોરીયા ૪૨, બચલ ગુલમામદ ભોરીયા ૨૫, અનસર રમજાન ભોરીયા ૨૦, જબાર ઓસમાન ભોરિયા ૨૫, આમદ ખમીસા થેમોર ૪૦નો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનની 'મોડ્સ-ઓપરેન્ડી' પ્રમાણે માછીમારોના સ્વાંગમાં, માછીમારોની બોટને મોટેભાગે હરામી નાળા કે કોરી ક્રીકના દરિયાઈ રસ્તે ભારતીય સીમમાં ઘુસાડવામાં આવે છે અને એક વખત ભારતીય સીમામાં ઘુસી આવ્યા બાદ તેમાંથી કેટલાક ત્રાસવાદીઓ પોતાના સ્થાનિક સંપર્કોની મદદથી ભારતના શહેરોમાં પહોંચી જાય છે.■

# કચ્છમાં વીતેલા ૨૪ કલાકમાં વધુ બેનાં મોત નીપજતાં પંથકમાં અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં અપમૃત્યુની ઘટનાઓનો વણથંભ્યો સિલસિલો યથાવત્ રહેતો હોય તેમ વીતેલા ૨૪ કલાકમાં વધુ બેના મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી. નખત્રાણા તાલુકાના મોટી વિરાણીના રામજી શિવજી બળિયા નામના ૬૦ વર્ષીય વૃદ્ધને ટ્રેઇલર સાથે અકસ્માત નડતાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જયારે ભુજ તાલુકાના સણોસરાની વાડીમાં ઝેરી દવા ગટગટાવ્યા બાદ,આંબાના વૃક્ષ પર ગળેફાંસો ખાઇને ૧૮ વર્ષીય સંગીતા નવીન ગોયરાએ આપઘાત કરી લેતાં ચકચાર પ્રસરી હતી.

મોટી વિરાણીના રામજી બળિયા મોટરસાઇકલ પર સવાર થઈને જઈ રહ્યા હતા ત્યારે અચાનક સામેથી પૂરપાટ આવતા ટ્રેઇલરએ તેમને ટક્કર મારી દેતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ વૃદ્ધનુ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. ટ્રેઇલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે. બીજી તરફ, ભુજ તાલુકાના સણોસરા ગામના વાડી વિસ્તારમાં પંચમહાલના શ્રમિક પરિવારની ૧૮ વર્ષીય પુત્રી એવી સંગીતાએ કોઈ અકળ કારણોસર આંબાના વૃક્ષ પર રબરની દોરી વડે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૃતદેહની બાજુમાં પાકમાં છાંટવાની ઝેરી દવાની શીશી પણ મળી આવી હતી. માનકુવા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ છાનબીન આદરી છે. ■

# દેશનો પ્રથમ ઓનસાઈટ હાઈબ્રિડ રિન્યૂએબલ ઊર્જા પ્રોજેક્ટ કચ્છમાં શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સિમેન્ટ અને રેડીમિક્સ કોંક્રિટનું નિર્માણ કરતી જાણીતી અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડે કચ્છના અબડાસા તાલુકાના વાયોર નજીક સેવાગ્રામ સિમેન્ટ વર્ક્સ ખાતે તેના ઇન્ટિગ્રેટેડ સિમેન્ટ મેન્યૂફેક્ચારિંગ યુનિટમાં ૭.૫ મેગાવોટનો રાઉન્ડ-ધ-ક્લોક (આરટીસી) હાઇબ્રિડ રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ કાર્યરત કર્યો છે.

આ ઇનોવેટિવ સોલ્યુશન ગ્રીડ પાવર ઉપર કોઈ પણ નિર્ભરતા વગર સિમેન્ટ ઉત્પાદન પ્રક્રિયામાં સતત ઊર્જા પૂરી પાડવા માટે બેટરી સ્ટોરેજ સાથે ટ્રેકર્સ અને પવન ઊર્જા તેમજ બાયફેશિયલ મોડ્યુલનો ઉપયોગ કરીને સૌર ઊર્જાને એકીકૃત કરી રહ્યો છે. આ પ્રકલ્પને ક્લીન એનર્જી સોલ્યુશન્સ કંપની જેંટારીનાં સહયોગથી અમલમાં મૂકવામાં આવ્યો હતો. ઉત્સર્જનમાં ઘટાડો અને ઊર્જા ખર્ચ ઓપ્ટિમાઇઝેશનના સંદર્ભમાં અદ્યતન સિસ્ટમ એકીકરણને દર્શાવનારો બિહાઇન્ડ-ધ-મીટર સિસ્ટમ તરીકે સ્થાપિત આ પ્રોજેક્ટ ઔદ્યોગિક વીજ વપરાશમાં ભારતનો પ્રથમ પ્રકલ્પ છે સતત ક્લીન એનર્જી પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે અમલમાં મુકાયેલો આ પ્રોજેક્ટ ભારતના ક્લીન એનર્જી ટ્રાન્ઝિશનમાં નવાં ધોરણો સ્થાપિત કરે છે. ■



રાજકોટના લોકોની સુરક્ષા અને સલામતીને ધ્યાને લઈ રાજકોટ પોલીસ તંત્ર દ્વારા રાજકોટ માર્કેટિંગ યાર્ડ બેડી ખાતે આજ રોજ તારીખ ૨૬-૦૮-૨૦૨૫ ને મંગળવાર રોજ સવારે ૮:૦૦ વાગ્યે વિનામૂલ્યે હેલ્મેટ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# પૂર્વ કચ્છમાંથી ૭.૭૦ લાખનો શરાબ જપ્ત, શરાબના જથ્થા સહિત ચાર શખ્સોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ નશાખોરીનું જાણે હબ બની ચૂક્યું હોય તેમ લગભગ દરરોજ વિવિધ પ્રકારના ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં પૂર્વ કચ્છમાં સ્થાનિક ગુન્હાશોધક શાખા દ્વારા બે જુદી-જુદી કાર્યવાહીઓને અંજામ આપીને કુલ રૂ.૭,૭૦,૮૨૦ના મૂલ્યના શરાબના જથ્થા સમેત ચાર શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી.

પૂર્વ બાતમીના આધારે ગાંધીધામ નજીકના મચ્છુનગર પુલ આસપાસ વોચ ગોઠવીને સર્વિસ રોડ પર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમ્યાન અહીંથી પસાર થઇ રહેલી બે કારને રોકવામાં આવી હતી. બે કાર પૈકીની ક્રેટા કારમાંથી કુલ રૂ.૬,૬૫,૭૬૦નો શરાબનો જથ્થો મળી આવ્યો હતો. રાજસ્થાન ઝાલોરના વિકાસ ભંવરલાલ બિશ્નોઈ (ચીલેરી), રામનિવાસ મોહનલાલ બિશ્નોઈ (ખીચડ) તથા નંબર પ્લેટ વગરની બલેનો કારમાંથી આ જથ્થાને લેવા આવેલા વિનોદ ઉર્ફે વિનુ ફફલની ધરપકડ કરી લેવામાં આવી હતી.

આ શરાબનો જથ્થો પકડાયેલા આરોપીઓને નરેશ ઉર્ફે નરેન્દ્ર કાલુરામ બિશ્નોઈ (ખિચડ)એ આપ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

દારૂ પકડવાની બીજી કાર્યવાહી ગાંધીધામના પડાણા ખાતે હાથ ધરવામાં આવી હતી જેમાં અહીંના હરિઓમ નગરમાં આવેલા મકાન નંબર ૬૬ પર દરોડો પાડીને ૧,૦૫૦૬૦ના મૂલ્યનો શરાબ-બિયરનો જથ્થો અંકે કરી લઈને મનુભા વિઠુભા વાઘેલા નામના શખ્સની ધરપકડ કરી લેવામાં આવી હતી.

આરોપીઓ વિરુદ્ધ એન.ડી.પી.એસ એક્ટ તળે ગુનો નોંધી, પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ■

# વીજ તંત્રના વ્યાપક દરોડાઃ અંજાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી ૪૦.૮૦ લાખની વીજચોરી ઝડપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં કરોડો રૂપિયાની બેરોકટોક થઇ રહેલી વીજચોરી પર લગામ લગાડવા માટે, વીજતંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવેલી ઝુંબેશ અંતર્ગત અંજારના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ફરી વળેલી પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની કોર્પોરેટ વિજિલન્સ શાખાએ ૨૭૮ જેટલા વીજ જોડાણનું સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં ૬ વાણિજ્યિક અને ૨૯ જેટલા રહેણાકોમાં થઇ રહેલી કુલ રૂ.૪૦.૮૦ લાખની વીજચોરી પકડાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, પૂર્વ કચ્છ પીજીવીસીએલ વર્તુળ કચેરીએથી પ્રાપ્ત વિગતો મુજબ, ગત સોમવારે વહેલી સવારથી પીજીવીસીએલની કોર્પોરેટ વિજિલન્સની ટુકડીએ પોલીસને સાથે રાખી અંજારના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ચેકિંગ હાથ ધર્યું હતું. અંજાર શહેરના હેમલાઇ ફળિયા, મુખ્ય બજાર અને વિજયનગર વિસ્તારમાં, જયારે ગ્રામ્ય વિસ્તારમાં નાની અને મોટી નાગલપર, સિનુગ્રા, મેઘપર (બોરીચી) અને મેઘપર(કુંભારડી)ના રહેણાક વિસ્તાર તેમ જ ગળપાદર ગામમાં કુલ ૨૭૮ જેટલા જોડાણોને ચેક કર્યા હતા જેમાંથી ૩૫માં ગેરરીતિ છતી થઇ હતી અને કુલ રૂ. ૪૦,૮૦,૦૦૦ની વીજ ચોરી ઝડપાઇ હતી. જો કે વહેલી સવારે અચાનક ચેકિંગ હાથ ધરાતાં નાગલપર ખાતે ટુકડી જોડે સામાન્ય ઘર્ષણ થયું હતું અને ગ્રામજનો પીજીવીસીએલ કચેરી ધસી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# મોદક પ્રિય, સુદ મંગલ દાતાઃ ગણપતિ બાપાના પ્રસાદ માટે તૈયાર કરાયા અવનવા મોદક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશભરમાં જયારે ગણેશ મહોત્સવનો પ્રારંભ બુધવારથી શરૂ થઇ રહ્યો છે ત્યારે કચ્છમાં પણ ઠેર-ઠેર ગણપતિ મહોત્સવના મંડપો અને ગણેશ બાપાની મૂર્તિઓ જોવા મળી રહી છે. લોકો આ મૂર્તિઓ હોંશે હોંશે ખરીદીને પોતાના ઘરે ગણપતિ બાપાની સ્થાપના કરશે. ગણપતિ બાપાને મોદક એટલે કે લાડુ બહુ પ્રિય છે તેથી કચ્છભરની મીઠાઈઓની દુકાનમાં જુદા-જુદા પ્રકારના મોદકો બનાવવામાં આવી રહ્યા છે.

ભુજમાં એક કંદોઈ દ્વારા આ વખતે જુદા-જુદા પ્રકારના મોદક બનાવાયા છે અને મોટી સંખ્યામાં લોકો આ મોદકનો ભોગ ધરાવશે. મોતીચુર મોદક, મોદક કેસર, કચ્છી મોદક, સ્ટ્રોબેરી મોદક, માવા કેસર મોદક તેમજ બેસનના મોદક તૈયાર કરાયા છે. એટલું જ નહિ, ગણેશ બાપાની 'ખાદ્ય' મૂર્તિઓ,સૂકા મેવા ખાસ કરીને કાજુનો ઉપયોગ કરીને આ વખતે બનાવાઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું. આનંદની વાત તો એ છે કે, ગણપતિ બાપાને ધરાવવાના પ્રસાદ, મોદકની કિંમતમાં આ વર્ષે ખાસ વધારો કરાયો નથી. દરમ્યાન, ભુજની બજારોમાં આજે ગણેશ મહોત્સવની પૂર્વ સંધ્યાએ લોકો મોટી સંખ્યામાં ગણપતિ બાપાની મૂર્તિઓ, પૂજાપા, ફૂલહાર અને પ્રસાદ માટે મોદકની ખરીદી કરી રહ્યા છે. ■

# મુંદરાનામાં જિંદાલ-સો પાઈપ કંપનીએ ૬૦૦ જેટલા કામદારોને છૂટા કરતા કામદારોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા તાલુકાના સમાઘોઘા ગામમાં કાર્યરત જિંદાલ સો-પાઇપ કંપનીના એકમમાં વર્ષોથી ફરજ બજાવતા ૬૦૦ જેટલા કામદારોને એક ઝાટકે ઘરભેગા કરી દેતાં રોષે ભરાયેલા કામદારોએ એકમના ગેટ સામે એકત્ર થઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ઉગ્ર બનેલા આ મામલાને ઘટનાસ્થળે દોડી ગયેલી પોલીસે માંડ થાળે પાડયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, જિંદાલ સો-પાઇપ કંપનીના બે યુનિટ કોઈ કારણોસર બંધ કરી દેવામાં આવ્યા હોઈ, ગત રવિવારની મોડી રાત્રે અહીં વર્ષોથી ફરજ બજાવી રહેલા ૬૦૦થી વધારે કામદારોને એસએમએસ મારફતે તત્કાળ ફરજ મુક્તિનો સંદેશો કરી દેવાયો હતો. બીજા દિવસે વહેલી સવારે શ્રમિકો એકમના મુખ્ય ગેટમાં પોતાના અંગૂઠા વડે 'પંચ' કરતાં તેમનો કોડ લોક કરી દેવામાં આવ્યો હતો. જોત જોતામાં વિફરેલા શ્રમિકોનું ટોળું એકત્ર થઇ ગયું હતું અને સૂત્રોચાર થવા માંડતા આ કંપનીના કર્તાધર્તાઓએ મુંદરા પોલીસને જાણ કરતાં લાવ લશ્કર સાથે પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને માંડ મામલાને શાંત પાડ્યો હતો.

છુટા કરાયેલા કામદારના જણાવ્યા અનુસાર આ કંપનીના કુલ ૧૨૬૦ જેટલા કામદારો કામ કરતા હતા, જેમાંથી આગોતરી જાણકારી વિના માત્ર એસ.એમ.એસ મોકલાવીને ૬૦૦ જેટલા મુંદરાના સમાઘોઘા, ભુજના ભુજપુર, બરાયા ઉપરાંત મોટા પ્રમાણમાં ઉત્તર પ્રદેશ બિહાર અને ઝારખંડના માસિક ૧૫૦૦૦ના વેતનમાં કામ કરતા શ્રમિકોને છુટા કરી દેવાયા હોવાનું રડતા અવાજે કામદારે ઉમેર્યું હતું. ■

# ભાવનગરના અલંગ માં એકજ ખોલીમાં રહેતા મિત્રએ રૂ.૩૮૦૦/- માટે મિત્રનું ઢીમ ઢાળી દીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના અલંગમાં પ્લોટ નંબર ૨૪- ૦સામે એકજ ખોલી મા સાથે રહેતા મિત્રએ મિત્રની હત્યા કરીને ફરાર થઈ ગયાની ઘટના સામે આવી છે. આ બનાવની જાણ પોલીસને મોડેથી થઇ હતી.મૃતક ને પી.એમ માટે ભાવનગર ખસેડવામાં આવ્યો છે.પડોશ માં રહેતા ઇસમ ને પોલીસે ફરિયાદી બનાવ્યો છે. કારણકે મૃતક એકલો જ અહીં રહેતો હતો.

ખૂનના આ બનાવ અંગે વિગતો એવી છે કે ભાવનગર જિલ્લાના અલંગ શિપ યાર્ડના પ્લોટ નં.૨૪ /૦ ની સામે મજૂરોને રહેવા માટે ખોલીઓ આવેલ છે. ખોલીમા યુ.પી.થી અહીં પેટીયું રળવા આવેલ યોગેન્દ્ર માલી સૈની (ઉં.વ.૫૧) અને તેની સાથે આજ ખોલીમાં ઝારખંડ નો ટેક્લાલ મહંતો બંને સાથે રહેતા હતા. બંને વચ્ચે મોડીરાત્રે રૂ.૩૮૦૦ ના મામલે ઝઘડો થયો હતો. જેને લઈ ટેક્લાલ મહંતો એ મોઢા અને માથાના ભાગે બોથડ પદાર્થ હથિયાર તરીકે ઉપયોગ કરીને મારી દેતા લોહી લુહાણ હાલતે યોગેન્દ્ર સૈની જમીન પર પડીને મોત ને ભેટ્યો હતો. આ ઘટના પોલીસના ધ્યાને આવે તે પહેલા જ પોતાની સાથે જ રહેતા શ્રમિકને મોતને ઘાટ ઉતારી આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે પાડોશમાં રહેતા પરપ્રાંતીય સુનિલ નામના ઇસમ ની ફરિયાદ નોંધીને હત્યારાને શોધવા ક્વાયત હાથ ધરી છે.■

# બગસરાના સાપરમાં ભાઈએ સગી બહેનની હત્યા કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બગસરાના સાપર ગામમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. એક ભાઈએ તેની જ સગી બહેનની છરીના ઘા મારીને હત્યા કરી હતી. આ હત્યા પાછળનું કારણ આરોપીની દીકરી અને મૃતક મહિલાના પુત્ર વચ્ચેનો પ્રેમસંબંધ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોક ફેલાઈ ગયો હતો અને ચકચાર મચી ગઈ હતી.

મળતી વિગત પ્રમાણે, મૃતક મહિલાના સગા ભાઈ નરેશભાઈ ખીમજીભાઈ ચૌહાણે આ હત્યાને અંજામ આપ્યો હતો. હત્યાનું કારણ મૃતક મહિલાના દીકરા અને આરોપી નરેશભાઈની દીકરી ખુશી વચ્ચેના પ્રેમસંબંધને ગણવામાં આવી રહ્યું છે. બંને વહેલી સવારે ઘરેથી નીકળી ગયા હતા, જેનાથી નરેશભાઈ રોષે ભરાયા હતા અને પોતાની સગા બહેનની છરી વડે હત્યા કરી હતી.

ઘટનાની જાણ થતાં જ બગસરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતકની ડેડબોડીને પોસ્ટમોર્ટમ માટે બગસરાની હૉસ્પિટલમાં ખસેડી હતી. એએસપી જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો દ્વારા આરોપીની ધરપકડ માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. આરોપી પકડાયા બાદ હત્યાનું સાચું કારણ જાણવા મળશે. ■

# વિદ્યાર્થીએ આપઘાત કરતાં રાજકોટની બી.એ. ડાંગર કોલેજ ફરી વિવાદમાં આવી

અમદાવાદઃ રાજકોટની જાણીતી બી.એ. ડાંગર કોલેજ ફરી એકવાર વિવાદમાં આવી હતી. હોમિયોપેથીના વિદ્યાર્થીએ આપઘાત કરતાં ચકચાર મચી ગઈ હતી. વિદ્યાર્થી ધર્મેશ કળસરિયાએ કોલેજ સંચાલકોના કથિત ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી હોવાનો આરોપ લાગતાં ભારે ચકચાર મચી ગઈ હતી.

ધર્મેશના પરિવાર અને મિત્રોનું કહેવું છે કે કોલેજ મેનેજમેન્ટ તેને સતત હેરાન કરતું હતું, જેના કારણે તેણે આ પગલું ભર્યું હતું. આ ઘટના બાદ વિદ્યાર્થીઓમાં ભારે ગુસ્સો જોવા મળ્યો હતો અને પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, આ કોલેજ પહેલા પણ ઘણા વિવાદોમાં રહી ચૂકી છે. પોલીસ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરે તેવી લોકોએ માંગ કરી હતી. ■